કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક · આદ્યતંત્રી : રવિશંકર રાવળ



ફૂદડી
ચિત્રકાર • ભાનુ સ્માર્ત

સંપાદક : બચુભાઈ રાવત · વર્ષ વીસમું અંક ચોથો · એપ્રિલ · ઓગણીસસો તેંતાલીસ · સળંગ અંક

૨૩૨



ટપાલની કેટલીક નવતર ટિકિટો (શ્રી હરિલાલ બૅંકરના સંગ્રહમાંથી

ઉપલી હાર: પહેલી ચાર ટિકિટો સ્પૅનિશ મોરોક્કોએ પોતાના આંતરવિગ્રહની શતાબ્દી પ્રસંગે કાઢેલી ૧, ૨, ૫ અને ૧૦ સેન્ટની ટિકિટો તેમાં પહેલી બેમાં સોલ્જરનું, ત્રીજીમાં ફ્રૂપરનું અને ચોથીમાં વૉલન્ટીઅરનું ચિત્ર છે. છેલ્લી ત્રણ ટિકિટો મેક્સિકોએ ૧૯૩૯–૧૯૪૦માં વસ્તીગણત્રી કરી તે સમયે કાઢેલી, જેમાં પહેલી બે સેન્ટની ટિકિટમાં મોટાં મકાનો, બીજી પાંચ સેન્ટની ટિકિટમાં ખેતીવાડીની ખીલવણીનું સૂચન તથા છેલ્લી દસ સેન્ટની ટિકિટમાં એક હાથમાં માલનું બંડલ ને બીજા હાથમાં ડૉલર વડે વ્યાપારનું સૂચન કરતાં ચિત્રો છે. નીચલી હાર: પહેલી બે આફ્રિકાની વૂર ટ્રેકર મેમોરિયલની છે, ત્રીજી સ્વિટ્ઝરલૅન્ડની રેડક્રૉસને સ્મરણાંકિત કરતી ૧૯૩૯ની ટિકિટ છે અને છેલ્લી ઉત્તર અમેરિકાના એકમાત્ર ફ્રેન્ચ સંસ્થાન મિકવેલનની રાજધાની સેંટ પીઅરીની ટિકિટ છે, જેમાં બરફની વસાહતનો ખ્યાલ આલેખ્યો છે



'વિષબિંદુઓ': વિનોદચંદ્ર બચ્ચ (અમદાવાદ)-કનેજના ઈનામ

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

આ મહિને પણ એકેય ચિત્ર ઈનામને પાત્ર ઠરતું નથી. આવેલા સંગ્રહમાંથી 'વિષબિન્દુઓ' નવીન જ વિષયને નિરૂપતું હોવાથી તેને કનેજના-ઇનામ મળે છે. જંતુફોટોગ્રાફીનો એ સારો પ્રયત્ન ગણાય. ચિત્ર બહુ જ નજીકથી અગર પોર્ટ્રેટ લેન્સ કે પ્રૉક્સાર લેન્સ ચડાવીને પાડેલું હોઈ વીંછીના આગળના ચીપિયા અસ્પષ્ટ આવ્યા છે. આવા વિષયો લેતી વખતે ડાયાફ્રામ વધારે ઝીણો રાખીને પ્રમાણમાં એક્સ્પોઝર વધારવાથી ફોકસિંગની આ ક્ષતિ દૂર થશે.

'કુમાર'ની ફોટોગ્રાફી-હરીફાઇના નિયમો સંબંધે ગયે મહિને અમે ધ્યાન ખેંચ્યું છે કે હરીફો તેનું પૂરું પાલન કરતા નથી. એ નિયમો અમે 'કુમાર'ના ૧૬૨મા અંકમાં આપી ગયા છીએ તે વાંચી જવાની અગર એક આનાની ટપાલની ટિકિટ બીડીને તેની છાપેલી પત્રિકા મંગાવી લેવાની સૌ હરીફોને અમારી ભલામણ છે. હવે પછીથી એ નિયમોમાંના કોઈનો પણ ભંગ કરનાર ફોટોગ્રાફી-હરીફાઈમાં સ્થાન પામી શકશે નહિ. **બલવન્ત ભટ્ટ**



ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

પ્રકીર્ણ

વિભાગો

મુદ્રક·બચુભાઈ રાવત. પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના. મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



ઉદ્યાનલીલા
ચિત્રકાર · ગોકુલ કાપડિયા



વાસંતી
શિલ્પકાર · યુસુફઅલી મર્ચન્ટ



સ્વરનો શોધક

ચિત્રકાર : પી. આર. રાય

વર્ષ ૨૦ **કુમાર** અંક ૪

એપ્રિલ · ૧૯૪૩

ઉલ્લાસને

· મિશ્ર ·

ઉલ્લાસ હે! આવ હવે તું આવ.
પળે પળે વાદળની ઘટાને
વિદારતી વીજ પ્રકાશધારે
આવંતઃ તું એમ હવે પધાર.

જુવાળ વા જેમ અચંત સાગરે,
વંટોળિયો જેમ વને વને ફરે,
વા ભાંગતું જેમ નદીકિનારા
ધસી રહે પૂર પ્રચંડ ધારા,
અષાઢનાં નીર સવેગ આવે
વા આભમાંથી અવિરામ, તેમ
તું આવ, ઉલ્લાસ! હવે તું આવ.

ભાળું નિરાશા અહીં મોત-છાયા
વ્યાપી ગઈ વાદળ શી વિદાર
એ વીજ શો તુંઃ બહુ યે કિનારા
રોકી ઊભાં વ્હેણ-બધોય વેગ;
એ તોડ તું પૂર પ્રચંડ લાવી
ને દે ફરી જીવનને વહાવી.
ઉરે ઉરે જે અહીં શુષ્કતા પડી
અષાઢ શો તું વરસાવ ત્યાં ઝડી.
ઉલ્લાસ હે! આવ મહાન આવ,
ને કષ્ટની પામરતા જણાવ.

પ્રહ્લાદ પારેખ

ભેરુને

· શિખરિણી ·

ઉચેરા શૃંગેથી ધરણીહૃદયે જે ધુઘવતો,
મહાતોફાની ને ગહન વમળે ક્ષુબ્ધ ધસતો,
પછાડા મારી પથ્થરભીંજવવા વ્યર્થ મથતો,–
તને જોતાં જાણે સ્મરી રહું મહા ધોધ વહતો.

વનોની કુંજોની કુસુમિત લતાના પરિમલે,
તરંગી એકાંતે, ગભરુ મધરાતે કુટિરમાં
અકેલો વીણાના કરુણમધુરા કંપિત સ્વરે
કશું ધીમે ગાતો તુજમહીં લહું કિન્નર સખે!

તુફાની સિંધુનાં અકલિત તુફાનો હૃદયમાં
શમાવી, તેં ધારી ચિરગભીરતા ગર્જનતણી.
ગમે હૈયું તારું જલધિ સમ માઝા સુહવતું
જહીં ઊંડે રત્નો સમ પ્રગટ માનવ્ય પ્રભુતા.

સખે! કુંજેકુંજે જનકુલદ્રુમે સાંપ્રતતણું
વિષાદોનું પીને વિષ, વહવજે જીવનસુધા.

વેણીભાઈ જ. પુરોહિત

તારું સ્મિત

· વસંત-સ્રગ્ધરા ·

તારે હતું હૃદય ભવ્ય વિરાટ ગાન
ને માહરું સકલ છેક હતું પ્રશાન્ત;
કિન્તુ થયા ઉર કશા તુજ કોડ એવા
મારે ઉરે હૃદય તારું સમર્પી દેવા!

મારું જ્યહીં હૃદય મૂળથી મૂઢ સાવ
ત્યાં શી લગીર પ્રતિસ્પંદ તણી ય આય?
ને આદર્યું વિરલ તાંડવ નૃત્ય રોષે
તેં; તોય ના હૃદય માહરું મૂઢ ડોલે!

થંભી ગઇ, વ્યરથ નૃત્ય ગયું, પરંતુ
ના આશ છોડી મુજ અંતરસ્પંદનાની;
ને આખરે મધુરવા સ્મિત વાટ ત્યાં તું
વ્હાવી રહી સતત સંગીતલ્હેર ઝીણી!

ત્યાં આ મારે કશું કૈં
હૃદય સળકતું? મંદ્ર ઝંકાર શા આ?
ધીરે ધીરે ઉઠન્તા
અકલ મુજ ઉરે સ્પંદ જાણ્યા કદી ના!

જશભાઇ કા. પટેલ

માગું

· મંદાક્રાન્તા ·

જાણું છું કે સર, ઉપવનો, નિર્ઝરો રમ્ય ક્યાં છે,
જાણું છું કે ગહન ગિરિ ને કાનનો ઘોર ક્યાં છે;
ચક્ષુહીણાં ચરણ વળિયાં કિન્તુ ભેંકાર વાટે,
અંધારામાં નયન રવડ્યાં તારલા પેખવાને.

જે તીર્થોનાં દરશન કરી નેત્રસાર્થક્ય વાંછ્યું
તેની જ્યાં સંસ્મૃતિ તુટી ગઇ પાય ત્યાં તો કરે શું?
માગું! મારા ચરણયુગલે શક્તિ ને સ્ફૂર્તિ નેત્રે
સંગે માગું સ્મૃતિ સતત હો તીર્થની પંથ-માટે.

તનસુખ ભટ્ટ

સામયિક ચિંતન

દીપ્ત-દીપ-દીક્ષા*

[આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેન]

તંત્રશાસ્ત્રોમાં બે પ્રકારની દીક્ષાઓની ચર્ચા છે: સ્પર્શદીક્ષા અને દીપ્ત-દીપ-દીક્ષા. પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે, પરંતુ તે સ્વયં પારસ બની શકતું નથી. તે બીજાને સ્પર્શ કરી તેને સોનું બનાવી નથી શકતું. એટલે તે બહુ ઊંચી વાત ન ગણાય. પરંતુ સળગતો દીવો બીજા નહિ સળગેલા દીવાને સ્પર્શ કરતાં તે જળહળી ઊઠે છે અને તેનો પ્રકાશ પ્રથમ દીપના જેટલો જ હોય છે, એટલું જ નહિ પણ બીજા અનેક દીવાઓ પ્રકટાવવાની શક્તિ પણ તેનામાં આવી જાય છે. આ દીપ્ત-દીક્ષા થઈ. પૂર્ણાભિષિક્ત સાધકે આવી દીક્ષા લેવી પડે છે.

હું આશા રાખું છું કે આ વિદ્યાપીઠમાં તમો સૌ એવી દીપ્ત-દીપ-દીક્ષા લેવા આવ્યા છો. એવી દીક્ષાથી જેઓ દીક્ષિત થયા હોય તેઓ ન ભૂલે કે ભારતીય જ્ઞાનની તપસ્યા કોઈ વ્યક્તિગત સુખસમૃદ્ધિ માટે નથી; એ તો સર્વના અભ્યુદય માટે છે, અને આવા જ હેતુથી પ્રાચીન કાળમાં બ્રહ્મચારીની તપસ્યાની જરૂરિયાતો સમાજ પૂરી પાડવી પડતી હતી. અને બ્રહ્મચારી પણ સ્નાતક થયા બાદ પોતાની વિદ્યા પોતાના સ્વાર્થ માટે વેચી શકતો નહિ. તેની એ વિદ્યા સમસ્ત સમાજની સંપત્તિ બની રહેતી. આ વિષયમાં પશ્ચિમી જ્ઞાનસાધનાથી ભારતીય જ્ઞાનસાધના એકદમ નિરાળી પડે છે. ત્યાં વિદ્યા વ્યક્તિગત સંપત્તિ ગણાય છે અને તે પર ધંધો થઈ શકે છે; ભારતવર્ષમાં એવું નથી.

અહીંના ગુરુ જોકે અકિંચન રહેતા તોપણ સમાજમાં એમનું ગૌરવ પારાવાર હતું. મનુષ્યને વધારાનું ધન પોતાનો મહિમા વધારવાને જોઈએ છે. ભારતવર્ષમાં એ મહિમા આપોઆપ ગુરુઓને મળ્યા કરતો હતો, એટલે તેઓ ધનની બહુ આકાંક્ષા પણ ન કરતા. યુરોપ અને અમેરિકામાં ગુરુઓનું એવું સન્માન નથી, એટલે તેની ખોટ પૂરવા રૂપિયા ભરવામાં આવે છે. આથી જ યુરોપ-અમેરિકા મોટા પગારોના બળ પર ગુરુઓ મેળવે છે, ને ભારતવર્ષ સન્માન અને ભક્તિના બળ પર. પણ આપણી ભયંકર દુર્દશા તો એ છે કે ન તો આપણે આપણી પૂર્વપરંપરા અનુસાર ગુરુજનોને ભક્તિ કે સન્માન દઈ શકીએ છીએ, ન તેમને યુરોપની પેઠે પુષ્કળ ધન. આનું પરિણામ એ આવ્યું છે કે આપણા સમાજના જે સર્વોત્તમ મનુષ્યો છે તેઓ આ જ્ઞાનદાનના કાર્યમાં જોડાતા નથી; કારણકે તેમાં ધનની આશા યે નથી, તેમ નથી માન કે સંતોષ. તેથી જેમને કોઇ ક્ષેત્રમાં કામ નથી મળતું એવાઓજ આપણા દેશમાં આજે શિક્ષણકાર્યમાં જોડાવા લાગ્યા છે. 'येषां क्वापि गतिर्नास्ति तेषां वाराणसी गतिः'

આમ, આપણી ઊગતી પેઢીને અધિકાંશ ક્ષેત્રોમાં આપણા સર્વોત્તમ મનુષ્યોનો લાભ મળતો નહિ હોવાથી દિવસોદિવસ સમાજનું ચિન્મય જીવન ક્ષીણ થતું જાય છે. કોઈ પોતાના સંતાનના દૂધમાં મેલું જળ ભેળવે તો એથી વિશેષ મૂઢતા બીજી કઈ? પણ આપણે એવું જ કરી રહ્યા છીએ. આવી દુર્ગતિમાંથી બચવાને સમાજને મારે એટલું ખાસ કહેવાનું છે કે જો તમે અર્થ આપી ન શકો તો પોતાના હૃદયની સર્વોત્તમ ભક્તિ આ કાર્યના વ્રતધારી લોકોને જરૂર દ્યો. નહિ તો આપણાં સંતાનોને માટે ઉત્તમ પથ-પ્રદર્શક મેળવવાની આશા હમેશ માટે છોડી દેવી. અને જે લોકોને જ્ઞાનની દીક્ષા મળેલી છે તેમને ખાસ કહેવાનું એટલું કે દારિદ્ર્યવહન કરીને પણ તમે તમારા દેશના પ્રાચીન ગુરુઓના મહાન આદર્શોને અવિચલિત ચિત્તથી અપનાવી લ્યો. તમારું કાર્ય તપસ્યાનું છે, તમારો માર્ગ કઠણ છે; તમારું વ્રત એ સંસારનું સૌથી અધિક પવિત્ર અને કઠોર વ્રત છે. એક તો આપણે દરિદ્ર છીએ, અને વળી અધઃપતિત. જો સમાજ આ પ્રાર્થના નહિ સાંભળે, જો ભાવી શિક્ષકો મારી આ કરગરતી પ્રાર્થના નહિ સાંભળે તો સમાજના માલિક ભગવાન જ છે.

દીપ્ત-દીપ-દીક્ષાની મોટામાંમોટી વિશેષતા એ છે કે આ દરિદ્ર દેશને માટે એથી ચડિયાતી ચીજ કોઈ જ નથી; કારણકે આ દીક્ષામાં જે દીક્ષિત થયા તે પોતે એકએક વિશ્વવિદ્યાલય છે. તેમની આસપાસ સહયોગી કે કામ કરનારોનું દળ હોય કે ન હોય, મોટાં મકાનો કે ઇમારતો હોય યા ન હોય, પણ એ પોતે જ કોઈ બાહ્ય સાધન વિના સર્વસાધારણ લોકને પ્રદીપ્ત કરતા રહેશે.

> નાનો શો ને કોમળો નોળિયો કે
> પીંખી નાખે કોપતા કાળસર્પ;
> તેવી નિષ્ઠા પૌરુષે પ્રાણવંત
> પીંખી નાખે કાળસંયોગ કોપ્યા.
>
> તનસુખ ભટ્ટ

તે એક જગ્યાએ હોય તો ફરીફરીને પ્રવાસ કરીને સર્વત્ર એક વિશ્વવિદ્યાલયના રૂપમાં વર્તમાન બનશે. વૈદિક યુગના વસિષ્ઠ, જનક ને યાજ્ઞવલ્ક્ય જેવા મોટામોટા ગુરુગણ શું ઉપદેશ માટે કોઇ મોટી લાંબી-પહોળી આલીશાં ઈમારતોની અપેક્ષા રાખતા હતા? શ્રીકૃષ્ણનું વિશ્વવિદ્યાલય તો યુદ્ધક્ષેત્રમાં જામ્યું હતું. વાંસની ઘટાઓ નીચે બેસીને બુદ્ધ અને મહાવીરે કેટલા યે ઉપદેશો આપ્યા હતા. જરથુસ્ત્ર, ખ્રિસ્ત, મહંમદ, બધાની બાબતમાં એક જ વાત છે. ગ્રીસના સુકરાત (સૉક્રેટિસ) વગેરે આચાર્યો પણ એવી જ મામૂલી જગ્યા પર કાર્યનો આરંભ કરતા. ભારતના શંકર, રામાનુજ, નાગાર્જુન આદિ પંડિત, યા કબીર, રૈદાસ, દાદુ આદિ નિરક્ષર જ્ઞાની સન્તજનો કોઈ ઈમારત કે વિશાળ ભવનની પરવા નહિ કરતા. તમે દરેક જણ એવા 'ચાલતા–ફરતા' વિશ્વવિદ્યાલય બની જાઓ. ઉડિસા (ઓરિસ્સા)માં મહાત્મા લોકોને 'ચલન્ત વિષ્ણુ' કહે છે, એ વાત મને બહુ ભાવપૂર્ણ લાગી છે. જેમ પ્રત્યેક જંગમ સાધુ શિવને ધારણ કરીને ફરે છે, તેમ તમારામાંની પ્રત્યેક વ્યક્તિ સંપૂર્ણ વિશ્વવિદ્યાલયના વાહક થાઓ.

દીપ્ત-દીપના ઉદાહરણથી મેં તમને વ્યક્તિગત સાધનાની વાત કહી છે; પણ એ એક સામુહિક સાધના પણ છે. પૃથ્વીની દીપાવલિમાં એક દીપનો બીજા દીપ સાથે યોગ હોય યા ન હોય, પણ આપણા શિર ઉપર જે જ્યોતિષ્મતિ દીપાવલિ આકાશમાં જ્વલંત છે તેમાં પરસ્પર ખૂબ નિબિડ યોગ છે જ.

* શાંતિનિકેતન વિશ્વભારતીના આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેને મુંબઈની હિંદી વિદ્યાપીઠના પદવીદાન સમારંભે આપેલા દીક્ષાન્ત ભાષણમાંથી.

ચંદનમૂર્તિ

પોતાના જીવનવ્યાપી ધ્યેયને પાર પાડવાના માનવીના વ્યાકુળ ભાવોન્માદની વાર્તા



'બૌદ્ધ ભિખ્ખુ' બોલતાં જે ચિત્ર આપણી સામે ખડુ થાય છે તે આજના સામાન્ય બંગાળીના ચહેરાને જરા યે મળતું નથી. અને આજે જેની વાત લખવા બેઠો છું એ ભિખ્ખુ અભિરામ માત્ર જાતિએ જ બંગાળી હતો એટલું જ નહિ, પણ ચહેરેમહોરે પણ એ પૂરેપૂરો બંગાળી હતો:

વાર્તાના પ્રારંભમાં જ જણાવી દેવું જરૂરી છે કે હું અહીં ભિખ્ખુ અભિરામનું અથથી ઇતિ સુધીનું જીવનચરિત્ર લખવા નથી ઈચ્છતો, અને ઇચ્છતો હોઉં તો એ શક્ય પણ નથી. એનો કુટુમ્બ કે જાતિ-પરિચય હું કદિ યે પામ્યો નથી. એ બંગાળીમાંથી ક્યારે અને કેમ બૌદ્ધ બન્યો એની યે મને ખબર નથી. માત્ર એક વર્ષની ઓળખાણે એનો જે પરિચય હું પામ્યો છું, એનું બંધન એક દિવસ અણચિન્તવ્યી પરિસ્થિતિમાં પડી કઇ રીતે સદાને માટે તૂટી ગયું, એ જ લંબાણ કર્યા વિના ટૂંકાણમાં તમારી પાસે રજૂ કરીશ.

આપણો દેશ ધર્મોન્મત્તતાનો અખાડો છે. ધર્મને નામે માથા આપાયા–કપાયાની વાત અહીંને માટે જૂની છે. પરન્તુ ભિખ્ખુ અભિરામના હૃદયમાં આ ધર્મ-પ્રેમ જે વિચિત્ર રૂપે જન્મ્યો હતો તે પૂર્વે કદી–કયારે યે દેખાયો નથી, અને ભવિષ્યમાં કદી દેખાશે એવો સંભવ પણ નામનો જ છે.

ભિક્ષુ અભિરામ સાથે મારી પહેલી મુલાકાત થઈ હતી ઇમ્પીરિયલ લાયબ્રેરીમાં-ચારેક વર્ષ પરની વાત છે. ત્યારે મેં બૌદ્ધ યુગના ઇતિહાસનો અભ્યાસ તાજો જ શરૂ કરેલો. એક દુષ્પ્રાપ્ય બૌદ્ધ ગ્રંથ શોધવા જતાં જોયું તો તે પહેલેથી એ લઇને બેઠા હતા.

ધીરે ધીરે એમની સાથે ઓળખાણ થઈ. લાંબા, પાતળા ને મુંડિત મસ્તકવાળા એ પુરુષનાં વસ્ત્રો આછાં પીળાં હતા. ઉંમર ચાળીસની અંદર અંદર જ લાગતી હતી. એમની વાતચિત ને બોલવું ખૂબ જ મીઠું હતું. હાસ્ય તો એ દૂબળા શુષ્ક, ચહેરા પર સદા યે હોય જ; ને સાથે આપણા દેશના સાધારણ ઉદાસી સંપ્રદાયવાળાઓના' જેવો એક નિર્લિપ્ત અનાસક્ત ભાવ. એમ છતાં એમને સાધારણ કહી અવગણી નહિ શકાય. એમની આંખોમાં બરાબર ધ્યાન દઇને જોઇએ તો તરત ખબર પડી જાય કે એમાં એક પ્રબળ દુર્દમનીય આકાંક્ષા જેવું કંઈક સદા યે ચમકયા કરે છે.

બંગાળી બૌદ્ધ ભિખ્ખુ વર્તમાનકાળમાં પણ હોઈ શકે છે એ કલ્પના યે અગાઉ કદી મનમાં નહોતી જન્મી, એથી પ્રથમ દર્શને જ એમના તરફ આકર્ષાયો. ધીરે ધીરે ઓળખાણ ગાઢ થઈ. એ અવારનવાર, વેળા–કવેળા મારે ઘેર આવવા લાગ્યા. બૌદ્ધ શાસ્ત્ર વિષે એમનું જ્ઞાન જેટલું ઊંડુ હતું તેટલું બૌદ્ધ ઇતિહાસ વિષે નહોતું. તેથી બુદ્ધના જીવન વિષે કોઈ નવી વાત જાણતાં તુરત મને આવીને એ વાત જણાવતા. મારી ઐતિહાસિક શોધખોળ વિષેની એમની આતુરતાનો પણ અન્ત નહોતો. કલાકોના કલાકો સ્થિરપણે બેસી મારૂં ભાષણ એ સાંભળતા રહેતા અને એમની આંખોમાં એ જ ખદ્યોત-પ્રકાશ ચમકતો રહેતો.

ખોરાક વિષે એમનો કોઈ સિદ્ધાંત નહોતો. મારે ઘેર આવતા ત્યારે ગૃહિણી લગભગ દરેક વેળા ભક્તિપૂર્વક એમને જમાડતી અને એ કંઈ જ વાંધા-વિરોધ વિના માછલાં-માંસ બધું જ જમતા. એક દિવસ મેં પૂછ્યું ત્યારે ઝાંખું હસી એણે કહેલું, 'હું ભિખ્ખુ છું. ભિક્ષાપાત્રમાં જે આવે તે મારે ખાવું જ રહ્યું; એમાંથી કોઈ ચીજ તારવવાનો મને હક્ક નથી. તથાગતના પાત્રમાં એક દિવસ એમના શિષ્યે સુવરનું માંસ નાખેલું. પણ એમણે ખાધેલું', ને એ બોલતાં ભિખ્ખુની બંને આંખો અશ્રુએ ભરાઈ આવી.

લગભગ છસાત મહિના પછી એક દિવસ એના હૃદયની અંતરતમ વાત હું જાણી શકયો. મારે ઘેર બેઠાંબેઠાં અમે બૌદ્ધ શિલ્પની વાતો કરતા હતા. ભિખ્ખુ અભિરામ કહેતા હતા, 'હિન્દમાં અને હિન્દ બહાર બુદ્ધની કોટિ કોટિ મૂર્તિઓ છે. પણ એ બધી યે એમની ભાવ-મૂર્તિ છે. ભક્ત શિલ્પીએ જે ભાવે ભગવાન તથાગતની કલ્પના કરી છે, એ રીતે પત્થર કોતરી તેની મૂર્તિ ઘડી છે. બુદ્ધની સાચેસાચી આકૃતિનો તેમને કોઇને ખ્યાલ જ નહોતો.'

મેં કહ્યું: 'મને તો લાગે છે કે હતો. તમે જોયું તો નક્કી હશે જ કે બુદ્ધની મૂર્તિઓ લગભગ બધી જ એકજ પ્રકારની છે. અલબત્ત સહેજ-સાજ ફેરફાર એમાં હોય છે, પણ બધામાં એક સાદૃશતા જ દેખાય છે, મોટામોટા કાન, માથે વાંકડિયા વાળ, હૃષ્ટપુષ્ટ દેહ. આટલું તો બધી યે મૂર્તિઓમાં જણાય છે. આનું શું કારણ? એમના પ્રાકૃતિક ચહેરા વિષે નક્કી શિલ્પિઓ જાણતા જ હતા. એમ ન હોત ને માત્ર કાલ્પનિક મૂર્તિ હોત તો આટલી સાદૃશ્યતા ન આવી શકત. એક વાસ્તવિક ખ્યાલ તો એમને હતો જ!

પૂરેપૂરૂં મન દઇને મારી વાત સાંભળ્યા પછી ભિખ્ખુ અભિરામ થોડીવાર શાન્ત રહ્યા, અને પછી ધીરે ધીરે બોલ્યા, 'કોણ જાણે બુદ્ધદેવ જીવંત હતા ત્યારે તો એમની મૂર્તિ નહોતી ઘડાઈ. ત્યારે શિલ્પ-સ્થાપત્ય નહોતું જન્મ્યું. બુદ્ધ-મૂર્તિનો બહોળો પ્રચાર થયો ગુપ્ત યુગથી, ઈસ્વી સનના ચોથા સૈકાથી. અર્થાત બુદ્ધનિર્વાણ પછી લગભગ સાતસો વર્ષ પછી. આ સાતસો વર્ષ દરમ્યાન એમની આકૃતિ માણસ કઈ રીતે યાદ રાખી શકયો ? બૌદ્ધ શાસ્ત્રોમાં પણ એમના ચહેરાનું એવું કોઈ વર્ણન નથી કે જે પરથી તેમનું એક સ્પષ્ટ ચિત્ર આંકી શકાય. તમે જે સાદૃશતાની વાત કરો છો એ તો સંભવ છે કે શિલ્પીની એક માન્યતા હોય. પ્રથમ એક કોઈક પ્રતિભાશાળી શિલ્પીએ એની ભાવ-મૂર્તિ કાઢી હશે. ત્યાર બાદ યુગપરંપરાથી એ મૂર્તિનું અનુકરણ થયા કરે છે'. ભિખ્ખુએ એક ઉંડો નિશ્વાસ મૂકયો, 'ના–એનો વાસ્તવિક ચહેરો માનવી ભૂલી ગયો છે. તુતંખ આમેન ને આમેનહોતેપની શિલામૂર્તિઓ છે, પણ બોધિસત્વના દિવ્ય દેહની પ્રતિમૂર્તિ નથી.'

હું બોલ્યો, 'હા, માનવીની સ્મૃતિ ઉપર જેનો કાંઈ હક્ક નથી તેઓ જ પત્થરમાં પોતાની પ્રતિમાઓ કોતરાવી રાખી ગયા છે, પણ જે મહાપુરુષ છે તે તો માત્ર માનવીના હૃદયમાં જ અજરે અમર થઇને રહે છે. આ જ જુઓને! ઈશુનો વાસ્તવિક ચહેરો કેવો હતો તેની કોઇને ખબર જ નથી.'

એ બોલ્યા, 'બરાબર છે. આથી જ કેટલાં હજારોનાં હજારો માનવી એમનો જન્મ્યો જોવા વરસોવરસ તીર્થયાત્રા કરે છે. તેઓને જો વાસ્તવિક પ્રતિમૂર્તિ–પ્રતિમાની ખબર પડત તો તેઓ શું કરત?

લાગે છે કે તો તેઓ આનંદથી પાગલ જ બની ગયા હોત!'

આ વખતે એની આંખ તરફ મારી નજર ગઈ. અંગ્રેજીમાં જેને 'ફૅનૅટિક' કહે છે એવી જ એની દૃષ્ટિ હતી. જે ઉગ્ર એકાગ્રતા માનવીને શહીદ બનાવી દે છે એવી જ સર્વગ્રાસી તન્મયતાની આગ એની આંખમાં જલતી હતી. એની બેઉ આંખો મારા તરફ જ જોઇ રહી હતી ખરી, પરંતુ એનું મન તો અઢી હજાર વરસોનો ગાઢ પડદો ચીરી એક દિવ્ય પુરુષની તેજસ્વી મૂર્તિ શોધીને પાછું ફરતું હતું.

એ ઓચિન્તા બોલવા લાગ્યા, 'ભગવાન બુદ્ધના દાંત, વાળ ને નખ જોયા છે; થોડા દિવસ માટે એક અપરૂપ આનન્દના મોહમાં ઘેરાએલો હતો. પણ છતાં એથી મન ન ભરાયું. કેવો હશે એમનો પરિપૂર્ણ દેહ? કેવી હશે એમની આંખની જ્યોતિ? એમના કંઠની વાણી—જે સાંભળી એક દિવસ સિંહાસન છોડી રાજા રાહમાં આવી ઊભો રહેલો, ગૃહસ્થ વધુ, પતિ-પુત્ર ત્યજીને ભિખ્ખુણી બનેલી-? એ કંઠની અમૃતમય વાણી જો એકવાર સાંભળવા મળી હોત—'

દુર્દમ્ય આવેગે એનો કંઠસ્વર રૂંધાઇ ગયો હતો. જોયું તો એનાં શરીરનાં રૂંવે-રૂંવાં ઊભાં થઇ ગયાં હતાં, બે ઊંડી ગએલી આંખોમાંથી અજ્ઞાતપણે આંસુની ધારા વહેતી હતી. વિસ્મયથી હું થંભી ગયો; આવા અલ્પ કારણે આટલો બધો ભાવાવેશ ક્યારે યે સંભવિત નહોતો લાગતો. સાંભળ્યું હતું ખરૂં કે કૃષ્ણ નામ સાંભળતાં જ કયા કયા વૈષ્ણવની કેવી કેવી સ્થિતિ થએલી, માનતો નહોતો; પણ ભિખ્ખુનો આ અપૂર્વ ભાવોન્માદ જોઇ હવે વધુ વખત તેને અવમાની ન શક્યો. ધર્મની આ બાજુ કોઈ દિવસ પ્રત્યક્ષ નહોતી કરી; આજે જાણે ઓચિન્તી આંખ ઉઘડી ગઇ.

બાહ્યજ્ઞાનશૂન્ય ભાવે ભિખ્ખુ બોલવા લાગ્યા, 'ગૌતમ! તથાગત! અર્હત્વ મારે નથી જોઈતું; નિર્વાણની યે મને ઇચ્છા નથી. એકવાર દર્શન દે મને તારા સ્વરૂપનું. સત્યમ્ શિવમ્ સુન્દરમ્નું, જે દેહે તમે આ પૃથ્વી પર વિચરેલા એ દૈવી દેહનાં એકવાર મને દર્શન આપો. બુદ્ધ! તથાગત—'

મને સમજ પડી. કે માત્ર બૌદ્ધ ધર્મે નહિ, પણ ખુદ એ કાળજયી મહાપુરુષે જ ભિખ્ખુ અભિરામને ઉન્માદિત કર્યા હતો.

બિલ્લીપગલે હું ઘરબહાર નીકળ્યો. આવી આત્મ-વિસ્મૃતિ વ્યાકુળતા જોઈ હું બેસી રહી ન શક્યો. હું કંઈક અપરાધ કરતો હોઉં એમ મને લાગ્યું.

ધર્મોન્મત્તતા એ વસ્તુ જ સંક્રામક છે. મારામાં પણ એ અજ્ઞાતપણે જન્મી હોય એમ મને લાગ્યું. તેથી, ઉપરના બનાવ પછી થોડે દહાડે એક દિવસ ફા-હિયાનની પ્રવાસકથાના પાનાં ફેરવતાં ફેરવતાં અચાનક એક જગ્યાએ હું અટકી ગયો. મારી નજર જાણે ત્યાં ચોંટી જ ગઈ; આનંદ અને ઉત્તેજનાએ હું નાચી રહ્યો. 'ફા-હિયાન' અગાઉ પણ વાંચ્યો હતો, પણ આ વસ્તુ એ વખત કેમ આંખે નહિ ચડી હોય?

એ જ દિવસે બપોર પછી ભિખ્ખુ અભિરામ આવી ચડ્યા. ઉત્તેજનાને માંડ માંડ દાબી ફા-હિયાનની પ્રવાસકથા ઉઘાડીને જ્યાં મારી નજર અટકી ગએલી તે પાનું ખોલી પુસ્તક તેમના હાથમાં આપ્યું. એમણે આતુરતાપૂર્વક પૂછ્યું, 'શું છે આમાં?'

'વાંચી જુઓ' કહી મેં પેલી લીટી ના આંગળી વતી એમને દર્શાવી. એમણે એ વાંચવા માંડી ને હું એમના મોં તરફ નિહાળવા લાગ્યો,-ધારીધારીને જોવા લાગ્યો.

"વૈશાલીથી બારસો પગલાં દૂર દક્ષિણમાં વૈશ્યાધિપતિ સુદત્તે દક્ષિણ બાજુએ એક વિહાર તૈયાર કરાવ્યો હતો. વિહારની ડાબી-જમણી બાજુ નિર્મળ જળથી ભરપૂર પુષ્કરિણી, અનેક વૃક્ષો અને વિવિધરંગી સુગન્ધી પુષ્પો અપૂર્વ શોભા અર્પતાં ઊભાં હતાં. આ જ હતો જેતવન-વિહાર.

બુદ્ધદેવે જ્યારે તેત્રીસમા સ્વર્ગે જઇ તેમની માતાના હિતાર્થે નેવું દિવસ ધર્મપ્રચાર કર્યો હતો, ત્યારે પ્રસન્નજિતે એમના દર્શનાભિલાષી થઇ ગોશીર્ષ ચંદન-કાષ્ટ એમની એક મૂર્તિ તૈયાર કરાવી, જે સ્થાને સામાન્યરીતે એ બેસતા ત્યાં સ્થાપિત કરાવેલી. બુદ્ધદેવ સ્વર્ગેથી પાછા ફરતાં આ મૂર્તિએ બુદ્ધદેવ સાથે એની સરખામણી કરવા પોતાનું સ્થાન છોડ્યું. બુદ્ધદેવે ત્યારે મૂર્તિને કહેલું કે' જા, તું તારા સ્વસ્થાને પાછી ફર; મને નિર્વાણ પ્રાપ્ત થયે તું મારા સર્વ શિષ્યો માટે આદર્શ થઇશ.' આટલું સાંભળતાં જ મૂર્તિ પાછી ફરી. એ મૂર્તિ જ બુદ્ધદેવની સૌથી પહેલી પ્રથમ મૂર્તિ હતી અને એને જોઇને જ તે પછી બીજી મૂર્તિઓ ઘડાએલી.

બુદ્ધ-નિર્વાણ પછી એક વખત આગ લાગતાં જેતવન-વિહાર ભસ્મીભૂત બનેલો. રાજા અને પ્રજા ચંદન-મૂર્તિનો નાશ થએલો જાણી અત્યંત દુઃખી થએલા. પણ ચાર-પાંચ દિવસ પછી પૂર્વ બાજુના ક્ષુદ્ર વિહારનાં દ્વાર ખોલતાં ચંદન-મૂર્તિ ત્યાં નજરે પડી. સૌએ આનંદિત હૃદયે ભેગા મળી વિહાર ફરીથી તૈયાર કરવા પણ લીધું. અને એમાં બે માળ બંધાયે એમણે બુદ્ધદેવની એ પ્રતિમૂર્તિને સ્વસ્થાને ફરીથી સ્થાપી. .."

તન્દ્રામૂઢની જેમ આંખો પુસ્તક પરથી ઉપાડી ભિખ્ખુએ મારા તરફ જોયું ને અસ્પષ્ટ સ્ખલિત સ્વરે પૂછ્યું, 'ક્યાં છે એ મૂર્તિ!'

મેં કહ્યું, 'ખબર નથી. એ ચંદન-મૂર્તિનો ઉલ્લેખ બીજે ક્યાં યે જોયો-સાંભળ્યો હોય એવું યાદ નથી.'

એ પછી લાંબો વખત અમે બંને મૂંગામૂંગા બેસી રહ્યા. આવા સામાન્ય ખબરે ભિખ્ખુના અન્તરના અન્તસ્તલ સુધી અનહદ તુફાન મચાવી મૂકેલું એ હું અનુમાને કળી શક્યો. અને ઘણું કરીને હું યે મનોમન આનંદના એક પ્રબળ ઉચ્છ્વાસની એમની પાસેથી આશા રાખતો હતો; અને એથી આ રીતે અકલ્પનીય વાત સામે આવતાં તેઓ શું કહેશે, શું કરશે એ જોવા-જાણવાનું મને કુતૂહલ હતું. પરંતુ એમણે કંઇ જ ન કર્યું લગભગ અર્ધો કલાક એમ ને એમ શાન્ત બેઠા રહ્યા પછી એકદમ ઊભા થઇ ગયા. એમની આંખોમાં તરતના જ ગ્રબકીને જાગેલા જેવી વિહ્વળ દૃષ્ટિ હતી,-કોઈ બાજુએ એમણે જોયું નહિ, રાત્રે સ્વપ્નમાં કોઇનો સાદ સંભળાતાં ઊંઘતો માણસ જેમ પથારી છોડી એકલોએકલો બહાર નીકળી જાય, તેજ રીતે ઘર છોડી એ ચાલ્યા ગયા.

ત્યાર બાદ ત્રણ મહિના સુધી એ દેખાયા નહિ.

ઓચિંતા પોષ મહિનાની અધવચ્ચે એક દિવસ મૂર્તિમંત ધરતીકંપની જેમ આવીને એમણે મારી સ્થિરતાની પાકી દિવાલને એવી તો હચમચાવી દીધી કે એ પહેલાં એની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. ઓછામાં ઓછું આવું દુઃસાહસિક કામ કરવા હું કદિ યે તૈયાર થઈશ એનો તો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

એ બોલ્યા, 'પત્તો લાગ્યો છે.'

મેં આનંદપૂર્વક એમને આવકાર આપ્યો, 'આવો, આવો; બેસો.'

એ બેઠા નહિ. ઉત્તેજિત અવાજે બોલવા લાગ્યા, 'મળી છે, વિભૂતિ બાબુ; એ મૂર્તિ ખોવાઇ નથી, આજે-હજુ યે છે.'

'એ શું? ક્યાંથી મળી?'

'હજુ મળી નથી. પ્રાચીન વૈશાલીના ભગ્નાવશેષ જ્યાં પડ્યા છે એ ખંડેરો તરફ ગયો હતો. જેતવન-વિહારનું કંઈ જ બચ્યું નથી. માત્ર ઈંટ અને પત્થરનો મોટો ખડક ત્યાં પડ્યો છે. છતાં એમાંથી જ મને પત્તો લાગ્યો કે એ મૂર્તિ હજુ છે!'

'કઇ રીતે જાણ્યું?'



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૧]

અબજો વર્ષ પહેલાં આ પૃથ્વી એક સળગતો તારો હતી. તે ઠરીને ધીમેધીમે તેનું બંધારણ ઘટ્ટ થતું ગયું અને તે પછી તેના પર વાતાવરણ સરજાવા માંડયું. એ વાતાવરણની વરાળ ઠરતાં તે પર પાણી ઉત્પન્ન થયું, ને પછી એ પાણીમાં પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી આશરે ત્રણેક કરોડ વર્ષ પર અસ્તિત્વમાં આવી. એનો ધીમેધીમે જે ક્રમવિકાસ થતો ગયો તેના, એ જીવસૃષ્ટિના પ્રકાર ઉપરથી, વૈજ્ઞાનિકોએ જુદાજુદા યુગ પાડયા છે. એ જીવસૃષ્ટિ સૌપ્રથમ છીછરાં પાણીમાં એક કોષવાળા છોડ ને જલ-જીવ રૂપે પ્રકટી. વખત વીતતો ગયો તેમ વાદળી બનાવનારાં જીવડાં, જેલી ફિશ નામની પોચી માછલી, પરવાળાંનાં જીવડાં અને ટ્રાઈલોબાઈટ તથા ગૅસ્ટ્રોપૉડ નામના શરીર બહાર હાડકાંનાં કઠણ કોટલાંવાળા જીવ તેમાં સરજાયા. આ જીવ-સૃષ્ટિની સાથે વનસ્પતિ-સૃષ્ટિ પણ પાંગરી. દરિયાઈ ઘાસ, છોયા વગેરે પાણીમાં થયાં અને ઘોડાપુચ્છ જેવી વનસ્પતિ તથા શેવાળ વગેરે જમીનકિનારા આગળ પ્રગટવા લાગ્યાં. આ યુગને વૈજ્ઞાનિકોએ કૅમ્બ્રિયન અને ઑર્ડોવીશિયન યુગ કહ્યો છે.

તે પછી આવ્યો સિલુરિયન યુગ, જે આશરે ૧૮,૦૦૦,૦૦૦ વરસ ઉપર શરૂ થઇને ૩,૦૦૦,૦૦૦ વર્ષ સુધી ચાલ્યો હોવાનું ટેવાય છે. એ યુગમાં, ઉપલા યુગવાળી જીવસૃષ્ટિ વધારે મોટું અને વધારે સ્પષ્ટ સ્વરૂપ લેતી ગઈ. કરચલા, દરિયાઈ વીંછીની જાતનાં માછલાં અને શાર્કના રૂપના મત્સ્યો પ્રકટતા ગયા અને વનસ્પતિમાં પણ ફર્ન જેવા છોડ ઊગતા થયા.

આ પડખેનું ચિત્ર એ, તે પછીના, આશરે ૧૫,૦૦૦,૦૦૦ (દોઢ કરોડ) વરસ પરના ડેવોનિયન યુગનું છે. હવે સિલુરિયન યુગનાં માછલાં કદ અને વિવિધતામાં વધવા લાગ્યાં અને તેમના પરનાં ભીંગડાં તથા તેમનાં પૂછડાંના ઘાટ બધાવા લાગ્યાં. એ ઉપરાંત બખ્તર જેવાં કોટલાંવાળા અને દાંતાળાં જડબાંવાળા મત્સ્યો પણ પ્રકટવા માંડયા. પરવાળાંનાં ને વાદળીનાં જીવડાં, સ્ટાર-ફિશ, સી-લિલી (દરિયાઇ કમળ) નામની માછલી, મૉલ્યુસ્કિસ, સી-અર્ચિન વગેરે તો હતાં જ, ને ઉત્તરોત્તર વધતાં જતાં હતાં. દરિયાઇ વનસ્પતિ પણ પ્રકાર અને પ્રમાણમાં હવે વધવા લાગી હતી અને કિનારાની વનસ્પતિઓ પણ ફાલતી હતી. એ બધાંનાં ઘાટ-રૂપ કેવાં હતાં તે સામેના ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. કરોડો વરસ પહેલાં ખડકો ને કોલસાના થરોમાં 'ફૉસિલ' રૂપે દટાઇ-દટાઇને તેમના જે આકાર છપાએલા મળી આવે છે તેના આધારે આ (ને હવે પછીના હપતાઓમાં આવનારી) આકૃતિઓ આલેખાઇ છે.

(COURTESY : WORLD OF WONDER)

'એક શિલાલેખ પરથી. એક ભગ્ન-મંદિરમાંથી એક પત્થર ખસી પડેલો. એની પાછલી બાજુએ આ લખાણ કોતરેલું હતું' કહી એમણે કાગળની એક ચબરખી મને આપતાં ઉત્તેજના-અવરુદ્ધ સ્વરે બોલવું શરૂ કર્યું: 'જેતવનવિહારનો ધ્વંસ થયા બાદ ઘણુંકરીને એના જ પત્થરો દ્વારા આ મંદિર બંધાયું હતું. આ મંદિર પણ પાંચસો-છસો વર્ષનું જૂનું હશે. અત્યારે એમાં કોઈ મૂર્તિ નથી. એક વિરાટ પીપળો એને અજગરની જેમ વીંટાઇને એનાં હાડપીંજરનો ભીંસીને ભૂક્કો કરી રહ્યો છે.—પત્થરાઓ ખસી—ઘસી પડે છે. એવા જ એક પત્થર પર આ લખાણ કોતરેલું હતું.'

કાગળ એમની પાસેથી લઈ હું જોવા લાગ્યો. લગભગ દસથી અગિયારમી સદીની પ્રાકૃત ભાષામાં એ લખાણ લખેલું હતું. ભિખ્ખુ તેની આબેહુબ નકલ કરીને લાવ્યા હતા. શિલાલેખની પ્રતિલિપિ વાંચી તેનો અર્થ બેસાડતા મહેનત ન પડી. એનો અર્થ આમ હતો:

"હાય તથાગત! સદ્ધર્મ માટે આજ મહાભયંકર દુર્દિનો આવ્યા છે. જે જેતવન-વિહારમાં તેં તારી યુવાવસ્થાનાં પચીસ વર્ષ વીતાવેલાં, તેની આજે કેવી—કેટલી શોચનીય દુર્દશા થઈ છે! ગૃહસ્થજનો આજે તારા શ્રમણોને ભિક્ષા નથી આપતા. રાજકુળો તારા વિહારો પ્રત્યે શ્રદ્ધાવિહીન બન્યા છે. પૃથ્વીના પટેપટમાંથી પહેલાંની જેમ વિનય—ધમ્મ—સુત્તના અધ્યયનને માટે જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ હવે અહીં નથી આવતા. તથાગતના ધર્મનો ગૌરવ-મહિમા લગભગ અસ્ત થયો છે.

ઉપરાંત અત્યારે દારુણ ભય ઊભો થયો છે. છેલ્લા થોડાક દિવસોથી ચારે દિશાઓમાંથી લોકોમાં સંભળાય છે કે તુરક નામે એક અતિ જંગલી જાતિએ આ દેશ પર આક્રમણ શરૂ કર્યું છે. એ લોકો વિધર્મી અને અતિશય નિષ્ઠુર છે. ભિખ્ખુ શ્રમણને જોતાં જ નૃશંસભાવે હણી નાખે છે અને વિહાર સંઘાદિ લૂંટી લે છે.

"આ બધી લોકોક્તિ સાંભળીને, અને તુરક લોકો દ્વારા હેરાન થઇને ભાગેલા કેટલાક મુમુર્ષુ શ્રમણોને જોઇ જેતવન વિહારના મહા થેર* બુદ્ધરક્ષિત અતિશય વિચલિત થયા. તુરક લોકો આ બાજુએ જ આવે છે નક્કી. એ લોકો વિહાર પર હુમલો કરવાના જ. વિહારવાસીઓ અહિંસાધર્મી હોવાથી શસ્ત્ર ચલાવવામાં કુશળ નહોતા. વિહારમાં અતિ અમૂલ્ય રત્ન-રત્નાદિ ભર્યાં હતાં; ને સહુથી અમૂલ્ય રત્ન હતું, ગોશીર્ષ ચંદનકાષ્ટે નિર્મિત બુદ્ધમૂર્તિ,—જે—ભગવાન, તથાગત જીવતા હતા ત્યારે પ્રસન્નજિતે તૈયાર કરાવી હતી. તુરક લોકોનાં આક્રમણથી આ બધાંને કોણ બચાવશે?

મહાથેર બુદ્ધરક્ષિતે ત્રણ દિવસ દિવા-રાત્રી વિચારીને આખરે એક ઉપાય વિચાર્યો—શોધ્યો. આવતી અમાવાસ્યાની મધ્ય રાત્રિએ દસ શ્રમણોએ વિહારમાંના અમૂલ્ય ગ્રંથો, રત્ન-રત્નાદિ સાથે ભગવાન બુદ્ધની ચંદનમૂર્તિ ઉપાડી પ્રસ્થાન કરી દેવું. વિહારથી વીસ

* થેર—સ્થવિર, વડિલ, સંઘપતિ



ભિખ્ખુ અભિરામે અમારી ના સાંભળી નહિ. એ એકલા પેલા જીર્ણ–જર્જરિત પૂલ પર થઇ સામે પાર ગયા.

એ એટલો તો ભયાનક છે કે એ રસ્તે જવાની કોઇ હિંમત કરી શકતું નથી. ઉપલાના ધોધની નીચે જ એક અતિશય જૂનો લોઢાની સાંકળનો ઝૂલો યાને ઝૂલતો પૂલ બેઉ પારને જોડતો ઊભો છે; પણ તે કાળે કરીને એટલો જીર્ણ બની ગયો છે કે એની ઉપર થઈને માણસ જઈ શકે તેમ નથી. છતાં એ જ એકમાત્ર રસ્તો છે.'

અમે અમારા ધારેલા સ્થળે પહોંચ્યા હતા તેમાં શંકા નહોતી. છતાં વધુ ખાત્રી કરવા મુખીને પૂછ્યું, 'એ સ્તંભમાં શું છે એ કોઈ જાણે છે ખરૂં?' મુખીએ જવાબ આપ્યો, 'એમાં શું છે એ તો કોઇએ જોયું નથી, પણ સ્મરણાતીત કાળથી એમ મનાતું આવ્યું છે કે સ્વયં બુદ્ધદેવ એમાં સશરીરે વિરાજી રહ્યા છે, ને એમના શરીરમાંથી નિરન્તર ચંદનની સૌરભ વહ્યા કરે છે! પાંચ હજાર વર્ષ પછી તેઓ ફરીથી મૈત્રેય રૂપ ધરી અહીંથી જ પ્રગટ થશે.'

ચળકતી ને ચમકતી, આતુર ને અધિદ આંખે મારા તરફ જોઇ ભિખ્ખુ બોલી ઊઠયા, 'બુધ્ધદેવ સશરીરે એ સ્તંભમાં વિરાજે છે, એમના શરીરમાંથી ચંદનની સૌરભ વહે છે. માન્યતાનું કારણ સમજી શકે છે ને? જે શ્રમણો બુદ્ધમૂર્તિ અહીં લાવ્યા હતા તેઓ, સંભવ છે કે, અહીંથી પાછા નહિ ફરી શકયા હોય—આ ગામમાં જ રહી વસી ગયા હોય" ......

પણ ભિખ્ખુનો બોલ પૂરો ન થઇ શકયો. એ જ વખતે અમારી ઝૂંપડી ઓચિન્તી એક જબ્બર મહા પ્રચંડ ધક્કો ખાઇ ધ્રૂજી ઉઠી. અમે નીચે ભોંય પર બેઠા હતા. અમારી નીચેની ધરતી અને એની અંદરની ધરતી પણ ધ્રૂજી ઊઠી. ને અમે પણ ઝટપટ ઊઠીને ઉભા થઈ ગયા– 'ધરતીકંપ!'

અમે ઊઠીને ઊભા થઈ ગયા હતા. મુખી નચિંતપણે ઝૂંપડીમાં નીચે બેઠો રહ્યો હતો. અમને ગભરાએલા જોઇ એણે હસતાંહસતાં જણાવ્યું કે 'ડરવા જેવું કંઈ જ નથી. આવો ધરતીકંપ તો અહીં રોજ પાંચ-છ વાર થાય છે; આ દેશનું નામ જ ધરતીકંપની જનમભોમ છે.'

અમે અવાક્ થઈ એની સામે જોઇ રહ્યા. ધરતીકંપની જનમભોમ! આવી વાત તો કયારેય નથી સાંભળી. તેમ છતાં ત્યારેયે જાણતો નહોતો કે કેવા મહા તેજસ્વી સંતાનને જન્મ આપવાની એ તૈયારી હતી.

પરંતુ ભિખ્ખુ અભિરામ ઉત્તેજિત સ્વરે બોલી ઊઠયા, 'બરાબર! બરાબર!! શિલાલેખમાં આ વાતનો પણ ઉલ્લેખ છે, તમને યાદ નથી?'

શિલાલેખમાં ધરતીકંપનો ઉલ્લેખ કયે ઠેકાણે હતો તે યાદ ન આવ્યું, એટલે ભિખ્ખુ ઝોળામાંથી શિલાલેખની અનુલિપિ બહાર કાઢી ઉલ્લાસિત કંઠે બોલ્યા, 'હવે શંકા નથી, વિભૂતિબાબુ; આપણે બરાબર જગ્યાએ આવી પહોંચ્યા છીએ. આ સાંભળો.' આમ કહી એમણે મૂળ પ્રાકૃત ભાષામાં શિલાલેખનો એ ભાગ વાંચી સંભળાવ્યો: "-જે કહેવાય છે તે–અસુરદેશીય દૈત્યગણોએ દેવપ્રિય ધર્મઅશોકના સમયમાં, હિમાલયના સ્પન્દનશીલ જંઘાપ્રદેશ પર આ સ્તંભ ઊભો કરેલો.'

યાદ આવી ગયું. 'સ્પન્દનશીલ જંઘા પ્રદેશ'ની વાતને મેં નિરર્થકનો વાકયાડમ્બર માનેલો. એની અંદર ધરતીકંપ તરફ લક્ષ ખેંચવામાં આવેલું તે મેં વિચાર્યું જ નહોતું. મેં કહ્યુ, 'હા, તમે બરાબર કહો છો. આ વાત હું બરાબર સમજ્યો જ નહોતો. અહીં પણ શિલાંગની જેમ ધરતીકંપનું રાજ્ય—'

એજ વખતે મુખી તરફ મારી નજર ગઈ. એ ઓચિન્તો ગઝબ-નો ઉત્તેજિત બનેલો દેખાયો. એની નાનકડી સ્થિર આંખો જળહળાટ કરી જાણે જલતી હતી, બેઉ હોઠ જાણે કંઇક બોલવા તલપી રહ્યા હોય તેમ ઉઘાડ–બીડ થઈ રહ્યા હતા. ત્યાર બાદ એ અમને આંજી નાખે એવી શુદ્ધ પ્રાકૃત ભાષામાં બોલી ઊઠ્યો: 'શ્રવણ કરો, સૂર્ય જ્યારે ઉત્તરાષાઢા નક્ષત્રના બીજા પગલામાં પદાર્પણ કરશે ત્યારે બુદ્ધસ્તંભની તડમાંથી સૂર્યપ્રકાશ તેમાં પ્રવેશ કરી તથાગતના દિવ્ય દેહને પ્રકાશિત કરશે, ને મંત્રબળે સ્તંભનું દ્વાર ખુલી જશે. ઉપરાઉપરી ત્રણ દિવસ આમ થશે. ત્યાર બાદ એક વરસને માટે એ દ્વાર ફરીને દેવાઈ જશે. માટે હે ભક્ત શ્રમણ, જો બુદ્ધના અલૌકિક દિવ્ય દેહનાં, એની મૂર્તિનાં દર્શન કરી તારે નિર્વાણપથ સુગમ કરવો હોય તો આટલી વાત યાદ રાખજે.' એક જ શ્વાસે આટલું બોલી મુખી હાંફવા લાગ્યો.

અત્યંત વિસ્મયથી ભિખ્ખુએ પૂછ્યું, તમે–તમે પ્રાકૃત જાણો છો ?

મુખી એ સમજી ન શક્યો હોય તેમ માથું હલાવ્યું.

અમે ભુતાની ભોમિયાની મદદ લીધી. એ દુભાષિયા દ્વારા મુખીએ અમને કહ્યું કે આ એમનો કુળ–મંત્ર છે અને વંશપરંપરાથી એમને સહુને આ મંત્ર ગોખવો પડે છે, છતાં મંત્રનો અર્થ શો છે એ એમને ખબર નથી. આજે ભિખ્ખુને એ ભાષામાં બોલેતા જોઇ ઉત્તેજત બની તે એ બોલી ગયો છે.

અમે પરસ્પર એકબીજાનાં મોં તરફ જોઈ રહ્યા.

ભિખ્ખુએ મુખીને કહ્યું, 'તમારો મંત્ર ફરીવાર બોલો જોઇએ ?'

મુખી ફરીથી ધીરેધીરે એ મંત્ર બોલી ગયો. બધી વાત સમજાઇ ગઇ. એ મંત્ર નહોતો, પણ બુદ્ધસ્તંભમાં પ્રવેશ કરવાનું સુચન હતું. વર્ષમાં ત્રણ દિવસ સૂર્યપ્રકાશનો ઉત્તાપ તડમાં થઇને સ્તંભમાં પ્રવેશી, સંભવ છે કે, કોઈ યંત્રને તપાવતો હોય, ને પરિણામે બંધ દ્વાર ખુલી જતું હોય. પ્રાચીન મિસર અને આસીરિયામાં આ રીતે યંત્રની સહાયથી મંદિરદ્વાર ઉઘાડી એના ચતુર પુજારીઓ અનેક જાદુ દેખાડતા એવું પુસ્તકોમાં વાંચેલું તે યાદ આવ્યું. આ સ્તંભના નિર્માતા અસૂર–અર્થાત આસીરિયાના શિલ્પી. એટલે અનુરૂપ યંત્રોદ્વારા એવી ગોઠવણ અશક્ય નહોતી. જે શ્રમણો બુદ્ધ મૂર્તિ લઈ અહીં આવેલા તેઓ નક્કી આ રહસ્ય જાણતા હોવા જોઇએ, અને પાછળથી ભવિષ્યના વંશ આ ભૂલી ન જાય એ માટે જ તેઓ આ મંત્ર રચી ગયા હશે.

પણ મુખીએ આ મંત્ર ક્યાંથી જાણ્યો ?

એનો ચહેરો અમે નિહાળીનિહાળીને જોયો. ચહેરો મુખ્યત્વે મોંગોલિયન જેવો હોવા છતાં નાક, ભ્રમર ને હડપચીમાં આર્ય લક્ષણ પણ દેખાતાં હતાં. શ્રમણ-ગણ પાછા નહિ ફર્યા હોય, પણ તેમાંનો કોઇ પદચ્યુત થયો હશે. આ મુખી તે એ પદચ્યુત શ્રમણના વંશનો આધુનિક પુરુષ હશે. વડવાઓનો ઇતિહાસ બધો ભૂલી ગયો છે, માત્ર ખાલીખમ્મ માદળિયાની જેમ આ કુલમંત્ર એણે મોઢે કરીને રાખ્યો છે.

આશ્ચર્ય ઓછું થતાં યાદ આવ્યું: દર વર્ષે ત્રણ દિવસ માટે જ સ્તંભનું દ્વાર ઉઘાડું રહે છે, એ પછી બંધ થઈ જાય છે. એ ત્રણ દિવસ કયા ? ક્યાં સુધી દ્વાર ખુલવાની રાહ જોતાં બેઠા રહેવું પડશે ?

'ઉત્તર–આષાઢ નક્ષત્રના બીજા પગમાં સૂર્ય ક્યારે પદાર્પણ કરશે?' મેં ભિખ્ખુને પૂછ્યું.

ભિખ્ખુએ ઝોળામાંથી પંચાંગ બહાર કાઢ્યું. લગભગ પંદર મિનિટ સુધી ઊંડી તન્મયતાપૂર્વક પંચાંગ જોઈ એમણે ઊંચે જોયું. જોયું તો તેમના હોઠ કંપતા હતા, ને આંખો આંસુએ ભરી હતી. એ બોલ્યા, 'કાલે મહા શુદ એકમ; સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્રના બીજા પગમાં પદાર્પણ કરશે. કેવો અલૌકિક અકસ્માત ! જો ત્રણ જ દિવસ મોડા પડત તો—' એમનો સાદ ધ્રૂજવા લાગ્યો: રૂંધાએલા અસ્ફુટ સાદે એ બોલ્યા. 'તથાગત !'

કેવી સર્વભક્ષી આકાંક્ષા પરિપૂર્ણતાને છેલ્લે પગથીએ આવી રાહ જોતી હતી તે વિચારી મારા શરીરમાં પણ ઝણઝણાટી ઊઠી. હું મનોમન બોલ્યો, 'ભગવાન તથાગત ! તમારા ભિખ્ખુની મનોકામના અફળ ન કરજો.'

૪

બીજે દિવસે સવારે અમે સ્તંભ તરફ આગેકદમ કર્યાં. મુખી પણ આપમેળે અમારી સાથે જ ચાલ્યો.

ગામની સીમા છોડી પહાડ પર કેડીએ કેડીએ અમે ચડવા લાગ્યા. ઠેકઠેકાણે ચઢાણ એટલું આકરૂં આવતું કે ચોપગાંની જેમ હાથપગનો ઉપયોગ કરી માંડમાંડ ઉપર ચડી શકાતું. ડગલે ને પગલે પગ લપસી જઈ નીચે ગબડી જવાનો ભય હતો.

ભિખ્ખુના મોંમાં વાતો નહોતી. એના દુબળા–પાતળા શરીરમાં શક્તિની જાણે સીમા નહોતી. સૌથી આગળ એ ચાલતા હતા. અમે સૌ એમની પાછળ જેમતેમ ચાલતા હતા. અદમ્ય ઉત્સાહ રૂપી દોરડાથી એ જાણે અમને ખેંચી જતા હતા.

છતાં રસ્તામાં બે વાર થાક ખાવો પડ્યો. અમારી સાથે એક બાઇનોક્યૂલર હતું. એની મદદથી અમે ચારે તરફ નજર નાખી નિહાળવા લાગ્યા. બહુ નીચે પુલું ગામ બાળકોની રમતના ઘર જેવું દેખાતું હતું અને ચારે બાજુ દેખાતા હતા નિર્જીવ અને એકાકી પહાડો.

આખરે, પાંચ કલાકથી વધુ સમય સુધી હાડકાં-પાંસળાં ખોખરાં કરી નાખે એવું આકરૂં ચઢાણ ચડી અમે અમારા ઇચ્છિત સ્થાને પહોંચ્યા. એ પહેલાં થોડી વારથી જ અમારા કાનમાં એક દબાએલો ધમ્મ્ . . . ધમ્મ્ . . . અવાજ અથડાતો હતો. બહુ દૂર જાણે કોઇ દુન્દુભી વગાડતું હતું. મુખીએ કહ્યું, 'આ સંભળાય છે એ જ ઉપલા નદીનો ધોધ–નાદ.'

ધોધને કિનારે જઇને ઊભા રહ્યા ત્યારે સામેના એક અપરૂપ–અજબ એવા સુન્દર દૃશ્યે પળવાર માટે અમને સ્તબ્ધ કરી દીધા. અમે જ્યાં આવીને ઊભા રહ્યા હતા ત્યાંથી લગભગ પચાસ હાથ ઊંચે એક અતિ સાંકડા એવા મુખમાંથી ઉપલાનાં ધુધવાટા કરતાં ફીણાંળાં નીર ઉગ્ર આવેગે નીચે ધસતાં હતાં, ને પછી રામધનુની જેમ વાંકી રેખામાં બસો હાથ નીચે પડી ઉછૂંખલ ઉન્માદે મોટી–મોટી ઘુમરીઓ સર્જી વહી જતાં હતાં. ઉકળતી કડાઈમાંથી જેમ વરાળ નીકળે છે તે રીતે જ શિલાઓ સાથે અથડાઇને એનાં જળ–સીકરો અમારાં મોં સાથે ભટકાતાં હતાં.

અહીં બન્ને કાંઠા વચ્ચેની ખાઈ લગભગ પચાસ વાર પહોળી હતી. એમ લાગતું હતું, જાણે આ સ્થળે ફાટીને પહાડે અવરોધાએલ ઉપલાને બહાર જવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. પાર કરવી મુશ્કેલ એવી એ ખાઇને પેલે પાર જવા, ઘણા યુગ પહેલાં નિર્બળ માનવોએ જે ક્ષીણ પૂલ બાંધેલો તે જોતાં તો ભય જ લાગે. લોઢાની બે સાંકળ–એક ઉપર અને એક નીચે–સમાન્તર ભાવે આ કાંઠાથી પેલા કાંઠા સુધી ચાલી જતી હતી. આ હતો પૂલ. ગર્જના કરતા વિરાટ ધોધની સામે એ પાતળી, કાટથી ખવાઈ ગએલા જેવી બે સાંકળ જોઈ એવું લાગતું, જાણે કરોળિયાની જાળ કરતાં યે એ વધુ નબળી છે, જરાક જોરથી હવા ફૂંકાતાં પણ તૂટીને ટુકડા થઈ જશે.

પરંતુ સામા કાંઠાની વાત હજુ નથી કહી. સામા કાંઠાનું પ્રાકૃતિક દૃશ્ય અહીંથી સાવ જુદું જ હતું. એ મૂળગત વિભિન્નતાને અંગે જ

કદાચ પ્રકૃતિદેવીએ એને જુદો કરી દીધો હશે. સામે કાંઠે નજર પડતાં જ ઓચિન્તું મનમાં થતું કે જાણે આરસપહાણના અગણિત ગુમ્બજે એ સ્થળ ભર્યુંભર્યું હતું. નાના, મોટા ને મધ્યમ કદના વર્તુળાકાર શ્વેત પત્થરની ટેકરીઓ જેટલે દૂર દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી ચારે બાજુ વેરાએલી દેખાતી હતી. જેમણે સારનાથના ધામેક સ્તૂપો જોયા હશે તેઓ આથી થોડીક કલ્પના કરી શકશે. પ્રકૃતિ સર્જ્યાં આ સ્તૂપોને પાછળ મૂકી, ઊંડી ખાઈના બરોબર કાંઠા ઉપર જ, એક સુડોળ સુન્દર સ્તંભ મિનારાની જેમ સીધો ઊંચો ઊભો હતો. બીજા પહોરનાં સૂર્યકિરણો વડે એનાં પાષાણી ગાત્ર ઝગમગતાં હતાં. જોઈને શંકા ઉપજતી. મયદાનવની જેમ કોઈ માયા-શિલ્પી જ અતિ યત્ને આ આભ અડતો દેવ-સ્તંભ નિર્માણ કરી ત્યાં મૂકી ગયો હશે એમ લાગતું હતું.

પૃથ્વીના શૈશવકાળે પ્રકૃતિ જ્યારે પોતાના મન મુજબનું ક્રીડાંગણ સર્જતી, એ સમયે જ કદાચ આનું સર્જન થયું હશે. કદાચ માનવ-શિલ્પીનો યે આમાં થોડાક હાથ હોય. બાઇનોક્યૂલર આંખે માંડી બરાબર જોયું, પણ એના બાહ્ય દેખાવ પરથી તો ક્યાંય માનવ શિલ્પીનો હાથ દેખાયો નહિ. સ્તંભ નક્કર છે કે પોલો એ પણ બહારથી કોઇ રીતે સમજાય એવું નહોતું. ફક્ત એના ઉપરના ભાગમાં એક નાનકડી તડ દેખાઈ. તડ ચોરસ હતી, લંબાઈ–પહોળાઈ એક એક હાથથી વધુ નહિ હોય. સૂર્યકિરણો એમાં થઇને જ કદાચ અંદર પ્રવેશતાં હશે. મંત્રમાં જણાવેલું દ્વાર કદાચ એ જ હશે !

હું લીન બની એ દૃશ્ય નિહાળી રહ્યો હતો, તેવામાં પાસે નજર પડતાં જોયું તો ભિખ્ખુ ધરતી પર સાષ્ટાંગ લળી બુદ્ધ-સ્તંભને પ્રણામ કરી રહ્યા હતા.

. . . .

ભિખ્ખુ અભિરામે અમારી ના સાંભળી નહિ. એ એકલા જ પેલા જીર્ણ–જર્જરિત પૂલ પર થઈ સામે પાર ગયા. અમે ત્રણ આ બાજુના કાંઠે રહ્યા. ડગલે ડગલે ભય લાગતો હતો કે હમણાં પેલી જરાજીર્ણ સાંકળ તૂટી પડશે, પરંતુ ભિખ્ખુનું શરીર ખૂબ દૂબળું-પાતળું ને હળવું હતું. સાંકળ તૂટી નહિ.


સામે પાર પહોંચી હાથ હલાવી ભિખ્ખુએ અમને પોતાની સલામતી જણાવી, ને પછી એ સ્તંભ તરફ ચાલ્યા. સ્તંભને એક વાર પ્રદક્ષિણા ફરી, ફરીથી હાથ ઊંચા કરી મોટેથી એ કંઈક બોલ્યા, પણ ધોધની ગર્જનામાં કંઈ સંભળાયું નહિ. પણ અમને લાગ્યું કે તેઓ સ્તંભનું દ્વાર ઉઘડેલું જોઈ શક્યા હશે.

ત્યાર બાદ તેઓ સ્તંભની અંદર ચાલ્યા ગયા. પછી અમે તેમને જોઈ ન શક્યા. આંખે બાઈનોક્યૂલર માંડીને બેઠા રહ્યા. ને મનની આંખે કલ્પનાની પાંખે ચડી અમે જોવા લાગ્યા. ભિખ્ખુ અંધારામાં ગોળ દાદરાનાં પગથિયાં ચડતા ઉપર આવતા હતા અને કંપતા અસ્પષ્ટ સાદે બોલતા હતા—તથાગત, તમસો માં જ્યોતિર્ગમય. . .

પેલી ગોશીર્ષ ચંદનકાષ્ટની મૂર્તિ શું હજુ યે હશે ? ભિખ્ખુ એ જોઈ શકશે ? હું એ જોઇ ન શક્યો; પણ એ માટે મને ક્ષોભ નથી. જો એ મૂર્તિ હશે તો ભવિષ્યમાં બીજાઓ આવી એનો ઉદ્ધાર કરી શકશે ને દેશ આખો મહા-આનંદના એક અજબ ગુંજારવે ગુંજી ઊઠશે.

આમ લગભગ દસેક મિનિટ વીતી.

ત્યાર બાદ બધું પલટાઈ ગયું. હિમાલય જાણે ઓચિન્તો પાગલ બની ઊઠ્યો. ધરતી ધ્રૂજવા લાગી, પહાડો કંપવા લાગ્યા અને ટેકરીઓ ને ભેખડો પરથી પત્થરો અને માટી નીચે ઢળવા લાગ્યાં. ધરતીમાંથી એક રૂંધાએલી કંડડાટી મરણાહત દૈત્યના આર્તનાદની જેમ બહાર આવતી સંભળાવા લાગી. જીર્ણ સાંકળનો ઝૂલતો પૂલ તૂટીને ચાબૂકની જેમ બેઉ કાંઠે વીંઝાઈ રહ્યો.



પ્રથમ માધના એ ધરતીકંપનું વર્ણન વધુ નહિ કરૂં. ફક્ત એટલું જ જણાવીશ કે હિન્દુસ્તાનની આ સપાટ ધરતી પર જેમણે ધરતીકંપો જોયા છે તેઓ 'ધરતીકંપની જન્મભોમ'ના એ ધરતીકંપની કલ્પના પણ નહિ કરી શકે.

અમે કેમ ન મર્યા એની ખબર નથી. પણ લાંબુ આયખું હશે એટલે જ બચી ગયા હોઈશું એમ લાગે છે. પત્થરો, માટી ને ત્યાંનું વાતાવરણ આખું નૃત્યોન્માદિત બન્યું હતું, ત્યારે અમે ત્યાં માટી ઉપર જ ટૂંટિયાં વાળીને પડ્યા હતા. અમારી સામેનો બુદ્ધ-સ્તંભ હવાઈ તોફાનમાં સપડાએલા જહાજના ભૂંગળાની જેમ ડોલતો હતો ને અમે વિચાર વિનાના, જડવત્ જેવા એની સામે જોઈ રહ્યા હતા.

મન ઉપર ઓચિન્તું ચિન્તાનું એક વાદળ આવી ગયું—ભિખ્ખુ ! ભિખ્ખુનું શું થશે ?

ધરતીકંપનો વેગ જરા ઓછો થયો; એ અટકી ગયો હોય એમ લાગ્યું. બાઇનોક્યુલર મારા હાથમાં જ હતું. ઉપાડીને આંખે મૂક્યું. પલાયન કરવાની મહેનત નકામી હતી, એથી એ મહેનત જ ન કરી.

ફરીથી બમણા વેગે ધરતીકંપ શરૂ થયો. જાણે ક્ષણિક શિથિલતા માટે અનુતપ્ત થઇને એ સો ગણો ભયંકર બન્યો હતો. લાગ્યું કે આ વખતે પૃથ્વીનો નાશ કર્યા વિના નહિ જ રહે.

પણ ભિખ્ખુ ?

અત્યાર સુધી સ્તંભ જહાજના ભૂંગળાની જેમ ડોલતો હતો, તે હવે વધુ સહન ન કરી શક્યો. મૂળ પાસેથી જ ભાંગીને બે ભાગમાં વહેંચાઈ ગયો. અતલ ઊંડી ખાઈ ઉપર પળવાર માટે હાલક-ડોલક થયો, ને પછી મરણોન્મત્તની જેમ ખાઈમાં ફીંકાયો. ને ઊંડે ઊંડેથી એક પ્રચંડ બાષ્પોચ્છ્વાસે ઊપડી સ્તંભને અમારી આંખથી અળગો, અદૃશ્ય કરી દીધો.

સ્તંભ જ્યારે ખાઇને કિનારે હાલક-ડોલક થતો હતો એ જ સમયે ચમકેલાની જેમ અમે ભિખ્ખુને જોયા ! બાઇનોક્યુલર અજાણપણે આંખ સામે જ ધરી રાખેલું. જોયું તો ભિખ્ખુ દ્વાર-માર્ગમાં ઊભા હતા. એમના મોં પર ઉલ્લાસિત હાસ્ય હતું ચારે બાજુ જે પ્રલયંકર સ્થિતિ પ્રવર્તી રહી હતી એ તરફ એમનું જાણે ધ્યાન જ નહોતું.

એ પછી એમને જોયા નથી. મરણોન્મત્ત સ્તંભ ખાઈમાં, અતલ ઊંડી ખાઇમાં ફીંકાઇ ગયો હતો.

હું એકલો જ ઘેર પાછો ફર્યો છું.

આજે એને કેટલાં યે વર્ષો વીતી ગયાં છે, પણ આ વાત કોઇને યે કહી શક્યો નથી. ભિખ્ખુની વાત યાદ આવતાં જ અપરિસીમ વેદનાએ હૃદય ભરાઇ આવે છે.

છતાં આટલું વિચારીને મન સાન્તવન મેળવે છે કે એના જીવનની ચરમ-પરમ ઈચ્છા અધૂરી ન રહી. એ સ્તંભશીર્ષે એમણે ભગવાન તથાગતની કેવી નયનાભિરામ મૂર્તિ દીઠી તેની ખબર નથી, પણ એમની જીવનવ્યાપી શોધમાં એ સફળ થયા હતા એ વિષે મને શંકા નથી. મૃત્યુ વેળાનો એમના વદન પરનો અનિર્વચનીય આનંદ આજે પણ મારી નજર સામે તરવરી ઊઠે છે. **રમણિક મેઘાણી**

(શરદીન્દુ વંદ્યોપાધ્યાયની બંગાળી વાર્તા પરથી)

અકિંચનતાને વરેલી દેશભક્ત વિદુષી અને પ્રતિભાવાન વૈજ્ઞાનિક

*માદામ ક્યુરી

વૉર્સો નામે પોલૅંડની રાજધાનીમાં ગણિત તથા પદાર્થ-વિજ્ઞાનના અધ્યાપક વ્લાડીસ્લાવ સ્કલોડોવસ્કીની વિદ્વાન પત્નીએ સ. ૧૮૬૭માં એક બાળકીને જન્મ આપ્યો, ને એનું નામ મેરી પાડ્યું; એ આ લેખની નાયિકા.

એ વખતે પોલૅંડમાં રશિયાનું રાજ હતું. સ. ૧૭૭૨માં જર્મની, રશિયા તથા ઑસ્ટ્રિયા પોલૅંડના ત્રણ ભાગ પાડી એક એક ભાગ પચાવી પડ્યાં હતાં. પોલ લોકોએ કેટલાય બળવા કર્યા, પણ કાંઈ વળ્યું નહિ. એના અગ્રેસરને કાં સાઇબીરિયા મોકલ્યા ને કાં ફાંસીએ ચડાવ્યા. દાતરડાં ને ડાંગ લઇને લૂઈ નાબૅંટ જેવા વીર પુરુષો રાઇફલધારી રશિયનની સામે થયા, તથા સ્વદેશ માટે મરવાના અનુપમ સુખના ભાગી બન્યા; પણ પછી કચરતી પ્રજામાં દેશભક્તિનાં બીજ રોપવા સારુ દેશભક્તો મહેતાજી બન્યા. આમાંનો એક સ્કલોડોવસ્કી હતો.

નિશાળોમાં છોકરાંઓને રશિયન દ્વારા બધું શીખવાય, પણ મહેતાજીમહેતીજી છાનાંછાનાં પોલૅંડનો ઇતિહાસ પોલિશ ભાષામાં શીખવે. રશિયન ઇન્સ્પેક્ટર નિશાળમાં આવી ચડે તો પટાવાળો વીજળીની ટોકરી વગાડે, એટલે પોલિશ ચોપડીઓ ઠેકાણે કરી નાખે, અને છોકરીઓ સીવણ કરવા મંડે !

મેરીએ સંસારનું દુઃખ નાનાથી જ જોયું; ૧૮૭૬માં એની મોટી બહેન ઝોસિઆનો ને ૧૮૭૮માં એની માનો દેહાન્ત થયો. મા જેટલી વિદ્વાન્ એટલી જ ઉદ્યોગી પણ હતી ને છોકરાંના જોડા પોતે ઘેર સીવતી.

પોતાની એકાગ્રતાનો પરિચય મેરીએ નાનાથી આપ્યો હતો. એ વાંચવામાં તલ્લીન થયેલ હતી ત્યારે એની બહેનોએ એને બે પડખે બે ખુરશી, એક ખુરશી પાછળ, તે ત્રણને માથે બીજી બે ખુરશી, અને એક ખુરશી કળશરૂપે એના ઉપર મૂકી; તો ય મેરી વાંચતી જ રહી. અર્ધા કલાક પછી પ્રકરણ પૂરું કરી મેરીએ માથું ઊંચું કર્યું એવું જ ખુરશીઘર કડડભૂસ કરતું પડ્યું !

વૉર્સોના સૅક્સની ચોકમાં રશિયનભક્ત પોલ લોકોનો સ્મારક-સ્તંભ હતો ત્યાં આગળ થઈ ને નિકળે તો એના ઉપર દેશભક્ત છોકરાં થૂંક્યા વિના રહેતાં નહિ.

મેરી ભેળી લિઓની કુનિક્કા કરીને એક છોકરી ભણતી. એના ભાઇએ રશિયા વિરુદ્ધ પ્રવૃત્તિમાં ભાગ લીધો હશે, એટલે એને ફાંસીએ ચડાવ્યો. તે દિવસે મેરીએ લિઓનાની સાથે ને સાથે રહીને તેને આશ્વાસન આપ્યું.

૧૮૮૩માં મેરીએ શાળાનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે એને સોનાનો ચાંદ મળ્યો. દરમ્યાન એના પિતા સ્લોવાકી, ક્રાસિન્સ્કી, મિક્કીવિક્ઝ વગેરે પોલિશ દેશભક્ત કવિઓની, રશિયાએ જપ્ત કરેલ હોવાથી ગુપ્તરીતે છાપેલી, કવિતા એને વાંચી સંભળાવતા.

મેરીની મોટી બહેન બ્રોન્યાનો વિચાર એવો હતો કે પારિસ જઇને વૈદકનો અભ્યાસ કરવો, પણ એની આગળ પૈસા પૂરા નહોતા, એટલે મેરીએ સૂચના કરી કે બ્રોન્યા પારિસ જઈને દાખલ થઈ જાય, અને પોતે કોક કુટુમ્બમાં શિક્ષિકા દાખલ રહી જાય તથા બહેનને પારિસ પૈસા મોકલ્યા કરે. આમ બ્રોન્યા પારિસ ભણવા ગઈ, ને મેરી ઘરમહેતીજી થઈ, તથા જે ગામડામાં એ રહેતી હતી ત્યાંના અભણ છોકરાંને ભણાવવામાં પોતાની નવરાશનો વખત આપ્યો.

૧૮૯૦માં બ્રોન્યાએ મેરીને પારિસ ભણવા બોલાવી. મેરી આવી, ને ૧૮૯૧ના અંતભાગમાં સોર્બોનની પ્રખ્યાત વિદ્યાપીઠમાં પ્રવેશ કર્યો.

[૨

૧૮૯૩માં મેરી પદાર્થવિજ્ઞાન લઈને એમ. એસસી.ની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થઈ. પરદેશ ભણતા હુશિયાર પોલ વિદ્યાર્થીને અપાતી ૬૦૦ રૂબલની અલેક્ઝાંડ્રોવિચ શિષ્યવૃત્તિ એને મળી, પણ એ પૈસા પોતાની પહેલી કમાણીમાંથી એણે પાછા વાળ્યા.

૧૮૯૪માં મેરીને અમુક પ્રયોગ કરવાના હતા, પણ તે ક્યાં કરવા એ પ્રશ્ન એને મૂંઝવતો હતો. આને અંગે પદાર્થવિજ્ઞાન ને રસાયણની શાળામાં કામ કરતા અધ્યાપક ક્યૂરીનો એને પરિચય થયો, જેને એ ૧૮૯૫માં પરણી, અને જેના નામને એણે વિશ્વવિખ્યાત કરી મૂક્યું.

ક્યૂરી ૧૯મે વર્ષે બી. એસસી. ને ૧૮મે વર્ષે પદાર્થવિજ્ઞાન લઈ ને એમ. એસસી. થયો હતો તથા કેટલીક શોધખોળ કરી હતી, જેને કારણે લૉર્ડ કેલ્વિન ૧૮૯૩માં એની પ્રયોગશાળામાં આવ્યો હતો. આ શોધખોળમાં હવે એને એ શબ્દના સંપૂર્ણ અર્થમાં સહધર્મચારિણી મળી ગઈ.

વિવાહવેળાએ એક સગાએ હાથઘરણાના પૈસા આપ્યા હતા એની બે નવી સાઇકલો લઈને ક્યૂરીએ નવોઢા પત્નીને સંગે ગ્રામ્ય ફ્રાન્સનો પ્રવાસ કર્યો.

ક્યૂરીને ૫૦૦ ફ્રાંક(=૨૦ પાઉંડ)નો જ પગાર હતો, એટલે એક બાઈ ભાણાં માંજવાને એક કલાક આવતી, પણ રસોઇ માદામ ક્યૂરી હાથે કરતી.

૧૮૯૭માં માદામ ક્યૂરીએ એક કન્યાને જન્મ આપ્યો, જે માત-પિતાની પરંપરા જાળવીને પોતાના વર જૉલિયો સાથે વૈજ્ઞાનિક શોધ-ખોળ કરીને નોબેલ પારિતોષિક મેળવવાની હતી.

એક કોર મેરી બાલિકાને ઉછેરે છે, એનાં ઝબલાં સીવે છે, રસોઈ કરે છે, ઘર ચલાવે છે, ને બીજી કોર 'ડૉક્ટર'ની ઉપાધિ મેળવવા શોધખોળ કરે છે !

યુરેનિયમ નામે તત્ત્વમાં કિરણ ફેંકવાનો ગુણ છે એમ હેન્રી બેકરેલ નામે વિજ્ઞાનીએ શોધ કરી હતી. આ કિરણોદ્ગારિતાનો અભ્યાસ માદામ ક્યૂરીએ કરવા માંડ્યો, તો એણે જોયું કે જેમ યુરેનિયમમાં તેમ થોરિયમમાં પણ કિરણોદ્ગારિતા છે. પછી તેણે આ તત્ત્વોની કિરણોદ્ગારિતા માપી જોઈ તો તે યુરેનિયમથોરિયમની હોઈ શકે એના કરતાં લાખગણી વધારે પ્રબળ જોવામાં આવી, એટલે એને થયું કે રસાયણશાસ્ત્રમાં પ્રસિદ્ધ તત્ત્વો ઉપરાંત પ્રબળ કિરણો-દ્ગારી નવાં તત્ત્વો હોવાં જોઇએ. આ નવાં તત્ત્વ માદામ તથા અધ્યાપક ક્યૂરીએ શોધી કાઢ્યાં ને એને પોલૅંડ ઉપરથી 'પોલોનિયમ' તથા 'રેડિયમ' એવાં નામ આપ્યાં. દંપતીનો આ વિજ્ઞાનસહકાર ૧૮૯૮માં સંધાયો તથા ૧૯૦૬માં અ૦ ક્યૂરી અકસ્માતમાં ઝડપાઈને મરી ગયા ત્યાં લગી સતત ચાલ્યા કર્યો. ઑસ્ટ્રિયાની સરકારી ખાણ-માંથી કાચા યુરેનિયમમાંથી યુરેનિયમ કાઢી લીધા પછી રહેલા પડ

* એક સ્થળમાં આવી ગૂંથેલું એ જ વ્યક્તિનું આ ચરિત્ર એની પુત્રીએ લખેલા ચરિત્રગ્રંથ પરથી થોડી નવી વિગતો સાથે ફરીને નવી ઢાળીએ લખાયેલ છે



મણ કચરો ઑસ્ટ્રિયન સરકારે દંપતીને ભેટ આપ્યો. આ કચરા (પીચબ્લેંડ)ને માદામ ક્યૂરી કડાઈમાં નાખીને ઉકાળે ને કલાક ને કલાક લગી કોઈ દૂધપાક હલાવે એમ હલાવે ! એમ કરતાં કરતાં રેડિયમના અસ્તિત્વની ઘોષણા કર્યા પછી પોણાચાર વર્ષે, ૧૯૦૨માં, મેરીએ શુદ્ધ રેડિયમ એક ડેસીગ્રામ ભાર (દોઢ ગ્રેઇન) તૈયાર કર્યું, અને કોઇ ભક્તને ભગવાનના સાક્ષાત્કારથી આનંદ થાય એટલો આનંદ આ સ્વયંપ્રકાશ તત્ત્વના દર્શનથી અનુભવ્યો.

રોગાક્રાન્ત કોશનો નાશ કરવાની રેડિયમમાં શક્તિ છે, એટલે રેડિયમથી કૅન્સર મટે છે એમ જાણવામાં આવ્યું. આથી કરીને રેડિયમ જગતનો મોંઘામાં મોંઘો પદાર્થ બન્યું, આરંભમાં એક ગ્રામ (૧૫ ગ્રેઇન) રેડિયમનું મૂલ સાડા સાત લાખ સોનાના ફ્રાંક ગણાતું.

કિરણોદ્ગારી પદાર્થો વિષે એણે લખેલા પ્રબંધ(thesis) ઉપરથી માદામ ક્યૂરીને પારિસ વિદ્યાપીઠે 'પદાર્થવિજ્ઞાનના ડૉક્ટર'ની ઉપાધિ આપી.

પિચ-બ્લેંડને શોધીને રેડિયમ છુટ્ટું પાડવાની કળા માદામ ક્યૂરીને જ આવડતી હતી, એ ઉપરથી દંપતી વચ્ચે એક ભવ્ય સંવાદ થયો.

'આપણી આગળ બે વિકલ્પ છે.' અ૦ ક્યૂરી કહે. 'કાં તો આપણે કાંઇ પણ ગુપ્ત રાખ્યા વિના આપણી શોધખોળનું પરિણામ શોધનક્રિયા સહિત બહાર પાડીએ. . . . .'

'હા જ તો,' મેરી કહે.

'અથવા આપણે આપણને રેડિયમના શોધક તથા માલેક ગણિએ, તો પછી પેટંટ લઈને રેડિયમ બનાવવાનો અધિકાર સ્વાધીન રાખિએ.'

મેરીએ થોડોક વિચાર કર્યો; પછી બોલી: 'એ અશક્ય છે. વિજ્ઞાનધર્મથી એ વિરુદ્ધ છે.'

'મને પણ એમ જ લાગે છે... પણ નિર્ણય ગંભીરપણે વિચાર કરીને આપણે કરિએ. આપણું જીવન વસમું છે, ને વધુવધુ વસમું થાય એમ છે. આપણે દીકરી છે; બીજાં સન્તાન પણ થાય. એ અને આપણે પેટંટ લેવાથી ધનાઢ્ય બની શકિએ. આપણે સુખમાં રહી શકિએ, ગદ્ધાવૈતરું ન કરવું પડે. આપણે સરસ પ્રયોગશાળા પણ બાંધી શકિએ.'

'વિજ્ઞાની સદાસર્વદા શોધખોળ પૂરેપૂરી જ પ્રકટ કરે છે. આપણી એ શોધથી આર્થિક લાભ થાય તો તે આકસ્મિક છે, અને આપણે એ લાભ ન લેવો. અને રેડિયમ રોગ મટાડવામાં ઉપયોગી થાય એમ છે. એમાંથી લાભ લેવો મને અશક્ય લાગે છે.'

દંપતીએ કોટિપતિ બનવાની તકને આમ ઠેબું માર્યું.

[૩

૧૯૦૩માં લંડનની રૉયલ સોસાયટીએ એનો 'ડેવી ચંદ્રક' દંપતીને આપ્યો, અને તે પછી એક માસે દંપતીને પદાર્થવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક અર્ધું મળ્યું; અર્ધું બેકરેલને આપવામાં આવ્યું.

૧૯૦૪માં માદામ ક્યૂરીને બીજી કન્યા ઈવ અવતરી, જેના સરસ ગ્રન્થ(પ્રકાશક-વિલ્યમ હાઇનમાન)ને આધારે આ લખાણ કર્યું છે.

૧૯૦૬ના એપ્રિલની ૧૪મીએ અ૦ ક્યૂરીએ કોઇ મિત્રને લખ્યું: 'માદામ ક્યૂરી અને હું .... કામ કરિએ છિએ.' તે પછી પાંચમે દિવસે ૧૯મીને ગુરુવારે અ૦ક્યૂરી એક ઘોડાગાડાની હડફેટમાં આવી ગયા, ગાડાનું પૈડું એના મસ્તક ઉપર ફરી ગયું, અને એ જ ક્ષણે એના પ્રાણ ઊડી ગયા !

અ૦ક્યૂરીના ઓગણએંશી વર્ષના બાપ હજી જીવતા હતા, એને વાર્ધક્યે સુતમરણનો દુઃસહ ઘા લાગ્યો; માદામ ક્યૂરીનું તો પૂછવું જ શું? પણ પોતાના પતિના અધ્યાપકપદનો એણે સ્વીકાર કર્યો, ને નવેમ્બરની ૫ મી તારીખે પતિની વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં પહેલું વ્યાખ્યાન આપ્યું.

અ૦ ક્યૂરીના વૃદ્ધ પિતા, જેની દેખરેખ નીચે માદામ ક્યૂરીની સુવાવડ થઈ હતી, તે બેય છોકરીઓને રમાડે છે ને ભણાવે છે, ને મેરી ક્યૂરી પ્રયોગશાળામાં પ્રયોગ કરે છે. આમ ચાર વર્ષ પૂરાં નહોતાં થયાં ત્યાં ૧૯૧૦માં એ ડા. ક્યૂરી પણ મરી ગયા. મેરીએ અ૦ક્યૂરીની શવમંજૂષા(કૉફિન) સમાધિમાંથી કઢાવી તળિયે ડા. ક્યૂરીની મૂકાવી, ને એના ઉપર પોતાના પતિની મૂકાવી; પતિની શવમંજૂષા ઉપર મેરીએ પોતા સારુ જગ્યા રાખી.

પોતાની દીકરીઓને સારુ ધનભંડાર મૂકી જવાની માદામ ક્યૂરીની ઇચ્છા નહોતી, એટલે દસ લાખ સોનાના ફ્રાંક જેટલું જેનું મૂલ્ય અંકાય એ, પોતે તથા પોતાના વરે પ્રથમ તૈયાર કરેલું ગ્રામભાર રેડિયમ એણે પોતાની પ્રયોગશાળાને ભેટ દાખલ આપી દીધું.

૧૯૧૧માં માદામ ક્યૂરીને રસાયણશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળ્યું. એના વિના બીજા કોઇને આ ઇનામ બે વાર મળ્યું નથી.

પારિસ વિદ્યાપીઠ તથા પાસ્તર ઇન્સ્ટિટ્યૂટે મળીને ૮,૦૦,૦૦૦ ફ્રાંકને ખર્ચે માદામ ક્યૂરીને પ્રયોગ કરવા સારુ રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ ચણાવી આપ્યું, તેનું વાસ્તુ જુલાઈ ૧૯૧૪ માં થયું, અને તે પછીના ઑગસ્ટમાં તો વિશ્વવિગ્રહ ફાટી નિકળ્યો. એમાં ઘાયલ થયેલા સૈનિકની સેવા અર્થે માદામ ક્યૂરીએ એકસ-રેના સાજ તથા ડાઇનેમોવાળી 'રેડિયોલૉજિકલ કાર' તૈયાર કરી. ગમે તે થાય, પણ પોતે પારિસથી ન ભાગવું એવો નિશ્ચય કર્યો. એકસ-રે વાળી ૨૦ મોટરકાર માદામ ક્યૂરીએ સજ્જ કરી, તે ઉપરાંત ૨૦૦ એકસ-રેવાળા ઓરડા એણે ગોઠવ્યા; આ ૨૨૦ જગ્યાએ ૧૦ લાખ ઉપર સૈનિકોના ઘાની પરીક્ષા થઈ. આ પ્રસંગે માદામ ક્યૂરી મોટર હાંકતા પણ શીખી.

૧૯૧૮માં લડાઇ પૂરી થઈ, અને માદામ ક્યૂરીની માતૃભૂમિ પોલૅંડનું પુનરુત્થાન થયું.

[૪

૧૯૨૦ માં મિસિસ મેલોની કરીને એક અમેરિકન બાઈ માદામ ક્યૂરીને મળવા આવી. માદામ કહે, 'અમેરિકામાં ૫૦ ગ્રામ રેડિયમ છે: ૪ બાલ્ટિમોરમાં, ૬ ડેન્વરમાં, ૭ ન્યૂ યૉર્કમાં ....'

'ફ્રાન્સમાં કેટલા છે?'

'મારી પ્રયોગશાળામાં માંડ ગ્રામભાર હશે.'

'તમારી આગળ એક જ ગ્રામ છે?'

'મારી આગળ? ઓહો, મારી આગળ મુદ્દલ નથી. એ તો મારી પ્રયોગશાળાનું છે.'

'પેટંટ ઉપર તમે રૉયલ્ટી કાં નથી લેતાં?'

'કોઇને ધનાઢય બનાવવા સારુ રેડિયમ નથી. રેડિયમ તો જગતનું એક મૂલતત્ત્વ છે. તે બધા લોકોનું સહિયારું છે.'

'આખા જગતમાંથી તમારે કોઇ ચીજ પસંદ કરવાની હોય તો તમે શું લ્યો?'

'મારી શોધખોળ ચાલુ રાખવા મારે ગ્રામભાર રેડિયમ જોઈએ છે, પણ તે મારાથી વેચાતું લઈ શકાય એમ નથી; મને એ બહુ મોંઘું પડે.'

મિસિસ મેલોનીએ અમેરિકા જઈને મેરી ક્યૂરી રેડિયમ ફંડ શરૂ કરીને લાખ ડૉલર ભેળા કર્યા, અને એને અમેરિકા બોલાવીને અમેરિકન પ્રજાતંત્રના પ્રમુખને હાથે ગ્રામભાર રેડિયમની ભેટ આપી.

તે દિવસે સાંજે મિસિસ મેલોનીએ માદામ ક્યૂરીને રેડિયમનું દાનપત્ર બતાવ્યું, તે સંભાળપૂર્વક વાંચીને માદામ કહે: 'આ લેખમાં ફેરફાર કરવો પડશે. અમેરિકાએ મને આપેલું રેડિયમ વિજ્ઞાનની માલેકીનું હોવું જોઈએ. હું જીવું છું ત્યાં લગી તો હું તે વિજ્ઞાનકાર્યમાં જ વાપરીશ. પણ આ જ સ્થિતિ રહે તો મારા મૃત્યુ પછી એ રેડિયમ મારી દીકરીઓના હાથમાં જાય એ ન બને. મારે એ મારી પ્રયોગશાળાને ભેટ આપવું છે. કોઇ વકીલને બોલાવી શકાશે?'

'અવશ્ય,' મિસિસ મેલોની કહે. 'પણ તમને એમ ગમે તો આ વિધિ આવતે અઠવાડિયે કરિએ.'

'ના, આવતે અઠવાડિયે નહિ, આવતી કાલ પણ નહિ; આજ રાતે. દાનકર્મ તરત પાકું થઈ જાય, અને હું, કોને ખબર છે, થોડા કલાકમાં મરી જાઉં.'

એટલી મોડી રાતે વકીલને તેડી આવ્યા, એણે લેખ તૈયાર કર્યો એમાં માદામ ક્યૂરીએ તરત સહી કરી.

પોલૅંડમાં માદામ ક્યૂરીએ રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવાનાં પગરણ કર્યાં એને પણ અમેરિકાએ ૧૯૨૯માં ગ્રામભાર રેડિયમ આપ્યું.

[૫]

૧૯૨૩માં રેડિયમની શોધની રજતજયંતી ઊજવી, અને ફ્રેંચ સરકારે માદામ ક્યૂરીને ૪૦,૦૦૦ ફ્રાંકનું વર્ષાસન બાંધી આપ્યું.

૧૯૧૯ થી ૧૯૩૪ સુધીમાં માદામ ક્યૂરીના રેડિયમ ઇન્સ્ટિટ્યૂટવાળા વિજ્ઞાનીઓએ ૪૮૩ વિજ્ઞાનનિબંધ તૈયાર કર્યા, અને ત્યાંના ડાકટરોએ ૮,૦૦૦ ઉપર કૅન્સરના દર્દીની સારવાર કરી.

૧૯૩૪ના જુલાઈની ૬ઠ્ઠી તારીખે માદામ ક્યૂરીનો દેહાન્ત થયો, ને એના પતિની ઉપર એની શવમંજૂષા પોલૅંડથી આણેલી માટીની અંજલિ સહિત મૂકવામાં આવી. દેસાઈ વાલજી ગોવિન્દજી

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'મસીદ-દ્વાર'—ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ); બીજું ઈનામ: 'ખેતરમાં'—ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'સાફસુફી'—દિલહરશંકર ભચેચ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'વળતી વેળા' ચંદ્રકાન્ત પટેલ—અમદાવાદ; (૨) 'નિત્યકર્મ' શુકદેવ ભચેચ—અમદાવાદ.

આ વખતનાં ચિત્રોની સંખ્યા કંઈક ઠીક છે અને નમૂના પણ વધારે સારા જણાયા છે. પહેલું ઇનામ જીતનાર ચિત્ર 'મસીદ-દ્વાર' એકાદ એક્ઝિબિશન માટે ટેકનીકમાં કઇ પંક્તિનું ચિત્ર જોઇએ તેનો ઠીક નમૂનો પૂરો પાડે છે. જરૂર પૂરતું જ એક્સ્પોઝર અને ચોક્કસ વખતસરનું જ ફિલ્મ તથા પ્રિન્ટ ડેવેલપમેન્ટનું એ પરિણામ છે. એક સાધારણ વસ્તુનું આકર્ષક ચિત્ર બનાવવામાં ખરી કસોટી છે. શિયાળાની ઋતુમાં ટાઢ ઉડાડવા જાળી આગળ તડકામાં બેઠેલા બુઢ્ઢાનો અચ્છો ચિતાર રજૂ કરતા એ ચિત્રને જાળીમાંથી પડતા તડકા અને તેની છાયાની આકૃતિ મુખ્ય ઉઠાવ આપે છે. કમાનની અંદરની ઊભી આડી રેખાઓ વડે ચિત્રને વિસ્તાર મળે છે. પાત્રની પસંદગી અને સ્થળ પણ ઉચિત છે. ચિત્રના કોઈ પણ ભાગમાં નજર નાખતાં તેની છાયામાં પણ ઝીણી વિગતો જણાશે, તે તેની ટેકનીકની ઉત્તમતા દર્શાવે છે. નીચેને ડાબે ખૂણે ફિનિશિંગ કર્યું છે તે દેખાઇ આવવું ન જોઇએ. બીજું ઇનામ જીતનાર ભાઈ ચંદુભાઈ ભટ્ટનું 'ખેતરમાં' સામે પ્રકાશે લેવાએલું ચિત્ર ટૉપ ઍન્ગલથી અને ઘણું નજીકથી લેવાએલું હોઈ કોસ હાંકનારના પગનો ભાગ બેડોળ જણાય છે. અત્યારના 'મીનીએચર' કૅમેરાનાં લેન્સની ફોકલ લેન્ગ્થ ઓછી હોવાને લીધે વધારે નજીક જઈ ચિત્ર લેતાં હમેશાં આવી ખોટા પર્સ્પેક્ટિવની ખામીઓ તે દેખાડે છે. પ્રિન્ટમાં ફિનિશિંગની પણ ખામી છે. ત્રીજું ઇનામ જીતનાર ભાઇ દિલહરશંકર ભચેચનું 'સાફસુફી' ચિત્ર પણ સામે પ્રકાશે લેવાએલું છે. તેની બૅકગ્રાઉન્ડમાં ધોળાં લૂગડાંવાળાં માણસો ફરતાં જણાય છે તે ભાગ આશરે એક ઈંચ જેટલો કમી કરવામાં આવે તો મુખ્ય વસ્તુ તરફ ધ્યાન રોકાય અને ચિત્ર વધારે આકર્ષક બને. પાત્ર ચિત્રની કિનાર પર હોવા છતાં પણ એના શરીરના સામી બાજુના ઝુકાવને લીધે ચિત્ર-સંયોજન સચવાય છે અને ડાબી બાજુ દૂરના નાના પત્થરો ચિત્રને સમતોલ બનાવી રહે છે.

ભાઇ ચંદ્રકાન્ત પટેલનું બીજું ચિત્ર 'વળતી વેળા' પણ સામે પ્રકાશે લેવાએલા ચિત્રનો સારો નમૂનો છે. તેમાં ગધેડાંનું ટોળું આવતું દેખાય છે તે કંઈક નજીક આવવા દઇ ચાંપ દબાવી હોત તો ચિત્રની સજીવતા વધારે અસરકારક બનત. આકાશનો ભાગ પણ વધારે પડતું ધ્યાન ખેંચે છે. તે વચમાંના નાના ઝાડના લગભગ મથાળા સુધી કાઢી નાખ્યો હોય તો ચિત્ર સુંદર દેખાય.

ભાઈ શુકદેવ ભચેચના 'નિત્યકર્મ'નો પ્રિન્ટ જરા ઊતરતી ગ્રેડના પેપર ઉપર કાઢયો હોત તો માથાના ભાગની સાડીની રેખામાં તથા ચોપડીના ભાગમાં વધારે ઝીણવટભરી વિગતો આવી શકત અને હાલના કૉન્ટ્રોલ કરીને કાઢેલા પ્રિન્ટમાં એમને જે મુશ્કેલી નડી છે તે કંઈક ઓછી થાત. નાના કૅમેરાના લેન્સથી ઉપજતા જે દોષનો નિર્દેશ ઉપર કર્યો છે તે આ ચિત્રમાં પણ આવ્યો છે અને પગનો ભાગ વધુ ધ્યાન ખેંચતો હોઈ ચિત્રસંયોજનમાં બાધા ઉત્પન્ન કરે છે.

ભાઈ રાવજીભાઈ બારોટે "દશ્ય ઝડપતો કૅમેરા"ના એક જ વિષયના બબ્બે પ્રિન્ટ હરીફાઈમાં મોકલ્યા છે એ ભૂલભરેલું છે. ચિત્રમાં વાદળાં સિવાય મહત્ત્વનું કંઇ પણ ખાસ જણાતું નથી. એક પાત્રને પ્રકાશ સામે ટેકરી ઉપર પહોળા પગ કરી ઊભું રાખી ઊંચા હાથે કૅમેરા પકડી રખાવવો તેના કરતાં ચિત્ર લેવા માટે કૅમેરા પકડી ઊભા રહેવાની સાધારણ છટાથી તેને ઊભું રાખ્યું હોત તો વધારે સારૂં દેખાત. વાદળાંની પસંદગી પણ સારી નથી. વાદળાંનાં ચિત્રો તો સારામાં સારાં પાડી શકાય; માત્ર પસંદગીની આવડત જોઇએ.

બી. બી. ફનીબંદા

નરભક્ષી સિમ્બા!

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ. પૅટર્સનના અંગ્રેજી પુસ્તક
'ધ મૅન-ઈટર્સ ઑવ ત્સાવો' ઉપરથી રૂપાંતર કરનાર

હરિનારાયણ આચાર્ય



આ વાર્તામાં આવતા બંને સિંહના અવશેષો શિકાગો મ્યૂઝિયમમાં મઢીને ગોઠવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી ઉતારેલું આલેખન

[ગોરા કાળા ઘઉંવર્ણા દોઢસો ઉપરાંત માણસોને ફાડી ખાનાર, ત્સાવોના બે મનુષ્યભક્ષી સિંહોને લગતી લે. કર્નલ પૅટર્સનની આ પરાક્રમ કથા, જગતના સાહસ-સાહિત્યમાં વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. આફ્રિકામાં રેલવેના ઇજનેરી બાંધકામ દરમ્યાન અચાનક એને અત્યંત બુદ્ધિશાળી, ચાલાક, ભયંકર માણસખાઉ વિકરાળ સિંહોનો સામનો કરવો પડ્યો એ પ્રસંગે એણે એકલે હાથે જે પુરુષાર્થ કર્યો, સિંહોનો વધ કરી નિર્દોષ માનવોનો અકારણ હત્યાકાંડ થતો અટકાવ્યો, એ આખી કથા અત્યંત રોમાંચક છે. રજ પણ અતિશયોક્તિ, આત્મશ્લાઘા કે ગર્વની માત્રા સિવાય એ બધા બનાવો, આપણા રોજના જીવનની સામાન્ય વાતો પેઠે, પૅટર્સને વર્ણવ્યા છે, એટલે જ એ વધુ હૃદયંગમ બની શક્યા છે. આફ્રિકામાં આવીને કામે ચડી ગયા પછી થોડા જ દિવસમાં સિંહ દેખાયા અને બેત્રણ મજૂરો અજબરીતે અકસ્માત ગુમ થયા. શરૂઆતમાં તો તેના માનવામાં તે વાત ન આવી, પણ ત્રણેક અઠવાડિયામાં તો એના જ શીખ જમાદાર અંગનસિંહનો કમકમાટી-ભર્યો ભક્ષ્ય સિંહોએ કર્યો, અને પૅટર્સને તેને જેર કરવા કમ્મર કસી. પણ અનેક પ્રકારની મથામણો પ્રયત્નો અને સાવચેતીઓ છતાં ન સિંહ હાથ લાગ્યા, ન તેમનો ઉત્પાત શમ્યો,—ઉલટો વધતો જ ગયો. હવે આગળ વાંચો.]

૬. ત્રાસનું સામ્રાજ્ય

પણ એક દિવસ અચાનક અમારી આ સ્વસ્થ મનોદશામાંથી અમને આંચકો લાગ્યો. એક અંધકારભરી રાત્રે પહેલાંનાં પરિચિત બૂમરાણ, ચીસો અને કકળાટથી છાવણીઓ ખળભળી ઊઠી ને અમને ખબર પડી કે સેતાનો પાછા આવી લાગ્યા છે અને એમનો ભોગ થઇ પડનારની યાદીનો નવો ખરડો કરવાનો આરંભ કરી દીધો છે! આ દિવસોમાં ઠંડક મેળવવા માટે કોઇ કોઈ મજૂરો ઉઘાડામાં તંબૂની બહાર સૂઈ રહેતા હતા, કારણ એમને ખાતરી પડી હતી કે સિંહ કાયમને માટે આ સ્થળ હવે છોડી ગયા છે. પરંતુ એક રાતે એક સિંહ વાડમાં રસ્તો કરતો અકસ્માત કોઈકની નજરે પડ્યો. તરત જ સાવધાન રહેવાના પોકાર થવા લાગ્યા ને સિંહ ઉપર લાકડાં, પથરા, ઊંબાડિયાં એમ જે હાથમાં આવ્યું તે ફેંકવા માંડ્યાં. પણ આથી કાંઈ અર્થ સર્યો નહિ. સિંહ તો એ ભયત્રસ્ત ટોળા ઉપર ધસી આવ્યો અને એના સાથીઓ કકળાટ અને ચીસો પાડતા રહ્યા અને એક કમનશીબ માણસને પકડી વાડમાં થઇને ઘસડી લઈ ગયો. હવે તો એ બંને પ્રાણીઓ એટલાં નફ્ફટ બની ગયાં હતાં કે શિકારને પકડીને આઘે ખેંચી લઇ જવાની માથાકૂટમાં ન પડતાં, ત્યાં ને ત્યાં જ, જ્યાંથી ઉપાડ્યો હતો એ તંબૂથી માંડ્યે જ પચાસ ડગલાં છેટે, આરામથી ફાડી ખાઇ ગયા. એની ટોળીવાળાઓએ એમના ઉપર ગોળીબાર પણ કર્યા, છતાં એની કશી અસર થઇ નહિ અને એમનું ધૃણોત્પાદક ભોજન પૂરું થયું નહિ ત્યાં સુધી એ જગ્યાએથી ખસવાની યે રજ પણ દરકાર ન કરી. વળતે દિવસે કદાચ સિંહ ફરીથી આ સ્થળે આવે એવી આશામાં મેં એ કમનશીબ માણસના અવશેષોને ભંડારવા દીધા નહિ, અને રાત પડતાં પાસેના ઝાડમાં હું ભરાઈ બેઠો. પણ કંટાળાભરેલા મારા એ જાગરણમાં ભંગ પાડનાર કંઈ જ બન્યું નહિ, સિવાય કે એક ઝરખ આવી ગયું. સવારે મને સમાચાર મળ્યા કે સિંહે તો ત્સાવોથી બે માઈલ છેટે આવેલી બીજી જ એક છાવણી પર હુમલો કર્યો હતો (આ વખતે ફરીથી પાછી બધી છાવણીઓ છૂટીછવાયી પથરાઈ ગઈ હતી) અને ત્યાંથી એક જણને ઉપાડી જવામાં સફળ થયા હતા. એને પણ એમની ટેવ મુજબ ત્યાં ને ત્યાં છાવણીની અડોઅડ ફાડી ખાધો હતો. રજ પણ અવાજ કર્યા સિવાય એવડી મોટી જંગી વાડમાંથી એ શી રીતે અંદર પેઠા હશે એ મારા મનથી હજુ યે કોયડો જ રહ્યો છે; કારણ એમાંથી કોઈ અંદર પેસી શકે એ મારા મનથી અકલ્પ્ય હતું, જ્યારે સિંહ તો પ્રત્યેક પ્રસંગે રજ પણ ખખડાટ સિવાય સહેલાઇથી અંદરપેસી જતા હતા.

આ બનાવ પછી એક અઠવાડિયા સુધી દરરોજ રાતે જ્યાં સિંહના આક્રમણનો સંભવ જણાતો એવી પ્રત્યેક છાવણી નજીક હું સંતાઇ બેસતો, પણ બધુંયે નિરર્થક. કાં તો સિંહ મને જોઇ જતા હોય અને એથી બીજે ચાલ્યા જતા હોય, અગર તો મારૂં દુર્ભાગ્ય આડે આવતું હોય; પણ એકાદ ભડાકો કરવાની યે તક આપ્યા સિવાય એ તો એક પછી એક રોજ જુદીજુદી જગ્યાએથી માણસ ઉઠાવતા જ રહ્યા. રોજ રાતે આ રીતે ઉજાગરો કરવાનું પણ અત્યંત કંટાળાભરેલું અને થકવનારૂં હતું; છતાં મને લાગતું કે મારી એ ફરજ છે અને મારે એ બજાવવી જ જોઇએ. કારણ મજૂરો એમના રક્ષણ માટે મારા ઉપર જ આધાર રાખે એ સ્વાભાવિક હતું. હું સાચું કહું છું

એ ભયંકર રાક્ષસોના ક્ષણે ક્ષણે પાસે ને પાસે આવતા ઘુઘવાટનો પ્રચંડ ઘેરો સ્વર સાંભળવા કરતાં, અને અમારામાંનો એક કે બીજો સવાર પહેલાં જ એમનો કોળિયો થવાનો એનો વિચાર કરવા કરતાં જ્ઞાનતંતુઓને વધુ થકવનાર અન્ય કોઈ પણ પ્રસંગ મારા અનુભવમાં આવ્યો નથી. જેવા સિંહ છાવણી પાસે આવી પહોંચતા કે તરત જ એમના ઘુઘવાટા તદ્દન બંધ કરતા અને અમને ભાન આવતું કે હવે એ શિકાર પકડવાનો પેંતરો માંડી રહ્યા છે. પછી તો એક છાવણીમાંથી બીજી છાવણીમાં એમ પરસ્પર ઉદ્દેશીને પડકાર થતા કે 'ખબરદાર, ભાઇઓ ! શયતાન આતા હય !' પણ સાવધાનીના આવા પોકારોથી કશો અર્થ સરતો નહિ અને વહેલા કે મોડા એકાદ સ્થળના હૃદયભેદક રડારોળથી રાતની શાંતિ ચીરાઈ જતી અને બીજી સવારે જાણવામાં આવતું કે એક વધુ કમનશીબ માણસ હાજરી વખતે કાયમને માટે ગેરહાજર રહ્યો છે!

રાત ઉપર રાત આમ દરેક વખતે નિષ્ફળ જવાથી સ્વાભાવિક-રીતે જ હું હતાશ થઇ ગયો હતો અને અલ્પ સમયમાં જ કંઈ રસ્તો ન જડવાથી હું મૂઢ બની ગયો. ખરેખર, આ સિંહ સાક્ષાત સેતાન જ છે, અને એમને લોકોત્તર સંરક્ષણ મળી રહ્યું છે એમ મને લાગવા માંડયું. પાછળ જણાવ્યું એમ અહીંના ગાઢ જંગલમાં એમનું પગેરૂં કાઢવું એ તદ્દન નિરર્થક હતું, છતાં માણસોની હિંમત ટકાવી રાખવા માટે કંઈક તો કરવું જ જોઇએ એ વિચારથી આસપાસનાં દુર્ગમ અને ત્રાસદાયક જંગલોની કાંટાળી ઝાડી વચ્ચે થઇને ભાંખડીએ ભમવામાં મેં કેટલા યે દિવસ કાઢ્યા હતા. ખરૂં પૂછો તો આવા એકાદ પ્રસંગે સિંહનો મને ભેટો થયો હોત તો એમાંના એકને હણવાને બદલે મારૂં પોતાનું જ નામ એમના ભોગ થઈ પડેલાઓની યાદીમાં ઉમેરાયું હોત એની સોએસો ટકા સંભવિતતા હતી. આ અરસામાં મારી વ્હારે ધાનારા પણ અનેક નીકળી આવ્યા હતા. કેટલા યે સરકારી (લશ્કર ખાતાના અને બીજા) અમલદારો દૂરદૂરનાં સ્થળેથી આવી પહોંચ્યા હતા અને અમારા આ નીડર શત્રુઓ પર ગોળી છોડવાનો લ્હાવ લેવા-ની આશાથી રાતોની રાત જાગરણ કરતા બેસતા હતા. પણ અમને બધાયને સરખી જ નિરાશા મળતી અને વાટ જોતા બેઠેલાને દૂરથી નમસ્કાર કરીને, કોઈ બીજે સ્થળેથી શિકાર ઉપાડી લઇ જવામાં સિંહ હમેશાં સફળ થતા.

એક રાતનો વિશિષ્ટ પ્રસંગ તો મને દીવા જેવો યાદ છે, કે જ્યારે સિંહો રેલવે સ્ટેશનમાંથી એક માણસને પકડી લઈ ફાડી ખાવા માટે મારી છાવણીની પડખેજ ખેંચી લાવ્યા હતા. તંબુમાં બેઠોબેઠો ચવાતાં હાડકાંનો અવાજ હું સ્પષ્ટ સાંભળી શકતો હતો, તેમ એમનો ભયંકર ઘુરઘુરાટ આખું વાતાવરણ ભરી નાખતો હતો. આ સ્વર ત્યાર પછી કેટલા યે દિવસ મારા કાનમાં ગાજતા રહ્યા હતા. છતાં ભયંકર વાત તો એ હતી કે આ બધું યે મારે નિઃસહાયપણે જોવું પડતું હતું. બહાર નીકળવાનો પ્રયત્ન કરવો પણ નિરર્થક હતો, કારણ એક તો પેલો બીચારો ક્યારનો યે મરી ગએલો હતો, અને બીજું બહાર એટલો ગાઢ અંધકાર હતો કે કંઈ પણ નજરે પડે એ સંભવિત ન હતું. મારી પડખેની નાની છાવણીમાં રહેતા પાંચ-છ કારીગરો તો સિંહના એ ભોજનવ્યવસાયની ધમાલ સાંભળી એટલા તો છળી ઉઠ્યા કે કોઇ પણ ઉપાયે પોતાને મારી છાવણીમાં આવવા દેવાની ખમરાણ એમણે [illegible] એ ખુશીથી એમને આવવા દીધા. પણ તુરત મને યાદ [illegible] કે એમની છાવણીમાં તો એક માણસ મંદવાડને ખાટલે પડ્યો [illegible] થયું, એની તપાસ કરતાં જણાયું કે પેલાં ભાગ્યહીન [illegible] એને ત્યાં જ પાછળ મૂકતા આવ્યા છે. તરત જ એને મારી છાવણીમાં લઇ આવવા માટે હું કેટલાક માણસોને સાથે લઇને નીકળી પડ્યો, પણ ત્યાં જઈને જોતાં ફાનસના અજવાળામાં જણાયું કે એ તો આવી સલામતીની જરૂરિયાતથી પર થઈ ગયો હતો. કારણ એના સાથીઓ છોડી ગયા એની હેબકથી જ એના પ્રાણ ઊડી ગયા હતા.

હવે તો વાત વધુ ને વધુ બગડતી ચાલી. આજ લગી તો એમાંથી માત્ર એક જ સિંહ શિકાર પકડવા નીકળી પડતો, જ્યારે બીજો એની રાહ જોતો બહાર ઝાડીમાં ભરાઇ બેસતો. પણ હવે એમણે એમની રીત બદલવા માંડી અને બંનેએ એકસાથે વાડામાં તરાપ-વાનું શરૂ કર્યું. આના પહેલા પગરણ તરીકે નવેમ્બરના અંત ભાગમાં બે સ્વાહિલી મજૂરોને એમણે ઉપાડ્યા. એમાંના એકને તો ઉપાડી લઈ જઈ તરત ફાડી ખાધો, પણ બીજાનાં હુસ્કાં ને ચીસો લાંબો વખત સંભળાયાં. એની મદદે જવા જેટલી હિંમત ભેગી કરી શક્યા પછી એના સાથીઓ બહાર નીકળ્યા ત્યારે એમણે એને કાંટામાં સજ્જડ ચોંટી રહેલો જોયો. આ પહેલી જ વખત સિંહ વાડમાં થઇને શિકાર ખેંચી આરપાર નીકળી જવાને અસમર્થ નીવડ્યો હતો. બીજી સવારે હું ત્યાં ગયો ત્યારે એ જીવતો હતો, પણ એને એટલી ભયંકર ઇજા થઇ હતી કે દવાખાનામાં દાખલ કરીએ ત્યાર પહેલાં જ એ મરણ પામ્યો.

આ પછી થોડા દિવસમાં જ એ બે પિશાચોએ અમારે ત્યાંની મોટામાં મોટી છાવણી ઉપર ભયંકર હૂમલો કર્યો. સલામતી ખાતર એ છાવણી ત્સાવો સ્ટેશનની અડોઅડ બાંધવામાં આવી હતી. પરમેનન્ટ-વે ઇન્સ્પેકટરનો બંગલો પણ નજીકમાં જ હતો. એક વાર અરધી રાતે બંને નરભક્ષીઓ બેબાકળા બનેલા મજૂરો પર કૂદી પડ્યા. મારી છાવણીમાં રહેરહ્યે પણ એ મજૂરોની ત્રાસભરી ચીસો હું ચોકખી સાંભળી શકતો હતો. એમના પંજામાં આવ્યા એ મજૂરોને પકડી લઇને સિંહ છાવણીની બહાર ઉજાણી કરવામાં પડ્યા એટલે પછી 'લે ગયે !' 'લે ગયે!'ની ચીસો સંભળાવા લાગી. ઇન્સ્પેકટર ડાલગેન્સે, જે દિશામાંથી સિંહના ભોજનવિધિનો અવાજ આવતો હતો એ તરફ પચાસેક ગોળીબાર કર્યા, પણ એમને તો એથી કશી અસર ન થઇ, અને ભોજન પૂરૂં થયું ત્યાં સુધી આરામથી ત્યાં જ બેઠા રહ્યા. સવારે એ જગ્યાની તપાસ પછી અમે એમની પાછળ જવા નીકળ્યા, કારણ રેતમાં પડેલી, ભાંગેલા પગનાં આંગળાંના લીસોટા જેવી નિશાની ઉપરથી ડાલગેન્સને ખાતરી થઇ હતી કે એકાદ સિંહને અવશ્ય એણે ઘાયલ કર્યો હતો. સાવધાનીથી પગેરૂં કાઢતા થોડેક ગયા હોઈશું, ત્યાં અકસ્માત સિંહની છાતી ઉપર જ અમે આવી ઊભા ! એમણે પણ ભયંકર ઘુરઘુરાટથી અમારૂં સ્વાગત કર્યું. એટલે ખૂબ સાવચેતીથી જાળાંઝાંખરાં આઘાંપાછાં કરી અમે પગલાં ભરવા માંડ્યાં. ત્યાં ઝાડવાંની ઓથે અંધકારમાં સિંહના બચ્ચા જેવું કંઈક નજરે પડ્યું. પરંતુ જરા પાસે જઇને ધારીને જોયું તો જણાયું કે એ તો પેલા કમનશીબ મજૂરના શરીરમાંથી વધેલો ભાગ હતો. જેને, અમારા આવવાથી ભોજનમાં ખલેલ પહોંચવાથી સિંહ ત્યાં જ છોડી ગયા હતા. બંને પગ, એક હાથ અને અરધોઅરધ ધડ તો સિંહના પેટમાં પહોંચી ગયું હતું. જેને અમે સિંહના ભાંગેલા પગનો લીસોટો માની લીધો હતો તે તો મજૂરના હાથનાં અક્કડ થઇ ગએલાં આંગળાં ધૂળમાં ઘસડાવાને લીધે પડ્યાં હતાં. આ જોતા હતા તે દરમ્યાન સિંહ તો જંગલની ગીચ ઝાડીમાં ઠેઠ ઊંડે પેસી ગયા હતા, એટલે હવે એમની પાછળ જવાનું અશક્ય હતું. એથી મડદાનો શેષ ભાગ ત્યાં જ બંડારી દઈ ફરી એક વખત હતાશ થઈ અમે ભાંગેલા હૃદયે ઘર ભણી વળ્યા.

૭. કારીગરોની હિજરત

ખરૂં પૂછો તો દુનિયાના બહાદુરમાં બહાદુર નરબંકાઓની પણ



પાણીની ટાંકી ઉપર બાંધેલું છાપરૂં


હિંમત આ જાતના સતત ભય વચ્ચે રહેવાથી સહેજે ઓગળી જાય, ત્યાં ગરીબ બીચારા હિંદીવાન મજૂરોનું શું ગજું? એટલે, આ પ્રદેશમાં વસતો સગ્રગ માનવસમુદાય ભયથી પૂરેપૂરો થથરી ઊઠયાં હતો. અને તેથી, હું બપોરે છાવણીમાં પાછો ફર્યો તે દિવસે(તા.૧ ડિસેમ્બરે) તમામ માણસોએ કામકાજ બંધ કરી દીધું હતું અને આખરીનામું કરવા ખાતર મારી વાટ જોતા બેઠા હતા. એ જોઈ મને જરા યે નવાઈ લાગી નહિ. મેં એમને બોલાવવા મોકલ્યા, ત્યાં તો આખુ ટોળું એક-સામટું ધસી આવ્યું અને બોલવા માંડયું કે એ હવે કોઈની ખાતર પણ એક પળ માત્ર ત્સાવોમાં રોકાવાના નથી. હિંદુસ્તાનથી ગિરમીટિયા બનીને આવ્યા તે સરકારનું કામ કરવા માટે : નહિ કે સિંહ કે શેતાનનો કોળિયો બનવા સારૂ. આટલું કહીને ત્યાંથી એમણે ધસારો કર્યો રેલ ઉપર, ને ત્યાંથી પસાર થતી ટ્રેઈનની આગળ સૂઈ જઇને ઊભી રખાવી, એમાં જેને જેમ ફાવ્યું તેમ સામાન, વાસણકુસણ વગેરે નાખી, ગમે ત્યાં ઘૂસી જઇ એ શાપિત ભૂમિમાંથી એ ટોળું પલાયન કરી ગયું.

પછી તો રેલનાં તમામ કામ સદંતર બંધ થઇ ગયાં. અને ત્યાર પછીનાં ત્રણ અઠવાડિયાંમાં તો હિંમત કરીને જે થોડા મજૂરો અમારી સાથે રહ્યા હતા, તેમના માટે અભેદ્ય ઝૂંપડાં બનાવવા સિવાય બીજું કાંઇ પણ કામ કરવામાં આવ્યું નહિ કોઈનું પાણીની ટાંકી ઉપર, કોઇનું પતરાંનાં છાપરાં ઉપર, તો બીજાં ઊંચા ગરડર ઉપર, —એમ વિવિધ સ્થળે બાંધેલાં એ ઝૂંપડાંનું દૃશ્ય હાસ્ય ઉત્પન્ન કરે એવું હતું. કોઇકોઈ તો એટલી હદે ગયા કે એમણે તંબૂની અંદર ભોંયમાં ઊંડા ખાડા ખોદી નાખ્યા, જેમાં એ રાતે ઊતરી જતા અને ઉપર લાકડાનાં ભારે ઢીમચાં ઢાંકી દેતા. છાવણીમાંના મોટા કદના દરેક ઝાડમાં ડાળીઓ નમી જાય એટલા ખાટલા ટાંગી દીધા હતા.

૮. કલેક્ટરનો અણીની પળે બચાવ

કારીગરોએ ત્સાવોમાંથી હિજરત કરી તે પહેલાં થોડા દિવસ ઉપર જ મેં એ પ્રાંતના કલેક્ટર મિ. વ્હાઇટહેડને સિંહ સામેની મારી જેહાદમાં મદદ કરવા આવવાનું, તેમજ જેટલા ફાજલ પાડી શકે તેટલા દેશી સિપાહીઓને સાથે લાવવાનું લખી નાખ્યું હતું. તેણે પણ મારૂં આમંત્રણ સ્વીકાર્યાનું પ્રત્યુત્તર લખ્યું હતું અને ડિસેમ્બરની બીજી તારીખે વાળુવખતે પોતે આવી પહોંચશે એમ પણ જણાવ્યું હતું. બીજી તારીખ એટલે મજૂરો પ્રયાણ કરી ગયાનો બીજે દિવસ. વ્હાઇટહેડની ગાડી ત્સાવો સ્ટેશને સાંજના છ વાગ્યે આવતી હોવાથી મેં નોકરને તેને લેવાને તથા સરસામાન ઉપાડવામાં મદદ કરવાને સ્ટેશને સામો મોકલ્યો; પણ થોડી વારમાં તો એ મોંમાં શ્વાસ માય નહિ એટલા વેગથી દોડતો પાછો આવ્યો અને થરથરતી જીભે જણાવ્યું કે ગાડી કે સ્ટેશનનાં માણસોનો કોઇનો પત્તો નથી; પણ પ્લૅટફૉર્મ ઉપર એક મોટો સિંહ ઊભો છે! આવી અજબ વાત મારા તો માનવામાં ન આવી, કારણ હવે મજૂરો (જે બહાદુરી માટે કદિ યે જાણીતા ન હતા તેમના)માં ભયની માત્રા એટલી હદે વધી ગઈ હતી કે ઝાડીમાં કદી એકાદ ઝરખ કે વાંદરૂં—અરે કૂતરૂં પણ—નજરે પડતું તો તરત એને પાકે પાયે સિંહ માની બેસતા! જોકે આ પ્રસંગે તો મારા નોકરની વાત સાવ સાચી હતી એની મને બીજે દિવસે ખાતરી થઈ, કારણ સ્ટેશન માસ્તર અને તારમાસ્તરને પેલા નરભક્ષીથી ઊગરવા માટે ખરેખર સ્ટેશનને તાળું મારી અંદર ભરાઇ જવું પડયું હતું.

મેં વ્હાઈટહેડની રાહ તો જોઈ, પણ એ દેખાયો નહિ એટલે એણે કદાચ બીજે દિવસે આવવાનું રાખ્યું હશે એમ માની, ગાડું વાળુ મેં રોજની જેમ એકલા જ પતાવી દીધું. ખાતી વખતે બેચાર ભડાકા થતા મારા સાંભળવામાં આવ્યા હતા, પણ હમણાંહમણાંની છાવણીની હદમાં વારંવાર બંદૂકો ફોડવામાં આવતી હોવાથી મેં એના તરફ લક્ષ આપ્યું નહિ. વાળુ વગેરે પતાવીને અંધારૂં થતાં જ હું હમેશના રિવાજ મુજબ નરભક્ષીઓની તપાસમાં નીકળ્યો અને જે છાવણી ઉપર હુમલો થવાનો સંભવ હતો તેની પડોશમાં પડેલા એક મોટા ગર્ડર ઉપર બાંધેલા સલેપાટના પાંજરામાં ભરાઈ બેઠો. પાંજરામાં સ્વસ્થ થઈને બેસું છું ત્યાં તો મારાથી સોએક ડગલાં દૂર નરભક્ષીઓને ઘુરકતા અને હાડકાં કરડતા સાંભળ્યા, એટલે હું વિચારમાં પડયો. તેમણે શું માર્યું હશે એની મને સમજણ પડી નહિ, કારણ છાવણીઓમાં કશો જ શોરબકોર થતો મારા સાંભળવામાં આવ્યો ન હતો; અને કડવા અનુભવે હું શીખ્યો હતો કે એ ભયંકર પ્રાણીઓ અમારી પાસેથી જે દરેક ભોજન પડાવતા હતા તેની જાણ ચીસો અને ફરિયાદીઓ વડે તરત કરાવવામાં આવતી હતી. એટલે આ પ્રસંગે મેં એટલું જ માની લીધું કે કોઈ ગરીબ દેશી મુસાફર અજાણતાં એમના પંજામાં સપડાઈ ગયો હશે. થોડી વારમાં તો અંધારામાં એમની આંખો ચમકતી દેખાવા લાગી અને એ સંજોગોમાં જેટલી બને એટલી સાવધાનીપૂર્વક મેં નિશાન તાકી ગોળી છોડી. સિંહે તો એ ભડાકા તરફ કંઈ જ ધ્યાન આપ્યું નહિ અને જે કંઇ ખાતા હતા તે ત્યાંથી ઉપાડી લઈ પાસેના એક ટેકરાની પાછળ



સલેપાટનું પાંજરૂં

જતા રહ્યા, જેના ઢોળાવની આડે હું એમને જોઈ શકતો ન હતો. ત્યાં જ એમણે નીરાંતે એમનું ભોજન પતાવી લીધું.

બીજે દિવસે પરોઢિયું થતાં જ હું પાંજરામાંથી બહાર નીકળ્યો અને જે સ્થળેથી સિંહનો ખળભળાટ થતો સાંભળ્યો હતો ત્યાં જોવા ગયો. ત્યાં રસ્તામાં જ બીજું કોણ મળે: સિવાય કે મારા અતિથિ મિ. વ્હાઈટહેડ ! એના મોં પર નૂર ન હતું અને એ બેહાલ થઈ ગએલો દેખાતો હતો. એને જોતાં જ મેં બૂમ પાડી: 'અરે, અત્યારે તમે ક્યાંથી ફૂટી નીકળ્યા ? કાલે વાળુ વખતે કેમ આવ્યા નહિ ?' એણે જવાબ આપ્યો: 'વાહ ! આ જ તમારી રીત ને ? કોઇને નોતરો છો ત્યારે આવો જ સુંદર આવકાર આપો છો ને?' 'પણ થયું શું?' મેં પૂછ્યું. એણે કહ્યું: 'શું કહું, મારૂં કપાળ? ગઇ રાતે તો તમારા પેલા બદમાશ સિંહે મારો મામલો જ લગભગ ખલાસ કરી નાખ્યો હતો!' હું અજાયબ થઇ બોલી ઊઠ્યો: 'કેટલી વાહિયાત વાત! કાંઇ સ્વપ્નું તો આવ્યું નથી ને?' જવાબમાં એણે મારી તરફ પૂંઠ ફેરવી ને પોતાની પીઠ દેખાડીને બોલ્યા: 'આને તો તમે સ્વપ્નું નહિ કહો ને?' જોઉં છું તો એનાં કપડાંમાં ગરદનથી કેડ સુધી મોટો ચીરો પડેલો હતો અને પીઠ પર પંજાના ઊઝરડાની ચાર નિશાનીઓ લાલઘુમ જેવી સ્પષ્ટ દેખાતી હતી. આ જોતાં જ વધારે વિગતમાં ઊતર્યા સિવાય હું ઉતાવળે એને મારા તંબૂમાં લઇ ગયો અને ઘાને સાફ કરી પાટાપટી કરી દીધી. પછી એને સારી પેઠે સ્વસ્થ કરીને આગલી રાતે બનેલા બનાવની હકીકત ધીમેધીમે એની પાસેથી કઢાવી.

એણે મને કહ્યું કે ગઈ કાલે ગાડી ખૂબ મોડી, લગભગ અંધારૂં ઘોર થયા પછી જ ત્સાવો સ્ટેશને પહોંચી હતી. સ્ટેશનથી મારા તંબૂનો રસ્તો એક નાની નેળમાં થઇને આવતો હતો. એની સાથે એનો જમાદાર અબ્દુલ્લા હતો અને એ હાથમાં ફાનસ લઈને એની અડોઅડ પાછળ પાછળ ચાલતો આવતો હતો. થોડેક સુધી તો બંને શાંતિથી ચાલતા ગયા, પણ નેળમાં આવતાં જ એક તરફની ભેખડ ઉપરથી અચાનક એક સિંહે તરાપ મારી અને વ્હાઈટહેડને ધૂળ ચાટતો કરી દીધો. સદ્‌ભાગ્યે એના હાથમાં ભરેલી બંદૂક તૈયાર હતી એટલે એ એણે પડતાંપડતાં સિંહ પર ફોડી. એના અજવાળાના ચળકાટથી કે અચાનક થએલા ભડાકાથી ઘડીભર સિંહ ચમકી ગયો હોય જોઈએ, કારણ પોતાના પગમાંથી વ્હાઈટહેડને એણે સરકી જવા દીધો પણ બીજી જ ક્ષણે ભાન આવતાં વ્હાઇટહેડને પડતો મૂકી એ અબ્દુલ્લા ઉપર કૂદ્યો અને એને ઉપાડીને ચાલતો થયો ! એ વખતે એ બીચારો એટલું જ બોલી શક્યો કે 'માલિક ! સિંહ !' જેવો સિંહ એને ખેંચીને ભેખડ ઉપર ચઢતો હતો તેવો જ વ્હાઈટહેડે ફરીથી ગોળીબાર કર્યો; પણ એ એને લાગી નહિ અને ભક્ષ્ય સાથે અંધકારમાં અદૃશ્ય થઈ ગયો. પાંજરામાં બેઠાંબેઠાં સિંહને મેં ખાતાં સાંભળ્યા હતા તે કમનશીબ અબ્દુલ્લાને જ. વ્હાઈટહેડ પોતે અજબરીતે બચી ગયો હતો. એને પડેલા ઘા પણ સદ્‌ભાગ્યે ઊંડા ન હતા, એટલે રૂઝાતાં એને થોડો વખત જ હેરાનગતિ ભોગવવી પડી.

૯. સિંહ સામે જેહાદ

'એ જ (ડિસેમ્બર તા. ૩ ના) દિવસે સિંહની સામે ભેગા કરેલા અમારા દળમાં વળી વધારો થયો. જેમની કીર્તિ હવે આખા દેશમાં ચોપાસ ફેલાઈ ગએલી હતી તે સિંહને મારવામાં સાથ આપવાના ઉદ્દેશથી વીસપચીસ સશસ્ત્ર સિપાહીઓનું નાનકડું દળ લઇને જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. ફાર્કર ત્સાવોમાં આવી પહોંચ્યો, એટલે એના માણસોને દરેક છાવણી પાસે અનુકૂળ ઝાડોમાં ગોઠવી દઈને હવે પૂરી સાવચેતી લેવામાં આવી. વળી સિંહના શિકારની આકાંક્ષાથી બીજા પણ કેટલાક સરકારી અમલદારો રજા લઈને આવી પહોંચ્યા હતા, અને એમાંના દરેકને યોગ્ય સ્થાને સંભાળ રાખવાને ગોઠવી દેવામાં આવ્યા હતા. વ્હાઈટહેડ મારી સાથે જ પાંજરામાં બેસતો. ઠઠ્ઠામશ્કરી તો ભારે થઈ, છતાં મારા પેલા લોખંડી પાંજરાને પુનઃ તૈયાર કરી લેવામાં આવ્યું અને ખોડા તરીકે એક રાતે બે સિપાહીઓને એમાં પૂરવામાં આવ્યા.

રાત પડતાંપડતાંમાં તો અમારી તમામ તૈયારીઓ થઈ ચૂકી અને અમે બધાય પોતપોતાની નિશ્ચિત જગ્યાએ ગોઠવાઈ ગયા. શરૂઆતમાં તો કશું જ બન્યું નહિ, પણ નવ વાગ્યાના અરસામાં ધડાક લઈને પાંજરાનો ભારે દરવાજો બંધ થતો સંભળાયો અને મારા હૈયામાં ટાઢક વળી: 'હાશ ! આખરે...'. મેં સંતોષનો શ્વાસ ખેંચ્યો: 'છેવટે બેમાંથી એકાદ સિંહનો મામલો તો ખલાસ થયો.' પણ વસ્તુતયા તો આ ઘટનાનો અંત અત્યંત શરમાવનારો નીવડ્યો.

પાંજરામાં 'ખોડા' તરીકે પૂરેલા સિપાહીઓવાળા ભાગમાં એક ફાનસ બળતું રાખવામાં આવ્યું હતું. દરેક સિપાહી પાસે માર્ટીની રાઈફલ હતી અને એ માટે પુષ્કળ કારતુસ પણ આપવામાં આવ્યાં હતાં. વળી એમને એવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જેવો સિંહ પાંજરામાં પેસે કે તરત ગોળી ચલાવવી. પણ આમ કરવાને બદલે, સિંહે પાંજરામાં ધસી આવીને બહાર નીકળવા માટે ગાંડોતૂર થઇને ધમપછાડા કરવા માંડ્યા, ત્યારે એ એટલા બી ગયા કે પોતાના મગજ ઉપરનો કાબૂ તદ્દન ગુમાવી દીધો અને બંદૂકો ફોડવાને બદલે શુનમૂન બની ગયા. પાંજરાની પડખે છુપાઇ બેઠેલા ફાર્કરે એમને સાવધાન કરી હિંમત આપી, ત્યાં સુધી તો એમને ભાન પણ આવ્યું નહિ. અને ભાન આવ્યું ત્યારે નિશાન તાકવાનું ભૂલી જઈ ફટાફટ ચોદિશ બંદૂકો ફોડવા માંડી ! હું અને વ્હાઈટહેડ પાંજરાથી કાટખૂણે હતા, છતાં એમની ગોળીઓ સનસનાટ કરતી અમારી ચોતરફ વેરાવા લાગી. બધા મળીને એમણે વીસેક બાર કર્યાં હશે. એના પરિણામે પાંજરાના દરવાજામાંના એક લોખંડના સળિયાને એમણે ઉડાડી દીધો અને એ રસ્તે થઇને અમારો મોંઘો (!) મહેમાન સલામત બહાર નીકળી પોબાર કરી જઈ શક્યો. એને જાનથી મારવામાં સિપાહીઓ શી રીતે નિષ્ફળ ગયા એ વાત એ વખતે તેમ આજે પણ મારા મનથી મોટો કોયડો જ રહ્યો છે, કારણ બંદૂકોની નળીઓ એના શરીરમાં ખોસી શકાય એટલા તો એ નિકટ હતા. પાંજરામાં લોહીનાં ટીપાં પણ પડેલાં હતાં; પણ જે સિંહને પકડવાનું તેમજ હણવાનું તદ્દન ચોક્કસ હતું, તે સહેજ ઘવાયો છે એ જ્ઞાન થોડું જ સંતોષપ્રદ નીવડવાનું હતું?

જોકે એથી અમે તદ્દન હિંમત તો હારી ન જ ગયા. સવાર થતાં જ સિંહ પાછળ જવાની તમામ તૈયારી કરી નાખી અને આખો દિવસ કાંટાળાં જંગલોમાં ભાંખડીએ ફરતાં ફરતાં સિંહની પાછળ જવામાં ગાળ્યો. એમના ઘુરઘુરાટ અવારનવાર વચ્ચેવચ્ચે સંભળાતા હતા, પણ એમની લગોલગ થવામાં અમને સફળતા મળી નહિ. અમારામાંથી માત્ર ફાર્કરને જ એક સિંહનાં, એ એક ઝાંખરૂં ઠેકી જતો હતો તે વખતે, દર્શન થએલાં. બીજા બે દિવસ પણ આ જ વ્યવસાયમાં અમે ગાળ્યા અને નિષ્ફળતા પણ બરોબર એવી જ મળી. એટલે ફાર્કર અને બીજા અમલદારો કંટાળીને એમને ગામ જતા રહ્યા. વ્હાઈટહેડ પણ જિલ્લામાં જતો રહ્યો ને નરભક્ષીઓનો સામનો કરવા માટે પાછળ કોઇ રહ્યું હોય તો ફરીથી એક વખત હું એકલો જ. (ક્રમશઃ)

સંસારનાં શહેરો

૪૧-કાંચી-કાંજીવરમ

મૂળનામ કાંચીપુરમ્ (સુવર્ણનગર)માંથી જનતાએ ટુંકાવેલું 'કાંચી' અને અંગ્રેજોએ બગાડેલું 'કાંજીવરમ્' નામ ધરાવતું, એક કાળે સદીઓ સુધી જાહોજલાલ રહેલું આ શહેર આજે તો, મદ્રાસ ઈલાકામાં ચિંગલપટથી માત્ર ૨૨ માઇલ દૂર નાના ગામ રૂપે રહ્યું છે; પણ એનો ભૂતકાળ એટલો ભવ્ય હતો, અને આજે યે એ ભૂતકાળના અવશેષો તથા લોકહૃદયમાં તેને માટે વસી રહેલો ધાર્મિક આદર એટલા સમૃદ્ધ ને સજીવ છે કે સંસારનાં નોંધપાત્ર શહેરોમાં તેની ગણના થાય.

મદ્રાસની નૈઋત્યે ૪૫ માઇલે, વેગવતી નદીને તીરે આવેલું અને આજે માંડ સિત્તેરેક હજારની વસતિ ધરાવતું આ નાનું નગર ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં ગૌરવશાળી છાપ મૂકી ગયું છે. દક્ષિણદેશના મહાબલવાન ને સાર્વભૌમ પલ્લવ રાજવંશનું એ પાટનગર હતું; શંકરાચાર્ય ને રામાનુજ સમા હિંદુ ધર્મને પુનર્જીવનની અંજલિ છાંટનાર મહાન આચાર્યોની એ કર્મભૂમિ હતું; હિંદુ તત્ત્વજ્ઞાનની મહાશાખાઓ અહીં પાંગરી હતી; તેજસ્વી મેધાવાન કૌટિલ્ય-ચાણક્યની જન્મભૂમિ પણ આ જ નગર. ઇસ્વીસનની યે પૂર્વેથી તે છેક અગિયારમી સદી સુધી એ દક્ષિણ હિન્દની રાજસત્તાનું કેન્દ્ર તથા ધર્મ અને સંસ્કૃતિની ધબકતી નાડ રૂપ બનીને સત્તા ને સમૃદ્ધિની છોળો ઉડાડતું મહિમાવાન મહાનગર રહ્યું હતું. આખા દક્ષિણમાં એના જેટલું પુરાતન ગૌરવ બીજું કોઇ શહેર ધરાવી શકે તેમ નથી. ભભકભર્યા એ ભૂતકાળનું અનેકવિધ પણ મહાન એ ગૌરવ આજે તે બે રીતે જાળવી રહ્યું છે: એ ભૂતકાળના આગ્રશુદ્ધ અવશેષો જેવાં સમૃદ્ધ શિલ્પસ્થાપત્યથી ભરચક મંદિરો વડે ને લોકહૃદયમાં હજી યે જીવંત રહેલી ધાર્મિક મહત્તાથી. 'દક્ષિણ-કાશી'ના નામથી હિંદભરમાં વિખ્યાત થએલું કાંચી ભારતની સાત મોક્ષદાયિકા નગરીઓમાંના એક યાત્રાધામ તરીકે જનતાના હૃદયમાં જેટલું જીવતુ જાગતું છે, તેટલું જ પોતાનાં સૌંદર્યસભર મંદિરોને લીધે એ સંસ્કૃતિ, કલા તથા ઇતિહાસના અભ્યાસીને માટે પણ યાત્રાધામ સમું છે.

આ નગરનો ઉગમ ઇતિહાસની ધૂંધળી ધુમ્મસમાં લુપ્ત થઈ ગયો છે. પુરાતન શિલાલેખો ને નોંધો અહીંથી અસંખ્ય મળી આવવા છતાં તેનું સ્થાપનાવર્ષ હજી જણાયું નથી. પણ ઇ.સ. પૂર્વેના ઘણા સૈકાઓથી એની મહત્તા ગાજતી આવેલી જણાય છે. ઇ.સ. પૂર્વે ૪૨૫માં અહીં આવી ગએલો ચીની પ્રવાસી ફાહિયાન અને ઉત્તર હિંદનો મહાન જ્યોતિષાચાર્ય વરાહમિહિર પોતાના લખાણોમાં તેની મહત્તા નોંધે છે.

ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ભગવાન બુદ્ધ અહીં આવી ગએલા; અશોકનું ધર્મચક્ર પણ અહીં ફરતું હતું; તેણે અહીં અનેક સ્તૂપો બાંધેલા. સાતમી સદીમાં હિંદ આવેલો વિખ્યાત ચીની વિદ્વાન અને ધર્મયાત્રી હુએન સંગ ઇ. ૬૪૨માં પલ્લવ રાજા નરસિંહવર્મા ના રાજ્યઅમલમાં અહીં આવીને રહેલો. તેણે એ કાળનું આ નગરનું ભવ્ય ચિત્ર આલેખ્યું છે. દક્ષિણ હિંદમાં બૌદ્ધ સંસ્કૃતિનું શરૂથી જ કેન્દ્ર રહેલું આ નગર તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓના અભ્યાસ માટે પંકાતું. છેક લંકાથી ભિખ્ખુઓ અહીં અભ્યાસ માટે આવતા. નાલંદની વિખ્યાત વિદ્યાપીઠના આચાર્ય શીલભદ્રની પૂર્વે થઇ ગએલા વિદ્વાન તત્ત્વાચાર્ય ધર્મપાલની આ જન્મભૂમિ હતું. છ ફોસના ઘેરાવાનું આ નગર બૌદ્ધ ધર્મની મહાયાન શાખાની પ્રબળ અસર નીચે ધમધમતું હતું અને સેંકડો વિહારો તથા સંઘારામો અહીં હતા. અને દસેક હજાર જેટલા ભિખ્ખુઓ અહીં કાયમી નિવાસ કરતા. એમ તે લખે છે. એમાંનો એક સંઘારામ આજે પણ શહેરની દક્ષિણે હયાત છે.

તે પછી અહીં જૈન ધર્મની અસર આવી ગઇ. જોકે હુએનસંગે બૌદ્ધ કાળમાં પણ અહીં ઘણા જૈનો હોવાની નોંધ કરી છે. ફરી પાછો બૌદ્ધ ધર્મને ઢાંકતો બ્રાહ્મણ ધર્મ જાગૃત થયો. પલ્લવ રાજવંશનો સૂર્ય તેના મધ્યાહ્ને તપવા લાગ્યો, અને એમના પાટનગર તરીકે કાંચી તેમની જાહોજલાલીનો કળશ બની રહ્યું. પલ્લવો પછી રાષ્ટ્રકૂટો આવ્યા ને તેમની પછી ચોલાંએ અગિયારમી સદીમાં વિજય મેળવી સમસ્ત પ્રદેશ કબજે કર્યો. ત્યારથી કાંચી દક્ષિણનું પાટનગર મટયું. ચોલાએ પલ્લવોના પ્રતાપને પણ પોતાનાં પરાક્રમોથી ઝાંખો કરી દીધો. વારાફરતી ત્રિચી, મદુરા, મ્હેસુર ને વિજયનગર આ પ્રદેશની ભિન્નભિન્ન સત્તાનાં કેન્દ્રો બનવા લાગ્યાં. પણ કાંચીની ધાર્મિક મહત્તા તો કાયમ જ રહી અને બ્રાહ્મણ ધર્મ તેના

(અનુસંધાન આગળ પાન ૧૦૫મે)





કાંજીવરમમાં વરદરાજનું મંદિર અને (ઉપર) એ મંદિરના સો થાંભલાવાળા મંડપનો [illegible]

પશ્ચિમદેશનો પ્રવાસ*



જ્યોતિષાચાર્ય
પંડિત
સૂર્યનારાયણ
વ્યાસ
'વિદ્યારત્ન'

ઉજ્જૈનના શ્રી સૂર્યનારાયણ વ્યાસ મધ્યભારતના શિરોમણિ સાહિત્યકાર છે, અને જ્યોતિષ વિદ્યાના પ્રખર વિદ્વાન હોવા સાથે હિંદી સાહિત્યના અઠંગ અભ્યાસી ને 'મધ્યભારત સાહિત્ય પરિષદ'ના પ્રથમ પ્રમુખ છે. ઉપરાંત, હમણાં એકાદ વર્ષથી તેઓ 'વિક્રમ' નામનું એક શિષ્ટ હિંદી માસિક પણ પ્રકટ કરે છે. શુદ્ધ હિંદી ભાષાના પ્રચાર માટે તેમની ધગશ એટલી બધી છે કે તેમણે મધ્ય ભારતમાં એક હિંદી વિદ્યાપીઠનું સ્થાપન કરવા માટે પ્રાંતના પ્રધાનપુરુષોનું એક મહા આંદોલન કરી તેના શ્રી ગણેશ માંડી દીધા છે. રાષ્ટ્રના ગૌરવથી ધગતા તેજસ્વી મુદ્રાવાળા એ પંડિતજીની લેખિનીનો પ્રસાદ તેમના નિમ્નોક્ત પુસ્તકમાંથી થોડો અત્રે ઉતાર્યો છે.

પ્રસ્થાન

"જોતજોતાંમાં ચાર સાડાચાર વાગ્યા. હવે તો ચાલવાનું જ હતું. ક્યાંસુધી મોહ રાખવો? પૂજ્ય માતાની પાસે જે વખતે રજા લેવાને ગયો ત્યારે મારા પગ નીચે જાણે જમીન નથી એમ લાગ્યું! એમ થયું કે જાણે હું બહુ હલકો બની ગયો છું; અને હમણાં હવાના ઝપાટાથી ઊડી જવાશે એમ માની વારેવારે જોરથી જમીન પર મેં પગ દબાવી રાખ્યા. હૃદયનું તોફાન હવે રોકી શકાયું નહિ. તે રાહ જ જોઈ રહ્યું હતું. જીભ ઉપર તાળું પડી ગયું. કેટલું યે કહેવાનું વિચારીને મળવા ગયો હતો, પણ કોને ખબર કે શબ્દોની ગતિ પણ સીમાબદ્ધ છે! ત્યાં તો આંખો પહેલેથી પોતાનું કામ કરવા લાગી. માતૃનયન સજળ બની ગયાં બસ. હૃદયઝરણીના પુનિત જલથી માતૃચરણોને ધોઈ હૃદય કઠણ બનાવી આગળ વધ્યો

... ...

જહાજમાં અમારો એક નાનોશો સંસાર આ ભવસાગર પર તરી રહ્યો હતો, મોજાંઓને ટક્કરો દેતો પોતાની ધીર ગતિથી લહેરોને ચીરતો આગળ વધી રહ્યો હતો.

લાલ સમુદ્રની અસહ્ય ઉષ્ણતાએ મારો પણ મિજાજ બદલી નાખ્યો. પાટલૂનમાં થતા પસીનાના રેલા મારાથી સહન થઇ ન શક્યા. મેં સાહસપૂર્વક આજ ધોતી ધારણ કરી. આખા જહાજમાં હું એકલો જ ધોતીધારી ભારતીય હતો. ધોતીથી બહુ સાનુકૂળતા થઈ. કઈક અંગ્રેજો મારી આ વેષભૂષા વિસ્મિત મુદ્રાથી જોતા હતા. મારા એક મિત્ર જે મને પૂરો અંગ્રેજ બનેલો જોવા ચાહતા હતા તેને એ ગમતું નહોતું. મુંબાઈના સર્વમાન્ય ડૉક્ટર મુલગાંવકર જેવી વ્યક્તિને અચકન સુરવાલ અને એક સાદી ટોપીમાં હું જોતો ત્યારે મારું હૃદય બેચેન બની જતું કે મેં મારી અજ્ઞાનતાથી જ નાહક કોટ-પૅન્ટ-ટાઈનું બંધન સ્વીકારી લીધું છે. જ્યારે અંગ્રેજ સ્રીપુરુષો આ ગરમીની અસહ્ય વેદનાથી કાયર બની અર્ધઉઘાડા રહેતા દેખાયા ત્યારે એમની સભ્યતા ઉપર કોઈએ આંગળી પણ ન કરી. એટલે મને મારા ધોતી-પહેરણે ફરી આકર્ષણ કર્યું. મહાપરાણે રાતનું શુભાગમન થયું. હવા તો બંધ હતી, પણ રવિકિરણમાલાની તીક્ષ્ણતા ગઈ અને ચંદ્રનાં શાંત કિરણો નયનાનન્દ દઈ રહ્યા. પ્રશાંત સ્તબ્ધ મહાસાગરના વક્ષઃસ્થળ ઉપર કેટલા ય ખંડોમાં વિભક્ત બની ક્રીડાકલ્લોલ કરી રહ્યાં. યાત્રીગણ આ મોહક દૃશ્યને જોતો આત્મસંતોષ પામી રહ્યો હતો.

ભૂમધ્ય સાગરમાં

લગભગ રાતના નવ સાડાનવ વાગ્યા હશે, તેવામાં પુનાના મિ. મહમુદ ઉતાવળા આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા: 'પંડિતજી! જરા ઉપર ચલિયે. આજ તો આપ હી કુછ બતા સકેંગે કિ ક્યા હોનેવાલા હૈ'.

મેં પૂછ્યું: 'કોઈ આફત આઈ હૈ ક્યા?'

તેણે કહ્યું: 'આપ ઉપર તો આઇયે!'

નાઈટગાઉન પહેરી તેની સાથે ઉપરના તુતક પર જતાં એણે આકાશ તરફ ઈશારો કરતાં મને બતાવ્યું તો નિર્મળ આકાશમાં ચંદ્ર રક્ત જેવી લાલિમા ધારણ કરી રહેલો દેખાયો. બીજું મિત્રમંડળ પણ બહુ ઉત્સુકતાથી એ દૃશ્ય નિહાળી રહ્યું હતું. હું પણ તે જોઈ રહ્યો. ખરેખર, આસપાસના કોઈ પણ કારણ વગરનો આ રક્તમય ચંદ્ર વિશેષ વિસ્મયજનક બની રહ્યો હતો. મેં તો તેમને સ્પષ્ટ કહ્યું કે આ કોઈ મહા ઉત્પાતનું સૂચન છે, રક્તપાતનું ચિહ્ન છે. ચંદ્ર દ્વારા આવી અનેક ઘટનાઓની સૂચના મળે છે. પણ જાણવું જોઇએ કે આવું અહીં જ દેખાયું છે કે બીજે બધે પણ? આવું બીજે ક્યાંક્યાં દેખાયું તે જો જણાય તો એનો પ્રભાવ કયા દેશોમાં પડશે તે સમજી શકાય. નિઃસંદેહ આ ભયોત્પાદક છે, યુદ્ધસૂચક છે; પણ ક્યાં ક્યાં?

... ...

ચૌદ દિવસોથી નિરંતર ગતિએ ચાલતું અમારું જહાજ આજ રાતે માર્સેલ્સ પહોંચી જશે. સ્મૃતિપટ પર અનેક કલ્પનાચિત્ર રચાઇ રહ્યાં હતાં. ઉત્સાહ, વિયોગ, આનંદ અને ખિન્નતાનાં વિચિત્ર સંમિશ્રણો જાણે થઇ રહ્યાં. સૌ પોતપોતાનો સામાન સમેટી લેતું હતું. આજ રાતભરમાં ખાલી થઇ જવાનું હતું. જહાજના કર્મચારીઓ પણ પોતાના આ ક્ષણસ્થાયી પ્રવાસી મિત્રો જોડે એક મોહક નાતો બાંધી લે છે. એમના ચહેરા પરે આજ એક અજબ ક્લાન્તતા હતી.

માર્સેલ્સનું કસ્ટમ

સવારે નવ વાગ્યે અમે જહાજનો મોહ છોડી, નવી નગરીના નિરીક્ષણના ઉત્સાહથી ભર્યા, ફ્રાંસની ભૂમિ પર ઊતર્યાં. પણ એ ઉત્સાહ ટકી ગયો. ૧૨ વાગ્યા સુધી અમારી પેટીઓ કસ્ટમના ચોગાનમાં મોં ઉઘાડાં કરી સતૃષ્ણ ભાવે પડી રહી. પણ કસ્ટમ ખાતું જેનું નામ! કસ્ટમ વાસ્તવમાં 'કષ્ટમ્' જ હતું. એ કદિ 'સુખમ્' કેમ બને! હું તો મનમાં ને મનમાં આ પ્રથમ પદાર્પણના સમયે પરેશાનીથી ગભરાઈ રહ્યો હતો. અહીંનો અનુભવ ધરાવનાર મારા સાથી પણ કોણ જાણે ઠુંઠવાઈ ઊભા હતા. અને બીજી તરફ ભૂખની સતામણી વળી જુદી. આ તો અહીં રોજનો કાર્યક્રમ છે. ...... આખરે ૧૨॥ વાગ્યે 'કૂક'નો એક ભલો આદમી મળી ગયો, તેને મેં મારી રામ-

* 'પુસ્તકભંડાર' લહેરિયાસરાય (બિહાર) તરફથી પ્રકાશિત, જ્યોતિષાચાર્ય પંડિત સૂર્યનારાયણ વ્યાસ 'વિદ્યારત્ન' કૃત, 'સાગર-પ્રવાસ' નામના પુસ્તકમાંથી

કહાણી સુણાવી. એણે કસ્ટમ અધિકારીને સમજાવી પટાવી સામાનની તપાસ ૧૫-૨૦ મિનિટમાં કરાવી એ ફંદામાંથી મને છૂટો કર્યો.

હૉટેલમાં

અમે અહીં એક નવી પ્રથા જોઇ. આ પીઓ, ફળ ખાઓ અથવા ખાણું લ્યો; તમારે પૈસાનું બિલ માગવું ન પડે. તેમ કોઇને પૂછવું યે ન પડે. જે ડિશ કે પ્યાલામાં તમે ખાધું કે પીધું હોય તેને ઉલટાવી જુઓ. એટલે તેના તળિયે કેટલા પૈસા ચુકવવા તેની છાપ નજરે પડે! જેવી વસ્તુ તેવી કિંમત આંકેલી ડિશ કે પાત્ર તમને આપવામાં આવે. ઉપાડાર લઈ કિંમત વાંચી ચૂકવી દેવું. કોઈને કંઇ કહેવા સાંભળવાનું જ નહિ. લોકોનો વ્યવહાર પણ બહુ પ્રામાણિક અને સભ્યતાવાળો.

ઑસ્ટ્રિયાનું એક નગર

બડગેસ્ટાઇન નામના ગામે મારી યાત્રા પૂરી થઈ ત્યાં મારે મારા રોગનું નિદાન કરાવવાનું હતું અને વિશ્રાંતિ લેવાની હતી.

શહેરની બધી હૉટેલો ચિક્કાર હતી. તપાસ કરતાં મહામુશીબતે 'ઇમ્પીરિયલ' હૉટેલમાં જગ્યા મળી. નગરના મધ્ય ભાગે એક નિરંતર પ્રવાહિત રહેતા મોટા ઝરણ પાસે તેનું ભવ્ય મકાન હતું.

આ નગર પર્વતના એક મસ્તકભાગ ઉપર વસેલું છે. બહુ ઊંચી જગ્યાઓ સુધી રેલવે અને મોટરો યાત્રિકોને પહોંચાડે છે. અમારી બારી આગળના માર્ગમાંથી અનેક નાનામોટાં શૈલશૃંગ હિમાચ્છાદિત ઊભેલાં દેખાતાં હતાં. પણ અહીં ભાષાની અગવડનો પાર નહોતો. અમે ઑસ્ટ્રિયન સમજીએ નહિ; હૉટેલમાં કોઈ અંગ્રેજી જાણે નહિ. અને ભોજનની પણ ચિંતા હતી. એટલે હૉટેલ બદલવાનો નિશ્ચય કર્યો. સામે જ એક બહુ મોટી હૉટેલ હતી. ત્યાં લગભગ ૩૦૦ રૂમ હતી. ત્યાં તલાશ કરતાં ખબર પડી કે ૧૦ વાગ્યે બે કમરા ખાલી થવાના હતા. અમે તુરત તે રીઝર્વ કરાવી લીધા.

૧૦ વાગ્યે અમે અમારો સામાન સમેટી એ સુસજ્જિત ભવ્ય પ્રાસાદમાં ધામા નાખ્યા. દરેક રૂમમાં તેમજ જવા-આવવાના માર્ગ પર મખમલની બિછાત હતી. રૂમને ગરમ રાખવાનાં હીટરો હતાં, કીમતી કોચ-ખુરશીઓ, ટેબલ ને આરામખુરશી હતાં. શુદ્ધ વાયુ-પ્રવેશની પણ સરસ સગવડ હતી. નીચે ઉન્નત શૈલશિખરથી ઊતરી પાતાળ સુધી સંદેશ લઈ જતું ઝરણ ઝરઝર વેગથી વહી રહ્યું હતું. પ્રકૃતિની અભિરામતાથી મુગ્ધ બની આ ઓરડાને અમારા પ્રવાસનું વિશ્રાન્તિસ્થાન બનાવી લીધું.

હૉટેલના એક કમરાનું રોજનું ભાડું ૩૫-૪૦ શિલિંગ (૨૫-૩૦ રૂપિયા) હતું; પણ અહીંની વ્યવસ્થા સુખપ્રદ હતી. હૉટેલનો કોશલ (મૅનેજર) અંગ્રેજી જાણતો હતો. ભોજન અને બ્રેકફાસ્ટ માટે આ હૉટેલ શહેરમાં ખૂબ જાણીતી હતી અને બીજેથી પણ પ્રવાસીઓ અહીં લંચ-ડિનર લેવા આવતા. શાકાહારની મનમાનતી ગોઠવણ પણ અમારા માટે થઇ ગઈ.

સ્વાસ્થ્ય-સુધાર

હવે મને સર્વ પ્રથમ મારા સ્વાસ્થ્યસુધારને માટે રેડિયમ-બાથ લેવાની ચિંતા હતી. એટલા માટે તો હું છેક હિંદથી અહીં આવ્યો હતો. સ્નાનની ગોઠવણ તો હરેક હૉટેલમાં હોય છે, પણ તે માટે પ્રથમ ડાક્ટરી પરીક્ષા ને પ્રમાણપત્ર જોઇએ; નહિ તો સ્નાન દુર્લભ થાય છે. મૅનેજરને પૂછી ત્યાંના વિખ્યાત ડૉ. ઑટો ગિર્લીને મળવા ગયો.

કઇક અમીર લોકો તેને મળવાની રાહ જોઇ બેઠા હતા. ૧॥ કલાક પછી મારો નંબર આવ્યો. ડૉક્ટરે મને દૂર દેશથી આવેલો જોઇ ઘણી શાંતિ, નમ્રતા અને ઉત્સુકતાથી સલાહ આપી. તેણે કહ્યું, 'તમે સ્વસ્થ છો; પછી સ્નાન કરવાનું કેમ ઈચ્છો છો?' મને નવાઇ લાગી. દોઢ વર્ષથી એનીમિયાની ચાલુ બીમારીથી નિરાશ થઇ ગએલો માણસ એકદમ સ્વસ્થ કેમ થઇ ગયો!'

પણ ડૉક્ટરે મને સમજાવ્યું કે સાગર-લહેરોના પવને મને ઠીકઠીક સ્વસ્થ બનાવી દીધો હતો. વાસ્તવમાં મારા શરીરમાં એનીમિયાનો વિકાર જ નહોતો કે મને રેડિયમ-બાથની જરૂર હોય. પણ રેડિયમ-બાથથી મને વિશેષ લાભ મળે એમ હોય તો મને અનુમતિ આપવા મેં એમને વિનતિ કરી, અને એમણે મારી વાત સ્વીકારીને સ્નેહપૂર્વક ૧૫ મિનિટ સુધીના રેડિયમ-સ્નાન માટે સર્ટિફિકેટ લખી આપ્યું. તે પછી હું આભાર માની ઊઠવા જતો હતો ત્યાં એમણે પૂછ્યું: 'પણ તમે મને કહ્યું નહિ કે તમે કયા દેશમાં રહો છો અને શો ધંધો કરો છો?'

'હું ભારતવાસી છું અને આપના જેવો જ એક ધંધો કરું છું' એમ મેં સંકોચથી કહ્યું. પણ મારા સાથીએ મારો પૂરો પરિચય આપી દીધો. એટલે તો ડૉક્ટર મને બહુ આદર અને પ્રેમથી બેસાડી અંદર ગયા અને થોડી વારે કેટલાક કાગળો લઇ આવ્યા.

'તમે હવે મારો ઇલાજ કરો. મારી જિંદગીનો અહેવાલ સુણાવો.'

મેં જોયું કે ડૉક્ટરની પાસેના કાગળોમાં પાશ્ચાત્ય પંડિતોએ બનાવેલી પત્રિકા હતી. તે પરથી જન્મ સમય, તિથિ, માસ, વર્ષ આદિ લખી મેં વિદાય લીધી અને વચન આપ્યું કે તેમનું 'લાઇફ-રીડિંગ' કરી આપીશ.

રેડિયમ-બાથ

આ બહુ અગત્યનું કામ પતાવી હું આવાસ-ભવનમાં આવ્યો. મૅનેજરને પ્રમાણપત્ર બતાવ્યું અને સ્નાનની રજા લીધી રૂમમાં જઈ સ્નાનીય વેશ (બાથ-ગાઉન) ધારણ કરી લિફ્ટ આગળ ગયો, જ્યાંથી ત્રણ માળ નીચે સ્નાનગૃહના એક સુંદર ખંડમાં હું પહોંચ્યો. ત્યાં નહાવાયોગ્ય ટેમ્પરેચર (ઉષ્મા) પ્રમાણે ગરમ અને ઠંડા પાણીનો હોજ ભરી આપવામાં આવ્યો. સામે જ એક કોચ હતો; ઉપર ગરમ વસ્ત્ર હતું. વીજળીથી વસ્ત્રો ગરમ રાખવાનો એક ગોખ હતો. નહાવાનો સમય બરોબર સાચવી શકાય તે માટે દીવાલ ઉપર ઘડિયાળ હતી. પંદર મિનિટ સ્નાન કરવાની સૂચના સાથે ત્યાંના રખેવાળે મને નિયમો સમજાવી દીધા અને બારણું બંધ કરીને ચાલ્યો ગયો. હું બહુ ડરતો ડરતો હોજમાં ઊતર્યો. કદાચ અંદર વીજળીનો પ્રવાહ હોય તો! પણ એવું કંઈ ન લાગ્યું. શરીર ઢીલું બની આખા યે અંગમાં રોમાંચ થઈ ગયો. ઝીણી ચૂંટીઓ ખણાતી હોય એમ આખા દેહમાં જણાવા લાગ્યું અને 'સન્ન-સી' 'સન્ન-સી' અવાજ થવા લાગ્યો. પાણીમાં એક દોરી તરતી પડેલી હતી તે મેં સહસા પકડી લીધી. પણ આ શું? એ પકડતાં વેંત દરવાજા બહારની ઘંટડી વાગવા લાગી અને હોજમાં શીતોષ્ણ જળ ધડધડ ભરાવા લાગ્યું. તરત હું સમજ્યો કે પાણી કમી થઈ જાય ત્યારે એ દોરી ખેંચતાં ફરી જલ-પૂર્તિ થાય છે. આ રીતે નવો અનુભવ લઈ ૧૫ મિનિટ પછી હું બહાર નીકળ્યો. ડૉક્ટરે જતાંજતાં મને જણાવ્યું હતું કે સ્નાન લીધા બાદ અરધો કલાક વિશ્રાન્તિ લેવી લાભપ્રદ છે. પણ હું જલમાંથી બહાર આવતાં જ નિદ્રાભિભૂત થઇ ગયો અને એ કોચ ઉપર જ વિશ્રાંતિ લીધી થોડી વારે તો નવી સ્ફૂર્તિનો અનુભવ કરતો હું મારા કમરામાં પાછો ગયો.

'રેડિયમ-બાથ'નો દૈનિક ઉપચાર લેવાથી મારા શરીરમાં નવજીવન સંચાર કરી રહ્યું અને સ્ફૂર્તિની લહેરો દોડવા લાગી. અન્નપચન પણ ખૂબ થવા લાગ્યું. નિયમિત ને આવશ્યક પોષક પદાર્થો અને યથેચ્છ ફળોના સેવનથી ક્રમશઃ હું નિર્બળકાય મટતો [illegible] અને પછી તો પ્રતિદિન નગર-નિરીક્ષણ અને ભ્રમણ કરવાનું [illegible]

ડૉક્ટરી સલાહથી અહીં બહુ સ્નાનાર્થીઓ આવે છે. [illegible]

નગરમાં પાંચસાત યુવક યુવતી માંડ જોવામાં આવે. વૃદ્ધ અને આધેડ પુરુષોની જ ભરતી અહીં છે. અને સાંજને વખતે ઘણે ભાગે બધા ફરતા નજરે પડે છે. વયોવૃદ્ધ અને શગશિથિલ ગાત્રવાળા લોકો એક વાર અહીં આવી સ્વસ્થ અને ભલાચંગા થઇ પાછા જાય છે. બડગેસ્ટનમાં બીજો કોઈ ધંધો નથી; હૉટેલો જ છે, જે સીઝન પુરતી ખુલ્લી રહે છે અને પછી બંધ થઇ જાય છે.

ભારતીય મિલાપો

અહીં રસ્તામાં કેટલાક ભારતીય લોકો જોવામાં આવ્યા. એક વાર સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ફરતાફરતા સડક પર મળ્યા. મને ટોપી પહેરેલો જોઈ તેમની ઝડપ રોકાઇ ગઇ. તેઓ પાસે આવી ઊભા અને સહસા અનેક પ્રશ્ન કર્યા. એમની સરળતા અને સૌજન્યથી હું બહુ પ્રભાવિત બન્યો. અમે ઘણી વાર સુધી સડકના એક ખૂણા પર વાતો કર્યા કરી. તેઓ પણ અહીં 'રેડિયમ નેચર કયૉર બાથ' લેવાને આવ્યા હતા અને એક બે દિવસમાં ઇંગ્લંડ જતા રહેવાના હતા.

થોડે દૂર જતાં વળી એક હિંદુસ્તાની સજ્જન દેખાયા. કપુરથલા મહારાજાના તે મંત્રી હતા અને મહારાજા સાથે આવેલા હતા. સર તુકોજીરાવ હોળકર પણ અહીં હતા.

મહારાજા ગાયકવાડ

એક વખત સવારે હું બાથ રૂમમાં જવાને લિફ્ટની પાસે પહોંચ્યો ને બટન દબાવ્યું. એવામાં જોઉં છું તો મહારાજા સર સયાજીરાવ એ જ લિફ્ટ ઉપર ચડી રહ્યા છે! દરવાજો ખુલ્લો હતો, એટલે તે બહાર આવ્યા. હું એક બાજુ ખસી ગયો અને નમસ્કાર કર્યા. તેમણે પણ મંદ સ્મિત-મુદ્રાથી નમસ્કાર ઝીલ્યા. હું સ્નાનીય વેશમાં હતો એટલે લિફ્ટમાં પેસી ગયો ને અનેક તર્કવિતર્ક કરતો સ્નાનગૃહમાં ગયો.

બીજે દિવસે આઠ-સાડાઆઠના શુમારે મારા કમરાનું બારણું ખખડાવી એક સજ્જન અંદર આવ્યા. તે હિંદી હતા. મારો પરિચય પૂછી થોડી વારમાં આવવાનું કહી ચાલ્યા ગયા. એણે માત્ર એટલું કહ્યું કે પોતે વડોદરાના છે. હું સમજી ગયો કે કાલની ઘટનાથી આ પ્રસંગ બન્યો છે. અરધા કલાક પછી તે સજ્જન પાછા આવ્યા અને મને કહ્યું 'આપને મહારાજા મળવા ચાહે છે.' એ સાંભળી મારા આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો કે મારા દેશના એક મહાન નરેશનું દર્શન કરવાની તક આટલા દૂર દેશમાં મળી. હું થોડીવારમાં તૈયાર થઈ તેમની સાથે ગયો. એ જ હૉટેલના એક ભવ્ય હૉલમાં મહારાજા ઊતર્યા હતા. સાથે આવેલા સજ્જને અંદર જઈ મારી સૂચના આપી.

થોડી વારે હું અંદર દાખલ થયો. મહારાજા સાહેબ મને જોતાં જ ઊભા થયા ને ઘણા સ્નેહથી હસતાંહસતાં હાથ મિલાવી મને પાસેની ખુરશી પર બેસવાનું કહ્યું. લગભગ વીસ મિનિટ સુધી તેમની સાથે મીઠી વાતો ચાલી. મહારાજા બહુ ઉતાવળે બોલતા હતા. એમની વાણીમાં તેજ અને વેગ હતાં. એમને યૂરોપની ઘણી માહિતી હતી. મારે શું શું, કેમ કરવું, કેવી રીતે જોવું જાણવું તેના સંબંધમાં અસ્ખલિત વાણીથી તેમણે પોતાના અનુભવ અને પૂર્ણ વિચારો વ્યક્ત કર્યા. હરેક વાતમાં એમનું સૂક્ષ્મ નિરીક્ષણ જણાતું હતું.

એ વખતે તેઓ લગભગ ૭૭ વર્ષની વયના વૃદ્ધ હતા, છતાં યુવકોને લજ્જિત કરે તેવી સ્ફૂર્તિ, તેજસ્વિતા અને કાર્યશક્તિ ધરાવતા. એમની સામેના ટેબલ ઉપર કાગળોનો ઢગલો હતો. બીજા નરેશોની જેમ તેઓ યુરોપમાં જઈ આરામ ન કરતા, બલ્કે એ નિર્મલ વાતાવરણમાં એકાંત ચિત્તથી રાજ્યનો મહત્ત્વનો ભાર વહન કરતા હતા અને યુરોપના સ્વાસ્થ્યપ્રદ વાતાવરણમાં અત્યંત શ્રમ સાથે કર્મશીલ રહેતા. ક્ષણભર પણ તેઓ નવરા ન રહેતા; કામ કરતા જ રહેતા. એમની પાસે ગણીગાંઠી ૩-૪ વ્યક્તિઓ રહેતી. બધાં કામ પોતે જ કરતા. બહુ જ નિયમિત અને વ્યવસ્થિત રહેવાને કારણે એ વૃદ્ધ વયમાં પણ તેઓ યુવકો જેવા તેજ રહેતા. ભારતવર્ષના સમસ્ત નરેશોમાં તે ખરેખર એક મહાન વ્યક્તિ હતા.

કેટલોક સમય તેઓ પોતે જ પ્રવાહમાં બોલ્યે ગયા, અને હું તો એમની તરફ એક ચિત્ર જેવો જોઈ રહ્યો. એમનું વક્તવ્ય પૂરું થતાં મેં નમ્રતાપૂર્વક નિવેદન કર્યું: 'શ્રીમંત! મારા દેશથી બહુ દૂર, મારી માતૃભૂમિના એક આદર્શ મહાપુરુષ નરેન્દ્રના દર્શનનું સૌભાગ્ય પામી હું આજ કેટલો સુખી અને આનંદિત થયો છું એ શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી. મારો આજનો દિવસ મહાપર્વ સમો—' પણ વચમાં જ મને રોકીને મહારાજાએ મંદ સ્મિત કરી કહ્યું, 'નહિ; હું મહાપુરુષ નથી. હું તો મારી માતૃભૂમિનો એક છોટો શો સેવક છું.'

એ મહાન રાજપુરુષની આ સરળતા અને સાદાઇ પર હું મુગ્ધ બની ગયો. બહુ વખત થવાથી મેં રજા માગી. મને વિદાય કરતાં તેઓ બોલ્યા કે તમને મળવાથી બહુ આનંદ થયો. કોઇ વાર વડોદરા આવજો. એ ક્ષણોની અલુપ્ત સ્મૃતિ લઈ હું મારા ઓરડામાં ગયો.

મહારાજા સર તુકોજીરાવ હોળકરના દર્શનનું સૌભાગ્ય પણ મને અહીં મળ્યું હતું.

સેલ્સબર્ગ

સેલ્સબર્ગ એ ઑસ્ટ્રિયાનું મનોહર નગર અને સૃષ્ટિનું સુંદર નિકેતન છે. એ પર્વતશૃંગો પર વસ્યું નથી, પણ ગિરિમાળાઓની હરિયાળીથી ઘેરાએલા સમથલ ભૂભાગ પર ભવ્ય પ્રાસાદો અને વિજળીક રોશનીથી ઝગઝગાટ કરતું શોભાધામ છે. સંગીત, નૃત્ય ને નાટ્યને માટે એ ખાસ વિખ્યાત છે. સપ્ટેમ્બર ત્યાં જલસાઓની સીઝન છે અને સમસ્ત યુરોપમાંથી હજારો નરનારી એની મોહિનીથી આકૃષ્ટ થઇ ત્યાં દોડી આવે છે. આખા ઑસ્ટ્રિયામાં એક આ જગ્યા પર રોમન, જર્મન અને સ્લાવ જનતા એકહૃદય બની અહીંની રંગસ્થલીમાં સોનું-સુગંધ બની વસી છે. કહેવાય છે કે અહીંનાં જેવાં નાટકો સમસ્ત યુરોપમાં ભજવાતાં નથી. અહીંની નાટકશાળા એક મહાન અટ્ટાલિકા છે, જેમાં હજારો નરનારીઓનો સમાવેશ થઇ જાય છે.

મારી ટોપી

મારી ભારતીય ટોપીએ હજારો નેત્રોને મારી તરફ આકૃષ્ટ કર્યાં. મારી ડાબી-જમણી, સામી-પાછળની બાજુઓની નજરોનું તે નિશાન બની ગઇ, એટલું જ નહિ પણ કેટલા યે કૅમેરા બંદુકની જેમ મારું નિશાન તાકી રહ્યા હતા. કોના કોના કૅમેરામાં હું કેદ થયો છું તે તો હું જાણી શક્યો નહિ; પણ એક ફ્રેંચ રમણી મારી નિકટ આવી અને પાસેની ખુરશી પર બેસી કહેવા લાગી: 'આહ! આપની પાસેની આ સુંદર ટોપીએ કેટલાનું ખેંચાણ કર્યું છે!' મેં કહ્યું: 'ધન્યવાદ. મારી અથવા મારી ટોપીના આકર્ષણની વધારે બીજી શી સાબીતી જોઈએ કે આપના જેવાં શ્રીમતી મારી નિકટ નિઃસંકોચ આવી બેઠાં!'

'નિઃસંદેહ, આપ ભારતીય છો એટલે આકર્ષણનો વિષય થાઓ. પણ જુઓ; લોકો તો માત્ર આકૃષ્ટ બન્યા અને મને તો આપના પરિચયનો લાભ મળ્યો.'

ભારતવાસીઓ તો ત્યાં ઘણા હતા, પણ ભારતીય વેષભૂષામાં તો હું એકલો જ હતો. એથી જ એ કુતૂહલ બન્યું."

. . .

ઑસ્ટ્રિયાનું નગર વીએના, સ્વિટ્ઝર્લૅન્ડનાં શૈલનગરો અને બીજાં રમણીય સ્થળોનાં વર્ણનો, વ્યક્તિપરિચયો અને પોતાનાં અવલોકનો વડે એ આખું યે પુસ્તક પંડિતજીની તત્કાલીન મનોલહરીઓનું સુંદર દર્પણ બન્યું છે.'

સંસારનાં શહેરો

(અનુસંધાન પાછળના પાન ૧૦૧થી)

(અનુસંધાન પાછળના પાન ૧૦૧થી)

પૂર્ણ સ્વરૂપમાં અહીં જન્મ્યો. તેમાં જોકે શૈવો અને વૈષ્ણવોના ઝગડા થયા; પરંતુ અંતે તો એ એક જ બ્રાહ્મણ ધર્મ હતો, એટલે બૌદ્ધ કે જૈન ધર્મની પેઠે કોઈનો નાશ ન થયો અને એક બાપના બે દીકરા પેઠે તેમણે કાંચીની જાગીર વહેંચી લીધી. એમાંથી જ આજનાં છે તે 'શિવકાંચી' અને 'વિષ્ણુકાંચી' એ બે જુદાંજુદાં કાંચી બન્યાં. બંને સંપ્રદાયના નવા નવા રાજાઓ થતા ગયા અને બંને પંથોનાં સુંદરતર મંદિરો બંધાતાં ગયાં. એ મંદિરોની શિલ્પસમૃદ્ધિ એ આજે કાંચીની મુખ્ય સમૃદ્ધિ છે.

બે છેડાઓ વચ્ચે ચારેક માઇલના અંતરમાં પથરાએલું પંડ્યું કાંચી, બૌદ્ધ જૈન વૈષ્ણવ અને શૈવ મંદિરોનો એટલો મોટો સમૂહ ધરાવે છે કે તે મંદિરોનું મહાનગર કહેવાય છે. મંદિરો ઉપર જ એની ઉપજીવિકા છે. જોકે તે ઉપરાંત ઊંચા રેશમી અને સુતરાઉ વણાટનો ધંધો પણ અહીં છે. અને તે અહીંનો એકમાત્ર છતાં ખાસ વિશિષ્ટ ધંધો છે. વૈષ્ણવ મંદિરોમાં વરદરાજનું મંદિર અને શૈવ મંદિરોમાં કૈલાસનાથ, એકામ્બરનાથ અને કામાક્ષી—અમ્મા (એટલે પાર્વતી) નાં મંદિર શ્રેષ્ઠ ગણાય છે. વરદરાજના મંદિરનો સો થાંભલાનો વસંતમંડપ એ અહીંનું સર્વોત્તમ આકર્ષણ છે. એકેએક થાંભલા પર શિલ્પીઓનાં ઘણાં સ્વપ્નો અને ઘણી પ્રતિભા આકારિત બન્યાં છે. અલબત્ત, બેલૂરનાં મંદિરોની સફાઇ અને ઝીણવટ અહીં ખૂટે છે; પણ કલ્પના તો પૂર બહારમાં અહીં ઊછળી રહી છે. મનુષ્યો, પશુઓ અને ફૂલવેલને વિષયે બનાવી તેમના અનેક પ્રકારના સંયોજનથી થાંભલે થાંભલે નવી જ રચના અહીં કરેલી છે

કાંચીના વિશાળ વિસ્તારમાં આ મંદિરો ભરચક પથરાએલાં હોવા છતાં તે ગમે તેમ આડેધડ ઊભાં કરી દેવામાં નથી આવ્યાં, પણ તેની પાછળ દ્રાવિડી નગરસર્જકોની યોજનાબુદ્ધિ રહેલી જ. આધુનિક જગતના વિખ્યાત નગરરચના-વિશારદ પ્રો. પૅટ્રિક ગેડિસ એને વિષે કહે છે કે 'ભવ્ય વિશાળતાના સમૂહગત સંયોજનનો ખ્યાલ રાખવાની સાથેસાથે એક એક મંદિરનું કલાત્મક વ્યક્તિત્વ સુરૂપણે સચવાય એ રીતનું આટલું સુંદર નગરનિર્માણ મેં હિંદમાં કે બીજે ક્યાંય જોયું નથી.'

કાંચીની પુરાતન મહત્તાનો ઇતિહાસ આપણે જોઈ ગયા. ૧૧મા સદીમાં ચોલોને હાથે પાટનગરપદ ગુમાવ્યા પછી ઈ. ૧૩૧૦માં મુસ્લિમોએ આ પ્રદેશ પર કરેલા આક્રમણનો તે ભોગ બન્યું. ત્યાર બાદ વિજયનગરના મહારાજ્યને હાથ તે ગયું. ત્રણ સૈકા પછી ફરી વાર ૧૬૪૬માં મુસલમાનોએ તે લીધું. તેમના પાસેથી ૧૬૭૭માં મરાઠાઓએ એને જીત્યું, પણ એ તો ટૂંક મુદત માટે જ. વળી પાછું ઔરંગઝેબે એને હસ્તગત કર્યું, અને મુઘલ રાજ્યના અંતની સાથે ૧૭૫૨માં ક્લાઇવે એનો કબજો લીધો. ત્યાર પછીના દોઢ દસકામાં ફ્રેન્ચો અને બ્રિટિશ વચ્ચેના વિગ્રહોમાં કાંચી પણ બે એ સત્તાઓના હાથમાં અથડાયા કર્યું. ૧૭૫૭માં ફ્રેન્ચોએ એના મંદિરને આગ લગાડી, પણ બહુ નુકસાન ન થયું. ૧૭૬૦માં હૈદરઅલીએ એને લૂટ્યું. પણ અંતે એ બ્રિટિશોના હાથમાં ઠરીઠામ થયું તે આપણે જાણીએ છીએ.

આમ, ઇતિહાસની ચિત્રવિચિત્ર શતરંજ પર અથડાઇને અનેક વારૂ ફેરો ઝીલેલું હોવા છતાં, હજી પણ ત્યાંનાં સૌમ્ય તળાવો, અત્ય-પ્રશાન્ત ગોપુરમ્ તથા શિલ્પકલા મંદિરોનાદ ઘડીભર તો એ નગરની આવી વિષમ લડાઈ-ઝાંખી ભુલાવીને આપણી આગળ પુરાણું વાતાવરણ ઊભું કરી મૂકે છે.

કરકસર અને બચાવની રીતો

આજના યુગની મોંઘવારી, તેમજ વસ્તુઓ માલ અને ઉપયોગી પદાર્થોની અછત મનુષ્યજીવન માટે અતિ વિકટ ને મુસ્કેલ પ્રશ્ન થતો જાય છે. તેની સામે થવા, અથવા બની શકે તેટલો ટકાવ કરવા દરેક જણ કંઇ ને કંઇ ઉપાય કે નુસખા અજમાવવા કે જાણવા ઇંતેજાર હોય તે સ્વાભાવિક છે. જેમના જેમના જાણમાં કે અનુભવમાં કંઇ આવ્યું હોય તે જનકલ્યાણાર્થે બીજાને જણાવે કે પ્રચારે તો મોટી દેશસેવા કરી ગણાશે.

આ બાબતમાં અમે 'કુમાર' મારફતે દરેક વાંચનારને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે તેમના પોતાના વ્યવહારમાં, ઘરમાં, શહેરમાં કે ખાતામાં, કરકસર અને બચાવના જે પ્રયોગો, રીતો કે પદ્ધતિનો અમલ થયો હોય તે અમને લખી મોકલશો તો અમે યોગ્ય રૂપમાં તે હવે પછીના અંકોમાં પ્રકટ કરીશું. પ્રત્યેક લેખકને યોગ્ય પ્રસિદ્ધિ આપીશું અને બહુ પ્રમાણમાં સારાં સૂચનો મળશે તો થોડાં સારાં પારિતોષિકથી કદર કરીશું.

દાખલા તરીકે (૧) નિશાળોમાં બાળકોની કરકસર અને ખર્ચનો બચાવ; (૨) ન્યૂસપેપરો અને તેના ઉપયોગ; (૩) લૂગડાંના કપડામાં શો ફેરફાર કરવો, જેથી ઓછું કાપડ વપરાય; અને ફાટેલાં કપડાં ક્યાં સુધી ઉપયોગમાં આવી શકે,—છેવટ ચીંથરાં સુધી કેટલા ઉપયોગ થાય; (૪) દીવાબત્તી, સ્ટવ, દીવાસળી, બળતણ વગેરેમાં બચાવ અને હૂંફ ખર્ચનાં સાધનો, નવી રીતો વગેરે; (૫) સામાજિક જીવનમાં કરવા યોગ્ય ફેરફારો અને રિવાજો તથા શિષ્ટાચારમાં દાખલ કરવા યોગ્ય નવી રીતભાતો વગેરે; (૬) અનાજ, ચા, બીડી, નાસ્તા, મહેમાની વગેરેના નવા નિયમો કેવા કરવા તે વિષે.

આ તો માત્ર સૂચના રૂપે છે કોઇને બીજાં ક્ષેત્રો સૂઝે તેમાં કરકસર અને નિયમન કેમ કરવું તે લખી શકે. તાકીદે સૂચનાઓ મળી જશે તો આવતા અંકમાં તે પ્રકટ થશે.—સં.

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

તે સાંભળીને ચક્રધર કહે, 'મારી દુર્દશાનું એ કારણ નથી. ભલ-ભલા બુદ્ધિશાળી પણ દુષ્ટ દૈવને હાથે માર્યા જાય છે, અને અલ્પબુદ્ધિ મોજ કરે છે. તથા કહ્યું છે:

શતબુદ્ધિ રહ્યો ખાંધે, ટીંગાડયો આ સહસ્રધી।
એકબુદ્ધિ જ હું ભદ્રે ખેલું છું વિમળે જળે ॥'

સુવર્ણસિદ્ધિ કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૫


એક જલાશયમાં શતબુદ્ધિ ને સહસ્રબુદ્ધિ બે માછલા રહેતા હતા. એનો એકબુદ્ધિ નામે દેડકો મિત્ર હતો. ત્રણે ભાઇબંધ જલતીરે ગોઠડી કરી પાછા પાણીમાં પ્રવેશ કરે. આમ એકવાર વાતો કરે છે ત્યાં હાથમાં જાળ લઈને માછી ત્યાંથી નિકળ્યા, અને જલાશય જોઈને બોલ્યા: 'અહો, આ ધરામાં માછલાં બહુ છે ને પાણી થોડું છે, એટલે પ્રભાતમાં અહિં આવશું.' એમ કહીને એ ઘેર ગયા. આ સાંભળીને ઉદાસ થએલા માછલા મન્ત્રણા કરવા મંડયા. દેડકો કહે, 'શતબુદ્ધિ, માછી બોલ્યો તે તમે સાંભળ્યું? હવે શું કરવું? ભાગવું કે રહેવું?' સહસ્રબુદ્ધિ હસીને કહે, 'મિત્ર, વચન સાંભળતાં વેંત જ ભયભીત બનવું એ ઠીક નહિ. કોણ જાણે માછી આવે કે નયે આવે. ને આવ્યા તો પણ મારા બુદ્ધિપ્રભાવથી હું તારી ને મારી રક્ષા કરીશ, કારણ મને ચાલ ઘણી આવડે છે.' શતબુદ્ધિએ ટાપશી પૂરી: 'તમે ઠીક કહો છો. બુદ્ધિથી અગમ્ય કાંઇ નથી. નન્દ અસિધારી હતા, પણ ચાણક્યે બુદ્ધિબળથી એને હણ્યા હતા. વાયુ કે રવિ જ્યાં ન પહોંચે ત્યાં પણ બુદ્ધિ પહોંચી જાય છે. કોઇ કાંઇક બોલી ગયું એટલે બાપદાદાથી આવેલું જન્મસ્થાન છોડવું તે અશક્ય છે. બીજે જવાનું કાંઇ કારણ નથી.' દેડકો કહે, 'ભાઇઓ, મારે તો એક જ બુદ્ધિ છે ને તે પલાયનપરાયણ છે. હું તો આજ જ પત્ની સાથે બીજે જલાશયે આ હાલ્યો.' એમ કહીને દેડકો રાતે જ ભાગી ગયો.

સવારે માછી આવ્યા, અને શતબુદ્ધિ-સહસ્રબુદ્ધિએ બચવા સારુ કઇક યુક્તિપ્રયુક્તિ કરી જોઈ, તોપણ જાળમાં પકડાઈને માર્યા ગયા. રેંઢે હરખેલા માછી ઘેર જવા નિકળ્યા. એનું શરીર ભારે હતું, એટલે એક જણે શતબુદ્ધિને ખાંધે નાખ્યો હતો, અને સહસ્રબુદ્ધિને લટકતો લઇ જતા હતા. એની આ દશા જોઈને વાવને કાંઠે આવેલા દેડકાએ પત્નીને કહ્યું, 'પ્રિયે, જો, જો.

શતબુદ્ધિ રહ્યો ખાંધે, ટીંગાડયો આ સહસ્રધી।
એકબુદ્ધિ જ હું ભદ્રે ખેલું છું વિમળે જળે ॥'

એટલે હું કહું છું 'શતબુદ્ધિ' ઇતિ. બુદ્ધિ પણ સદાકાળ કામ જ આવે એમ નથી.' (ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી





માધુકરી

સંધ્યાને

ખસી જા ઓ સંધ્યા ! ક્ષિતિજ પરથી સત્વર હવે,
મને આછાં તારાં તિમિર-અજવાળાં નવ ગમે;
ભલે કાળા ગાઢા ગહન પડદે શર્વરી ક્રમે,
લપાતી ઓ આવે સુર ઝલક આદિત્યની ક્રમે.—રમણિક અરાલવાળા

મહામહોપાધ્યાય શ્રી વાસુદેવશાસ્ત્રી અભ્યંકર

પ્રાચીન હિન્દુ શાસ્ત્રોના પ્રકાંડ પંડિત, મહારાષ્ટ્રની વિદ્વન્મંડળીના મૂર્ધન્ય, પુણ્યપત્તન (પુના)-નિવાસી મહામહોપાધ્યાય શ્રી વાસુદેવશાસ્ત્રી અભ્યંકર ઇ. ૧૯૪૨ની ૧૪મી ઑક્ટોબરે અક્ષરધામવાસી બન્યા. એમના નિધનથી માત્ર મહારાષ્ટ્રની નહિ, પરંતુ સમગ્ર ભારત રાષ્ટ્રની સ્થવિર પેઢીનો એક સર્વતંત્રસ્વતંત્ર, શીલવાન વિદ્વાન આથમી ગયો. અવસાન વખતે એમનું વય એંશી વર્ષનું હતું.

એમનો જન્મ તા. ૬-૮-૧૮૬૩ના રોજ સાતારા પાસે આવેલા માહુલી ગ્રામમાં થયો હતો. એમણે સંસ્કૃત ભાષા, સંસ્કૃત સાહિત્ય અને આર્યશાસ્ત્રોનું અધ્યયન પોતાના ગુરુવર શ્રી રામશાસ્ત્રી ગોડબોલે પાસે કર્યું હતું. શિક્ષણ પૂરું થતાં એઓ ગુરુજી પાસેથી અનુજ્ઞા લઈ ૧૮૯૦માં પુને આવ્યા. ત્યાં એમની વિદ્વત્તાનું સૌથી પહેલાં મૂલ્યાંકન કરવાનું શ્રેય સ્વ. ન્યાયમૂર્તિ રાનડેને છે. ત્યારની પરિસ્થિતિ પ્રતિકૂલ હોવા છતાં શ્રી રાનડેના જ સત્પ્રયત્નોથી શાસ્ત્રીજી ડેક્કન એડ્યુકેશન સોસાયટી તરફથી ચાલતી ફરગ્યુસન કૉલેજમાં શાસ્ત્રોના અધ્યાપક તરીકે નિયુક્ત થયા. એ પદ ઉપર શાસ્ત્રીજીએ લાગટ છત્રીસ વર્ષ સુધી ઘણી દક્ષતા અને લોકપ્રિયતા સાથે અધ્યાપનનું કાર્ય કર્યું. તેઓ બી. એ. ક્લાસના વિદ્યાર્થીઓને દર્શનશાસ્ત્રો વિષે-વિશેષ કરીને વેદાન્તશાસ્ત્ર ઉપર-વ્યાખ્યાનો આપતા અને અન્ય વર્ગોના છાત્રોને સાહિત્યશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્યો આદિ ભણાવતા; એટલું જ નહિ પણ સોસાયટીના સંસ્કૃતના પ્રોફેસરોને પણ તેઓ સંસ્કૃત શિક્ષણ બાબત માર્ગદર્શન કરાવતા. તેથી તેઓ પ્રાધ્યાપકોના પણ પ્રાધ્યાપક તરીકે વિખ્યાત થઈ ગયા હતા. એમના પહેલાં કૉલેજના સંસ્કૃત સાહિત્યના પ્રોફેસરપદ ઉપર સુવિદિત કોષકાર શ્રી વામન શિવરામ આપટે હતા. શ્રી. આપટેના અવસાન પછી તેમની ખોટ પૂરવામાં શ્રી વાસુદેવશાસ્ત્રીનો ખાસ હિસ્સો છે. વેદાન્ત, ન્યાય ને વ્યાકરણ તો શાસ્ત્રીજીના અતિપ્રિય વિષયો હતા. શાસ્ત્રીજી કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે એમને બ્રહ્મસૂત્ર ઉપર સ્વામી શંકરાચાર્યે કરેલા 'શારીરિક ભાષ્ય'નું મરાઠી ભાષાન્તર કરવાની વિનતિ કરેલી અને શાસ્ત્રીજીએ આ વિપુલ કાર્યને ઘણી નિપુણતા સાથે પૂર્ણ કર્યું.

રાજર્ષિ રાનડેએ તો શાસ્ત્રીજીને સ્મૃતિશાસ્ત્રો માટે પોતાના સલાહકાર બનાવેલા. રાનડે સુધારણાવાદી અને પ્રાર્થનાસમાજનાં વિધાનોને માનનારા હતા, તેથી તત્કાલીન સમાજે એમને ન્યાત બહાર કર્યા હતા. તોપણ શ્રી વાસુદેવશાસ્ત્રી એમને ત્યાં પૌરોહિત્યનું કાર્ય બજાવતા હતા તેથી જણાય છે કે શાસ્ત્રીજીની વિચારસરણી પ્રાગતિક અને સુધારાપ્રિય હતી.

ફરગ્યુસન કૉલેજના પ્રાધ્યાપકપદેથી નિવૃત્ત થયા પછી પણ એમનાં વિદ્યાભ્યાસંગ, શાસ્ત્રચિંતન અને ગ્રંથલેખનનું કાર્ય પૂર્વવત્ ચાલુ રહ્યું. ઇતિહાસાચાર્ય શ્રી રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર પણ શાસ્ત્રીય બાબતોમાં એમની જ પાસેથી ખૂબ પરામર્શ લેતા. પુનાની સુવિખ્યાત શાસ્ત્રીય વાઙ્મય-પ્રકાશક સંસ્થા आनंदाश्रम ग्रंथमालाએ, શાસ્ત્રીજીએ તૈયાર કરેલાં 'अद्वैतसिद्धि' 'संस्कारचन्द्रिका' 'योगसूत्र-भाष्य' વગેરે અમૂલ્ય ગ્રંથો પ્રકાશિત કર્યા છે. શાસ્ત્રીજીની સર્વ કૃતિઓની વિદ્વત્સમાજમાં સારી પ્રતિષ્ઠા હતી. ખાસ કરીને 'सर्वदर्शनसंग्रह'ની સંસ્કૃત પ્રસ્તાવનામાં એમના ચૂડાંત પાંડિત્યનો પરિચય મળે છે. મહર્ષિ પતંજલિના વ્યાકરણ 'महाभाष्य' નું મરાઠી ભાષાન્તર તો એમના જીવનની એક મહાન સિદ્ધિ છે. ભારતની કોઇ પણ પ્રાંતીય ભાષામાં આ વિપુલ ગ્રંથનું હજુ સુધી ભાષાન્તર થયું નથી.

"તેઓ સંસ્કૃતના આવા મહાન વિદ્વાન હતા છતાં, એ ભાષાના અનેક વિદ્વાનોમાં અને શાસ્ત્રીઓમાં સ્વભાષા ઉપર સંસ્કૃતને અસ્થાને આક્રમણ કરવા દેવાનો જે દોષ હોય છે તે તેમનામાં મુદ્દલ ન હતો. એક મરાઠી વિદ્વાન જણાવે છે તે પ્રમાણે તેમનું 'મરાઠી અસ્ખલિત અને ઘરગથ્થુ સાદું હોઈને સુબોધ' છે.

૧૯૨૯માં સેવામાંથી નિવૃત્ત થયા છતાં તેમનું અધ્યાપનનું કાર્ય અને લેખનપ્રવૃત્તિ અંતકાળ સુધી ચાલુ રહ્યાં. તેમના જીવનના ગ્રંથોમાં પતંજલિના મહાભાષ્યના અનુવાદ ઉપરાંત કાર્યામોદ, સાધનામોદ અને મોક્ષામોદ ગણાવી શકાય. તેમના પુત્ર પ્રો. કે. વી. અભ્યંકર જણાવે છે કે વાસુદેવશાસ્ત્રીએ પોતાના છેલ્લા દિવસોમાં પોતાના બધા સ્વતંત્ર ગ્રંથોને 'આમોદ' સંજ્ઞાથી અંકિત કરવાનો

વિચાર કર્યો હતો; અને એ રીતે તેર આમોદ તેમણે રચ્યા હતા. તેમણે લગભગ પચીસ જેટલા ગ્રંથો રચ્યા છે."

એમના જીવનનાં પોણોસો વર્ષ પૂર્ણ થતાં સમસ્ત મહારાષ્ટ્રે એમની વિદ્વત્તા અને સેવાની કદર માટે શ્રીમાન બાલાસાહેબ ખેરના અધ્યક્ષપદે એક અભિનંદનોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. ત્યારથી જ ફરગ્યૂસન કૉલેજ તરફથી 'સંસ્કૃત મહાભાષ્ય'ના મરાઠી ભાષાન્તરનું પ્રકાશનકાર્ય ચાલી રહ્યું છે.

શાસ્ત્રીજી વર્ષો સુધી પુનાની 'वेदशास्त्रोत्तेजकसभा'ના પરીક્ષક અને કાર્યાધ્યક્ષ રહ્યા હતા. એમનો જીવનવ્યવહાર ઘણો ધર્મનિષ્ઠ, શીલયુક્ત, પવિત્ર અને અભિમાનથશૂન્ય હતો. છેવટ સુધી એમનું શાસ્ત્રચિંતન અને અધ્યયન-અધ્યાપન ચાલુ જ હતું. એમની વિદ્વત્તાની કદર તરીકે ઈ. ૧૯૨૪માં સરકારે પણ એમને 'महामहोपाध्याय'ની ઉપાધિથી વિભૂષિત કર્યા હતા. સ્વભાવે તેઓ અત્યંત વિનમ્ર, શાન્ત અને આત્મસંતુષ્ટ હતા. બાહ્ય જગત સાથે એમનો સંબંધ ઘણો ઓછો હતો, પરંતુ શાસ્ત્રીય વિદ્યાવ્યાસંગને લીધે મોટામોટા પંડિતો અને વિદ્વાનો એમના પરિચયનો લાભ લેવા માટે અને શાસ્ત્રીય અન્વેષણના કાર્યમાં એમનું માર્ગદર્શન મેળવવા માટે એમને ઘેર આવતા. સ્મૃતિગ્રંથ, પંચાંગનિર્માણ, ધર્મનિર્ણય અને વ્યવહાર નિર્ણય વગેરે શાસ્ત્રીય કાર્યોમાં શાસ્ત્રીજીનો અભિપ્રાય પ્રમાણભૂત મનાતો. આવા એક નિરીત, વિનમ્ર, સાધુચેતા અને વિદ્યાવિલાસી સ્થવિરનું અવસાન આપણા રાષ્ટ્રની સારસ્વત-પ્રવૃત્તિની એક અપૂરણીય ખોટ છે.

શાસ્ત્રીજીના બે સુપુત્રો છે. એક તો સ્કૂલમાં શિક્ષક છે ને બીજા વિદ્વાન સુપુત્ર અમદાવાદ કૉલેજમાં પ્રાધ્યાપક છે. આશા છે કે તેઓ પોતાના શાસ્ત્રવિશારદ પિતાના લૌકિકની રક્ષા કરશે.

—શંકરદેવ વિદ્યાલંકાર

ટંકણખાર

આપણે જેને ટંકણખાર કહીએ છીએ તેને સંસ્કૃતમાં ટંકણ કે સુહાગા, હિન્દીમાં સુહાગા, મરાઠીમાં ટાકણખાર અને અંગ્રેજીમાં બૉરૅક્સ કહે છે. એની ઉપયોગિતાથી આજે ઘણા અજાણ છે; પણ રાસાયણિક ચીજોની તવારીખમાં, માનવજાતિની અંગત જરૂરિયાત અને સ્વચ્છતાની બાબતોમાં તે લગભગ પ્રથમ આંક મેળવે છે.

ટંકણખાર ખાણોમાંથી અશુદ્ધ સ્થિતિમાં નીકળે છે. મોટે ભાગે ભારતવર્ષ, તિબેટ અને કૅલીફૉર્નિયામાં તેની વિશાળ ખાણો છે. ખાણોમાંથી તે ચૂનાના ક્ષાર તરીકે મળી આવે છે. એને અલગ અને શુદ્ધ બનાવવા માટે, સોડા સાથે ઉકાળવાથી સોડાની સાથે સંમિશ્રિત થઇને સોડાનો ખાર બને છે, અને તેનું બાષ્પીભવન કરવાથી ટંકણખારનો ચોખ્ખો ભૂકો જુદો પડી આવે છે.

માનવીને ડગલે ને પગલે વપરાવા ઈચ્છતો એ પદાર્થ છે. દુનિયાને ખૂણેખૂણે ફરી વળવાની એની મહત્ત્વાકાંક્ષા છે.

ધોબી લોકો સાબુની સાથે કપડાં ધોવા માટે ટંકણખાર વાપરે છે કે નહિ એની ચોક્કસ માહિતી નથી. કપડાં ધોવા માટે સાબુની સાથે ટંકણખારને વાપરવામાં આવે તો સુતરાઉ, રેશમી કે ઊનનાં કપડાં વધુ સફાઇદાર, ચળકાટવાળાં ને સ્વચ્છ થાય છે. સામાન્ય રીતે, દર ચાર ગૅલન પાણીમાં અર્ધો અંશ ટંકણખાર વપરાય છે.

ઊનનાં કપડાં ધોવા માટે: ૧૦ અંશ ટંકણખાર અને બે અંશ સાબુ, દર ગૅલને સહેજ ગરમ પાણીમાં નાખી, તેમાં ઊનનાં કપડાં એક કલાક સુધી રાખી મૂકો અને વચ્ચે વચ્ચે હલાવતા રહો. ત્યાર બાદ પુષ્કળ પાણીમાં અર્ધો અંશ ટંકણખાર અને બે અંશ સાબુના મિશ્રણમાં તેને હલાવી ધોઇ કાઢો. (ઊનનાં કપડાંને બહુ ઘસવાં નહિ). છેવટે, સ્વચ્છ ઠંડું પાણી લઇને તેમાં થોડો ટંકણખાર નાખી, કપડાંને તેમાં બોળી, નીચોવીને સૂકવી દો, એટલે કોઈ પણ ઊનના કપડામાં વધુ સફાઇ અને સ્વચ્છતા આવશે. છેલ્લા ધોવાણમાં જે ટંકણખાર એકલો જ (સાબુ વિના) વાપરવામાં આવે છે, તે સાબુની ઊન ઉપરની અસર નષ્ટ કરે છે અને તેમાં પીળા ડાઘ પડી જતા અટકાવે છે. ટંકણખારની આ ખાસિયત છે.

કુદરતી તેમજ બનાવટી રેશમનાં કપડાં ધોવા માટે પણ ઉપર પ્રમાણે જ ટંકણખાર તથા સાબુનું પ્રમાણ લેવામાં આવે છે. પણ રેશમી કાપડને આ મિશ્રણમાં કલાકને બદલે ફક્ત અર્ધો કલાક જ રહેવા દેવામાં આવે છે. ત્યાર પછી સાબુ અને ટંકણખારના મિશ્રણમાં ફરીથી બે વાર ધોઇ કાઢીને છેલ્લી વખતે બીલકુલ ઠંડા પાણીમાં થોડો ટંકણખાર નાખી રેશમી કાપડને હલાવી, નીચોવીને સૂકવી દેવું આમ કરવાથી રેશમ પોતાના બધા જ ગુણધર્મો જાળવી રાખશે અને કાપડને કોઇ પણ જાતના પીળા ડાઘ પાડ્યા વિના સ્વચ્છ કરી, તેનો કુદરતી 'કરકર' અવાજ કાયમ રાખશે.

શણના કાપડને સખ્ખત ને કડક કરવા માટે પણ મેંદા (સ્ટાર્ચ)ની સાથે ટંકણખાર વપરાય છે. અર્ધો શેર મેંદા સાથે થોડા ટંકણખારના મિશ્રિત પવાહીમાં શણને બોળી, નીચોવીને ઈસ્ત્રી કરવી. ટંકણખાર શણને સુંદર દેખાવ આપે છે અને તેની કુદરતી કુમાશ જાળવી રાખીને ઈસ્ત્રી કરતી વખતે શણને તેની સાથે ચોંટી જતાં અટકાવે છે.

રસોડું ધોવામાં અને ઘરને સાફ રાખવામાં ટંકણખારનો ફાળો અમૂલ્ય થઇ પડશે. એક ગૅલન પાણીમાં બે અંશ ટંકણખાર ઓગાળી, તે વડે રસોડું ધોવાથી તેની ચિકાશ (જે હાલ ઘણાં રસોડાંમાં જોવામાં આવે છે) નાબૂદ થઈ તે આકર્ષક ને ચોખ્ખું દેખાશે ને નાનાં બાલકાં દોડતાં-રમતાં લપસી જતાં અટકશે. એટલું યાદ રાખવું જરૂરી છે કે પથ્થરથી બાંધેલું રસોડું જ ટંકણખારથી સાફ થાય છે.

આ ઉપરાંત ટંકણખાર ભીંતચિત્રો, ચિનાઇ માટીનાં વાસણો, બરણીઓ, આરસના પથ્થર, સ્નાનગૃહ અને એવી જ બીજી ચીજો જેવી કે નહાવાનું ટબ, ઍલ્યુમિનિયમનાં વાસણો વગેરે સરસરીતે સાફ કરે છે. ઍલ્યુમિનિયમનાં વાસણોને સોડા વડે ધોવાથી વાસણો ઉપર અસર થાય છે તેમજ કેટલીક વખત ડાઘ પડી જાય છે; તેથી ટંકણખાર વાપરવો વધુ હિતાવહ છે. દર અઠવાડીએ આવી રીતે ટંકણખાર વડે બધું સાફ કરવાથી, ઘર સ્વચ્છ અને સુડોળ લાગશે.

સ્નાનગૃહમાં ટંકણખાર હોવો એ પણ જરૂરનું છે. જે એની ઉપયોગિતા જાણે છે એ તો એને વાપર્યા વિના છોડતા જ નથી. આશરે નવ ગૅલન પાણીમાં, પાશેર ટંકણખાર ઓગાળી તેના વડે સ્નાન કરવાથી બધો પરસેવો દૂર થાય છે. તે ચામડીને સાફ અને ઊજળી કરી શરીરને નવચેતન અર્પે છે એમ અનુભવીઓ કહે છે. ટંકણખાર દેહનાં સર્વ છિદ્રોને સાફ કરીને સારો સુધારો આણી જાય છે અને દેહને સુંદર પણ બનાવે છે. માથાનો ખોડો કાઢવા માટે પણ ટંકણખાર અતિ મહત્ત્વનો છે. કોકરવરણા ચોખ્ખા પાણીમાં નાહવાનો થોડો સાબુ ઓગાળી, તેમાં અર્ધો અંશ ટંકણખાર નાખો. આ પાણીમાં પછી થોડું ગ્લિસરીન નાખી, તેના વડે વાળને ખૂબ મસળીને ધોઇ નાખો. પરિણામે, માથાનો ખોડો નીકળી જઇને તમારા લાંબા યા ટૂંકા વાળ અતિ સુંદર, સુંવાળા ને મઝાના લાગશે.

મોંમાં તેમજ જીભ ઉપર ચાંદાં પડ્યાં હોય, તો ટંકણખારને ફુલાવીને મધ સાથે એ ભાગ ઉપર દબાવવાથી ફાયદો થાય છે. મોં ઉપર થએલા ખીલ ઉપર ટંકણખાર (૧ ઔંસ), ગ્લીસરીન (૧ ઔંસ) અને ગુલાબજળ (ાા ઔંસ) સાથે મેળવીને ચોપડવાથી ખીલ મટી

જાય છે. વળી ટંકણખારના પાણીથી આંખો પણ સાફ થાય છે. ઉધરસ ઉપર એ અકસીર છે. નાગરવેલના પાનમાં લવીંગ અને થોડો ટંકણખાર ખાવાથી ઉધરસને ગયા વિના છૂટકો જ નથી

કાચ કે ચિનાઇ માટીના વાસણ ઉપરના લખાણ માટે ટંકણખાર ગુંદરની સાથે વપરાય છે. ટંકણખાર, ગુંદરનું પાણી અને સોનેરી રંગ–ત્રણેને બરાબરરીતે મેળવીને, તે વડે કાચ કે ચિનાઇ માટીના વાસણ ઉપર લખવું પછી આ વાસણને ધીમો તાપ આપવાથી ગુંદર બળી જશે, ટંકણખાર કાચના રૂપમાં ફેરવાઇ જશે અને લખાણ સુંદર રીતે ખીલી ઊઠશે. કોઈક વખત અશુદ્ધ સોનાને શુદ્ધ કરવા માટે પણ ટંકણખાર વપરાય છે. આ ઉપરાંત ટંકણખાર, આનંદભૈરવ વગેરે દવાઓ બનાવવામાં પણ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે

અને ટંકણખારની એક મહત્ત્વની સેવા તો રહી જ ગઇ. દુઃખદાયક અને ચેપી જંતુઓનો તે નાશ કરે છે. આવા જંતુઓ ઉપર ટંકણખારનું પાણી કે ભૂકો છાંટવાથી તે નષ્ટપ્રાય થઈ જાય છે ઊનનાં કપડાંમાં આવા જંતુઓ વાસ કરે છે. તેના નાશ માટે કપડાંમાં ટંકણખારનો ભૂકો છાંટવો લાભદાયક છે. વળી કાથીની મોટી સાદડીને (જે ક્રિકેટમાં વપરાય છે) જમીન ઉપર પાથરતાં પહેલાં ટંકણખારનું પાણી તેના ઉપર છાંટવું કે બ્રશ વડે સાદડીને સાફ કરવી ઇષ્ટ છે. આમ કરવાથી એની અંદર વસતા ચેપી જંતુઓ દૂર થઈ જાય છે. ઉંબર પાસેની પગ સાફ કરવાની નાની સાદડીમાં પણ ટંકણખારનો ભૂકો છાંટીએ તો આપણને જ લાભ છે. (સંકલિત)

[કલાભવન (વડોદરા) મૅગેઝીન] —ગોરધનભાઇ હી. પટેલ

લાકડાનો વહેર

ગંજાવર પ્રમાણમાં જગતભરમાં ઊતર્યે જતો લાકડાનો વહેર એ આજની વૈજ્ઞાનિક યોજકતા સામે એક મહાન પ્રશ્ન સમાન છે એમ કહી શકાય. પશ્ચિમના દેશોમાં સામાન્યતઃ લાકડાનો વહેર અત્યારે નીચેના ઉપયોગમા લેવાય છેઃ(૧) બળતણમાં;(૨) ઢોરોની તબેલાના પાથરણમાં અથવા 'સ્વીપિંગ કૉમ્પાઉન્ડસ' તરીકે ઓળખાતા પદાર્થોની બનાવટમાં;(૩) પૅકિંગમાં; (૪) ઈન્સ્યુલેશનમાં; (૫) રમકડાંઓમાં તથા આશીકામાં; (૬) ખોરાકના સંરક્ષણમાં; (૭) જુદીજુદી બનાવટોની સહાયમાં; (૮) માવો બનાવવામા—જે માવો લાઇનોલિયમ, પ્લાસ્ટિક્સ તથા જુદાજુદાં સ્ફોટક દ્રવ્યોમાં વપરાય છે; (૯) પૉલિશની, સફાઇની કે દબાણની પ્રક્રિયામાં.


આ નવ ઉપરાંત એનો દસમો ઉપયોગ 'કાર્બોનાઇઝેશન' અથવા અંગારરૂપકરણમાં રહેલો છે. જોકે પોણોસો વર્ષના પ્રયાસો છતાં લાકડાના વહેરનું હજી કોલસામાં રૂપાંતર કરવાના પ્રયોગોને સફળતા મળી નથી. વેપારી દૃષ્ટિએ જુદીજુદી ૫૦ પ્રક્રિયાઓ તે પર અજમાવવામાં આવેલી, પણ બધી નિષ્ફળ ગઈ છે. પરંતુ સંભવ છે કે તેમાથી મોટા પ્રમાણમા પ્રોડ્યુસર ગૅસ બનાવી શકાશે, અને આજે ટ્રૅક્ટરો તથા મોટરબસો ચલાવવાના કામમાં તે લાગે છે તેવી રીતનું વહેરમાંથી કોલસાનું નિર્માણ પણ કોઈ મોટા પાયા પર શક્ય થશે.

યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનેડા તથા યુરોપના કેટલાક દેશોમાં વહેરનો જ ઉપયોગ કરતાં કેટલાંક હીટરો યોજી કાઢવામાં આવ્યાં છે. પણ એ તો લાકડાનાં મોટાં કારખાનાં ચાલતાં હોય ત્યાં જ ઉપયોગી થઈ પડે, કારણ કે એથી દૂર તો એને મોકલાવવાનો ખર્ચ જ અનેકગણો વધી જાય. એટલે અત્યારે તો એનો ઉપયોગ મોટે ભાગે આસ્બેસ્ટોસ બોર્ડ્સમાં, જુદાંજુદાં પ્લાસ્ટરોમાં અને સૌથી વધુ તો 'ફ્લૉ-ડસ્ટ કૉન્ક્રીટ'માં થાય છે. કૉન્ક્રીટનો આ પ્રકાર સીમેન્ટ, આસ્બેસ્ટોસ અને લાકડાના વહેરનો બનેલો હોય છે. પરંતુ એનો સૌથી બહોળો ઉપયોગ પ્લાસ્ટિક્સમાં થવાનો સંભવ છે —અ.

લાકડાનો વહેર બાળવાની સગડી

આપણે ત્યાં સામાન્યરીતે લાકડાનો વહેર ફેંકી દેવા જોગ કચરા તરીકે ગણાય છે. બીજા દેશોમાં તો, ઉપર જણાવ્યું તેમ, વિજ્ઞાનની મદદથી તેનો અનેકવિધ ઉપયોગમાં લેવાય છે, પણ આપણે ત્યાં તો બરફ રાખવા માટે કે તકલાદી ચીજોના પૅકિંગ સિવાય તેનો ભાગ્યે જ બીજો ઉપયોગ થાય છે. તેનો કેમ નિકાલ કરવો એ લાકડાં વહેરવાના મિલોવાળાઓને મૂંઝવતો પ્રશ્ન છે.

પણ હમણાં હમણાં બળતણ અને કોલસાની બેહદ વધેલી મોંઘવારીને લીધે લોકો ઘરઘરમાં તેનો સામાન્ય બળતણ તરીકે ઉપયોગ કરતા થયા છે, અને એકાદ બે પૈસા જેટલી જ કિંમતના તેના બળતણથી એક સામાન્ય માણસની રસોઈ કરી શકાય છે. તેને માટે એક ખાસ યોજનાવાળી સગડી બનાવવી પડે છે, તેની રચના આટલી સમજવી છે. કોઇ પણ માણસ ઘેર બનાવી શકે એટલી એ સહેલી છે.



લાકડાનો વહેર

એકાદ ફૂટ ઊંચું ફિનાઈલનું કે રંગનું ખાલી ટિન લઇ તેનું ઉપલું ઢાંકણું કાપીને કાઢી નાખવું. પછી ટિનના પડખામાં, તળિયાથી બેએક ઇંચ ઊંચે, એક ઇંચના વ્યાસવાળું ગોળ કાણું સફાઇથી કોરી કાઢવું. હવે જરૂર રહી માત્ર એકેક ઇંચ જાડા, ફુટફુટના, બે લાકડાના ધોકાની. તેમાંનો એક ધોકો, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, પડખેના કાણામાંથી ટિનમાં આડો પેસાડીને, તે ઢંકાય એટલો વહેર સગડીમાં ઉપરથી નાખીને દબાવવો, જેથી એ ધોકો સ્થિર રહે. તે પછી બરોબર તેના ઉપર કાટખૂણે ઊભો રહે એ રીતે બીજો ધોકો સગડીમાં ઊભો રાખીને આખી સગડી લાકડાના વહેરથી ભરતા જવું અને હાથ વડે, ધોકણા વડે કે દસ્તા વડે તેને ધીમેધીમે દાબીદાબીને ધરબતા જવું. આમ, કિનારથી એકાદ ઇંચ ઊણો રહે ત્યાં સુધી સગડીમાં વહેર ઠાસવો, ને પછી હળવે રહીને બંને ધોકા સેરવીને કાઢી લેવા, એટલે સગડીમાં કાટખૂણે એક પોલાણ–માર્ગ તૈયાર થઇ જશે.

પછી તો ઘાસતેલની કાકડી કે ઉબાડિયું સળગાવીને સગડીના પડખાવાળા કાણામાંથી છેક અંદર મૂકી દેવાથી સગડી ચેતવા માંડશે. પડખે પડેલા કાણામાંથી હવાનો જોઇતો પ્રવાહ મળી રહેશે, અને ઊભા કાણામાંથી દેવતાની ઝાળને બહાર નીકળવાનો માર્ગ મળશે, એટલે વહેરનો આખો ભાઠો જોતજોતાંમાં ચેતી જશે. શરૂઆતમાં તેમાંથી નીકળતો કડક ધુમાડો નવા રાંધનારને જરા અકળાવનારો લાગશે; પણ મહાવરો પડી ગયા પછી તે હરકતકર્તા જણાતો નથી. શરૂઆતનો ધુમાડો નીકળી જઇને એક વખત ચેતી ગયા પછી આખો ભાઠો ઠેઠ સુધી સુંદરરીતે સળગ્યા કરશે. સાવચેતી માત્ર એટલી રાખવાની કે આ વહેરના ભાઠાને, તે હોલવાય ત્યાં સુધી, સતત, એકધારો, એની મેળે સળગ્યા કરવા દેવાનો. એને હલાવવો કે ખોતરવો નહિ; નહિતર આખો ઓબાળ જો પડી ગયો તો પછી તે ઝુંધવાયા જ કરશે અને ફરી ચેતતાં મુશ્કેલી પડશે. (હિંદુ)

માલણ નદીનું મૂળ

મહુવાની હાઇસ્કૂલના બે શિક્ષકો શ્રી ભાઈલાલ છાટબાર અને શ્રી રવીન્દ્રકુમાર ભટ્ટ, તથા મિડલસ્કૂલના શિક્ષક શ્રી કપિલરાય જોષી

આ ઉનાળાની રજાઓમાં મહુવાની માલણ નદીના ઠેઠ મૂળ સુધી જઈ આવ્યા હતા. એ પ્રવાસનું આ નીચે ઉતારેલું વર્ણન સ્થાનિક ભૂગોળ જાણનારને જ વધારે રસ આપનાર છે; છતાં અહીં એ ઉતારવાનો વિશિષ્ટ ઉદ્દેશ તો એ છે કે આ ઉદાહરણ ઉપરથી ગુજરાતના ગામેગામના તરુણો, કુમારો, કિશોરો ને જ્ઞાનપિપાસુઓને પોતપોતાના પ્રદેશના આવા ભૌગોલિક પ્રવાસો કરવાની પ્રેરણા મળે. ડુંગરો ને ધારોની ટોચો આંબવી, આવી નાની નદીઓનાં પણ મૂળ શોધવાં, ધાડાં જંગલો વીંધવાં, વગેરે કેટલાં સાહસોત્સાહ વધારનારાં તથા રસદાયક છે તે તો અનુભવે જ જાણી શકાય.

તેઓ મોટરબસમાં ખૂંટવડા થઇ ગાડા રસ્તે સરેરા પહોંચ્યા. ત્યાંથી ભોમિયા સાથે તેઓ ભોકરવા થઇને ત્યાંના ડુંગરમાં ભોકરવાની ભડ (ભડ=ખીણ) નામે ઓળખાતી જગ્યાએ પહોંચ્યા, જ્યાં આસપાસમાં લાંબાધાર અને ભરૂસ્સાના ડુંગરો આવેલા છે અને જ્યાંથી માલણનાં ઝરણાં શરૂ થાય છે. તે ડુંગર ઉપર એક ગોળ પત્થર નીચેથી આ પાણી સતત વહ્યા કરે છે. તે ડુંગરની બાજુબાજુની બે ખીણો (જેમાંની એક સૂકી છે અને બીજી લીલી છે તે)માંની બીજીમાં થઇને નદીનું ઝરણું આગળ વધે છે. સૂકી ભડમાં પાણી બીલકુલ વહેતું નથી. ત્યાંથી આગળ વધીને કરલા ગામ પાસે થઈ તે ઝરણું રાવણગેલાની ભેખ પાસે નીકળે છે. આ ભેખ આગળ ઈટિયાનું નહેરૂં તેને મળે છે. આ ભેખ લગભગ દોઢસો ફીટ ઊંચી છે અને તેનું ચડાણ ઘણું કપરૂં છે. તેઓ જ્યારે આ ભેખ ઉપર ચડ્યા ત્યારે આજુબાજુનો દેખાવ ઘણો રમ્ય લાગતો હતો. એક બાજુ કરલા પાસેથી વહેતી માલણ અને ઈટિયાના નહેરાનો સંગમ થતો હતો, અને બીજી બાજુ દૂરદૂર સુધી પથરાએલું મહુવા મહાજન ગૌશાળાનું વિશાળ બીડ દેખાતું હતું. પછી નદી બીલા પાસે થઈ મોરધાર અને ચિત્રાધારનાં ડુંગરો વીંધીને સીધી ખુંટવડા પહોંચે છે. ત્યાંથી આગળ ચાલતાં ગોરસ પાસે રોજકા અને લીંડિયાનાં નહેરાં તેને મળે છે અને તે 'ત્રિવેણી સંગમ' આગળ એક સુંદર શિવાલય છે. પછી સાંગણિયા, લખુપરૂં, જાદરા, તાવીડા, કુમણિયાવદર એ ગામોને પાણી પાતીપાતી તે નદી મહુવાની ત્રણ બાજુને વીંટળાઇને અરબી સમુદ્રને મળે છે.

આ ત્રણે શિક્ષકોને રસ્તામાં કાંઇ મુશ્કેલી નડી નહોતી, પરંતુ તેઓનું એવું સૂચન છે કે જ્યાં જુદાંજુદાં ગામોના રસ્તા ફંટાતા હોય ત્યાં જો થાંભલાઓ ઊભા કરવામાં આવે તો રસ્તે જતા અજાણ્યા મુસાફરો તેનો લાભ લઈ શકે અને ભાવનગર સંસ્થાનનાં ઘણાંખરાં ગામોનાં નામથી પરિચિત થાય. (ભાવનગર સમાચાર)

નીરો : એક સસ્તું ને સ્વાસ્થ્યપ્રદ પીણું

દરિયાકાંઠાનાં ગામોમાં, ખાસ કરીને ઉનાળાની મોસમમાં, આનું સારૂં જેવું વેચાણ ચાલે છે. તાડમાંથી ઝમેલો તાજો ને તાજો રસ એ નીરો. એ વાસી થતાં ખટાશપડની તાડી બની જાય છે, જે માદક અને કેફી હોવાથી નશા તરીકે ગણાય છે. તાડીના પૂર્વદ્રવ્ય તરીકે જ નીરાને માનનારા આપણે ત્યાં હજુ ઘણા લોકો છે, અને તેથી વિટામિનોથી ભરપૂર આ સસ્તામાં સસ્તા અને સ્વાસ્થ્યપ્રદ પીણાનો ઉપયોગ આપણે ત્યાં બહુ મર્યાદિત રહ્યો છે. જોકે ખરૂં જોતાં તાડી તો શું પણ દ્રાક્ષાસવ કરતાં પણ આ પીણું અનેકગણું નિર્દોષ છે.

વરસાદ શરૂ ન થયો હોય ત્યાં સુધી જ ગરમીની મોસમમાં નીરો સારવવામાં આવે છે. એ સારવવાનો ઉત્તમ વખત વહેલી સવાર અને મોડી સાંજ છે. એ સારવવા માટેનાં ઘડાંના અંદરના ભાગમાં ચુનાનો હાથ મારવામાં આવે છે, જે ટીપેટીપે જમા થતા રસને કાંઈક ક્ષારમયતા આપે છે. એમ ન કરવામાં આવે, તો શર્કરાઓથી સમૃદ્ધ એવા એના આમ્લધર્મી રસમાંના 'યીસ્ટ'ના કોષોનું તાડીમાં રૂપાંતર થઈ જાય.

ખરૂં જોતાં નીરામાં આ 'યીસ્ટ–કોષો' જ મહત્ત્વના હોય છે, કારણકે વીટામીન 'બી'થી તે ભરપૂર હોય છે. આ જાતનું વિટામીન શરીરના બંધારણ તથા વૃદ્ધિમાં જ માત્ર નહિ, પરંતુ મગજ તથા પેડુના સ્નાયુઓને પણ ગુણકારક છે. ખોરાકમાં પણ વીટામીન 'બી' પૂરતા પ્રમાણમાં હોય ત્યારે તે સંપૂર્ણ પચી જઇને દસ્ત સાફ લાવે છે.

કુનૂરની પોષણસંશોધન પ્રયોગશાળાના ડિરેક્ટર ડૉ. અક્રોઈડ નીરાનું પૃથક્કરણ આ મુજબ આપે છે: પાણી ૯૬·૨ ટકા, પ્રોટીન ૦·૧, ખનીજ દ્રવ્યો ૦·૨, કાર્બોહાઇડ્રેટ ૩·૫, ચૂનો ૦·૪, ફૉસ્ફરસ ૦·૦૧, લોઢું ૧·૦ (મિલિગ્રામ), દર સો ગ્રામે ઉષ્માજનકતા ૧૪, વીટામીન 'બી' ૮૫ (દર સો ગ્રામે આંતરરાષ્ટ્રીય યુનિટ મુજબ.)

'પ્રકર્ષ'

બંડખોર બંધવાઓ

વિધિની વિચિત્રતાનો આથી વધુ અજાયબીભર્યો દાખલો તમને ભાગ્યે જ જડશે.

ઇ. ૧૮૪૮માં આયર્લૅન્ડની આઝાદી માટેની ક્રાંતિનો જુવાળ અદૃશ્ય બન્યો. મહારાણી વિક્ટોરિયા સામે રાજદ્રોહનું દંગલ મચાવવાના આરોપસર નવ આયરિશ જુવાનિયાઓને ખાસ ન્યાયમૂર્તિઓના મંડળ સામે ખડા કરવામાં આવ્યા. સૌને ફાંસી ફરમાવાઇ અને વડા ન્યાયમૂર્તિ કાયદાને સુસંગત એવી સલુકાઇથી બોલ્યા: 'બંધવાઓ, તમારી સજા સામે તમારે કંઇ કહેવાનું છે?'

વૃદ્ધ વૃદ્ધ થતા ધૈર્યથી તેમાંનો એક ટૉમસ માઘર બોલ્યો: 'સાહેબ, આ તો હજુ પહેલો ગુનો છે. એટલે એ કંઈ છેલ્લો ઓછો જ બનવાનો હતો? અમે ગૃહસ્થના બોલે આપસાહેબને ખાત્રી આપીએ છીએ કે અમને જો છોડવામાં આવશે તો હવેની ફેરા એવું તો કામ પાર પાડીશું કે પકડાઈ જવાની મૂર્ખાઇ કે ક્યારે જરાય નહિ વર્તાય.'

આવા બાંગડોને જીવતા શે રખાય? ન્યાયમૂર્તિઓએ બબડીને સજા ફટકારી દીધી. પણ દેશભરમાં એવી તો ઝુંબેશ ઊપડી અને તેમને મૃત્યુમાંથી ઉગારવા એવાં તો આંદોલનો ઊમટ્યાં કે છેવટે મહારાણીને તેમની દેહાંતની સજા રદ કરી તેમને ઑસ્ટ્રેલિયામાં દેશનિકાલ કરવા પડ્યા.

એ વાત વિસારે પડ્યા પછી બાવીસે વર્ષે, ઈ. ૧૮૭૧માં મહારાણીને કાને ઑસ્ટ્રેલિયાના એક પ્રાંત વિક્ટોરિયાના ચુંટાએલા નવા વડા પ્રધાન સર ચાર્લ્સ ડફીનું નામ અથડાયું. આ કોણ? અને એ પરિચિત કેમ લાગતું હતું? તપાસને અંતે બહાર આવ્યું કે આયર્લૅન્ડના મુક્તિયજ્ઞમાં રાજદ્રોહ માટે દેશનિકાલની સજા પામેલા પેલા નવ બંધવામાંનો આ એક હતો! ત્યારે બાકીના આઠનું શું થયું? મહારાણીની જિજ્ઞાસા ઉત્તેજાઇ.

જડબાતોડ જવાબ આપનારો પેલો માઘર તો મૉન્ટાનાનો ગવર્નર થઈ બેઠો હતો! મૅકમૅનસ તથા ડોનાહ્યુ અમેરિકાના સૈન્યમાં સેનાપતિને હોદ્દે બિરાજતા હતા! ઓ'ગૉરમાન ન્યૂ ફાઉન્ડલૅન્ડનો વડો હાકેમ બની બેઠા હતા. મૉરીસ લીયેન ઑસ્ટ્રેલિયાની સરકારનો વડો ધારાશાસ્ત્રી નિમાયો હતો અને તેના પછી તેનો બંડખોર જોડીદાર માઇકલ આયર્લૅન્ડમાં હતો. મૅક ગી કૅનેડાની ધારાસભાનો પ્રમુખ ચુંટાયો હતો. મિશેલ ન્યૂયૉર્કનો જાણીતો મુસદ્દી થઇ પડ્યો હતો. તેનો જ પુત્ર પાછળથી ન્યૂયૉર્કનો મેયર નિમાયો. (પ્રજાબંધુ)

આ માસ ઈતિહાસમાં

એપ્રિલ

જૂના રોમન કૅલેન્ડરના બીજા, અને આધુનિક પશ્ચિમી વર્ષગણનાના આ ચોથા માસનું નામ લૅટિન 'ઍપેરીઅર' (=ઊઘડવું) શબ્દ ઉપરથી પડ્યું હોવાનું મનાય છે, કેમકે આ માસથી બેસતી વસંતઋતુમાં પુષ્પો અને પલ્લવો ઊઘડવા–ખીલવા માંડે છે. વસંતોત્સવના આનંદમાં આપણે ત્યાં ઊજવાતી હોળીના દિવસની જેમ પશ્ચિમમાં પણ આ માસનો પહેલો દિવસ 'એપ્રિલ–ફૂલ્સ–ડે' તરીકે ઊજવીને તે દહાડે મિત્રોને મૂર્ખ બનાવવાની ઠઠ્ઠામશ્કરીઓ યોજવામાં આવે છે.

તા. ૬ અમેરિકન સ્વાતંત્ર્યના પિતા જ્યૉર્જ વૉશિંગ્ટનની અમેરિકાના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટણી થઈ, ઇ. ૧૭૮૯.

તા. ૭ હિંદભરમાં ગુજરાતના નામને ઊજળું કરનાર પ્રતિભાવાન ગુજરાતી, સાક્ષર અને શિક્ષણકાર, વિવેચક અને ચિંતક, વિદ્વાન તત્ત્વદર્શી આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું અવસાન. ઈ. ૧૯૪૨

તા. ૧૨ 'કૅન્ટાઇસ્ટર ઍન્ડ ધ હાર્થ'ની લોકપ્રિય તથા અનેક તરુણોને પ્રેરક કથાના આલેખક, જાણીતા અંગ્રેજ નવલનવેશ ચાર્લ્સ રીડનું અવસાન, ઈ. ૧૮૮૪.

તા. ૧૬ ચંપારણ્યની સત્યાગ્રહની લડતનો મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે પ્રારંભ થયો, ઇ. ૧૯૧૭.

તા. ૨૦ અમેરિકાના ન્યૂ યૉર્ક પરગણાનું રાજ્યબંધારણ ઘડાઇને સ્વતંત્ર પરગણા તરીકે તેની સ્થાપના થઈ, ઈ. ૧૭૭૭.

તા. ૨૪ પોતાની બોધપ્રદ નવલોથી દુનિયાભરના વાચકવર્ગને એક કાળે વશ કરનાર અંગ્રેજ નવલકથાકાર મેરી કૉરેલીનું અવસાન, ઇ. ૧૯૨૪.

તા. ૨૯ 'ઑર્લીઆંની કુમારી' તરીકે ઇતિહાસમાં વિખ્યાત ફ્રેન્ચ વીરાંગના જ્યાં દ'આર્ક (જોન ઑવ આર્ક)નો, વિજેતા તરીકે ઑર્લીઆં(ઑર્લીઅન્સ)માં પ્રવેશ ઈ ૧૪૨૯.

આ માસની વ્યક્તિવિશેષ

ધોંડો કેશવ કર્વે

આર્ત ને અસહાય હિંદુ વિધવા જાતિની બાંહ્ય ગ્રહીને એની સેવા તથા શિક્ષણ અર્થે જીવન સમર્પિત કરનાર, મહારાષ્ટ્રની વિધવોન્નતિ તથા સ્ત્રી-શિક્ષણ પ્રવૃત્તિઓના પિતા, પાલક અને કુલસ્વામી, શ્રી ધોંડો કેશવ કર્વેનું જીવન મહારાષ્ટ્રના સામાજિક ઇતિહાસનું મૂંગું મહાકાવ્ય છે. એમનો જન્મ દક્ષિણ કોંકણના સમુદ્રકાંઠાના મુરુડ ગામમાં ઈ.



૧૮૫૭ના એપ્રિલની ૧૮મીએ થયો હતો.

ગરીબ માતાપિતાએ હાથ પહોંચ્યો ત્યાંસુધી દેવું કરીને, અંગ્રેજી ત્રણ ધોરણ સુધી ભણાવી તે વિદ્યા એમણે ખંત ને કુશળતાથી મેળવી અને વધુ અભ્યાસ માટે મુંબાઈ ગયા. ત્યાં જેમતેમ નિભાવ કરી ઈ. ૧૮૮૪ માં ગણિતના વિષય સાથે તે બી. એ. થયા.

ઉદરનિર્વાહ અર્થે મુંબાઇની જુદીજુદી હાઈસ્કૂલોમાં થોડો સમય એમણે કામ કર્યું, એવામાં ૧૮૯૧માં ફર્ગ્યુસન કૉલેજમાંથી તિલક મહારાજે અધ્યાપકનું પદ છોડ્યું. તેમનું એ કાર્ય સંભાળતા ગોખલેએ પોતાના સહાધ્યાયી કર્વેને એ જગ્યાએ બોલાવી લીધા. એ વખતે પૂનામાં મહાસુધારક અને ત્રિખંડપંડિત વિદ્વાન ડૉ. રામકૃષ્ણ ભાંડારકરની જુવાનીના દિવસો હતા અને તિલક મહારાજના તેજસ્વી યૌવનની ફોરમો ઊડતી. એવા સુભગ વાતાવરણમાં કર્વેની નમ્ર જુવાનીએ પ્રવેશ કર્યો.

કૉલેજ કાળમાં સમાજસેવા ને દેશસેવાનાં સેવેલાં સ્વપ્નોને આ વાતાવરણે વેગ આપ્યો, અને સુધારાની જે હૃદયભેદક હાકલો પડતી તેથી કૃતનિશ્ચય બનીને તરુણવયે વિધુર બનેલા કર્વેએ, એ સ્થિતિચુસ્ત જમાનામાં ભલભલા હિંમતવાન સુધારકો પણ ભરતાં ડરે એવું પગલું ભર્યું,–પોતાના મિત્ર નરહર બાલકૃષ્ણ જોષીની વિધવા બહેન આનંદીબાઈ સાથે પુનર્લગ્ન કર્યું. એ લગ્ને મહારાષ્ટ્રીય સામાજિક જીવનમાં ખળભળાટ મચાવ્યો, જૂના વિચારનાં પ્રેમાળ માતાપિતાનાં ધર્મપ્રિય હૃદયોને કારમો ઘા દીધો, અને સમાજની ગાળો તથા બહિષ્કારનો તેમના પર વરસાદ વરસાવ્યો. પણ આ બધા અવરોધો ને દુઃખો સામે અદ્‌ભુત સમતાથી, કઠણ હૃદયે અને અવિશ્રાંત શ્રમથી એમણે 'વિધવા વિવાહના પ્રચાર મંડળ'નું કામ આગળ ને આગળ ધપાવ્યું; અને એક દસકા બાદ, ઈ.૧૯૦૮માં તો, સતત પ્રચાર, સંગીન આચાર, નિષ્કલંક નાણાં-વ્યવસ્થા તથા સહૃદય કાર્યદક્ષતા વડે એ સંસ્થાને સફળ બનાવી સ્થિર કરી દઇને, પોતે વિધવા-શિક્ષણના નવા કાર્ય તરફ પોતાની શક્તિ વાળી.

જેણે આજે એમનો કીર્તિધ્વજ રોપ્યો છે તે સ્ત્રીશિક્ષણના એ કાર્યની શરૂઆત પણ એટલી જ કપરી હતી. ઇ. સ. ૧૮૯૯ના જાન્યુઆરીની પહેલી તારીખે કર્વે દંપતીએ પૂનાના સદાશિવપેઠમાં એક નાના મકાનમાં એક વિધવાથી 'અનાથ બાલિકાશ્રમ'નો પાયો નાખ્યો ત્યારથી માંડીને તે આજ સમસ્ત પશ્ચિમ હિંદમાં પોતાની અનેક શાખાઓ વડે ફાલી રહેલા 'મહિલા વિદ્યાપીઠ'ની નામચીન યુનિવર્સિટીના મહાવૃક્ષના રૂપમાં એમની એ પ્રવૃત્તિ પાંગરીને નવપલ્લવિત થઈ ત્યાં સુધીનો પિસ્તાળીસ વર્ષનો એ ગાળો એમના અવિશ્રાંત શ્રમ ને સેવાથી ભરપુર જીવનની મહાકથા છે. દિવસ અને રાત જોયા વિના, જાત નીચોવીને અને લોહીનું ખાતર પૂરીને, ફંડફાળા માટે ગામગામડે રખડીને અને સાથે રાતદિવસ શિક્ષણ તથા સંસ્થાસંચાલનનું કાર્ય ચાલુ રાખીને એમણે 'અનાથ બાલિકાશ્રમ'ને એવા પાયા પર મૂક્યું કે કર્વેની તપશ્ચર્યાનું એ મૂર્ત સ્વરૂપ પૂનાનું તીર્થધામ થઇ પડ્યું. ગાંધીજી, લાજપતરાય, માલવીયજી અને દેશબંધુ જેવા નેતાઓ તથા લૉર્ડ સિડનહામ અને સર સયાજીરાવ જેવા સત્તાધીશોની એણે આંખ ઠારી. હવે, એકલા વિધવાશિક્ષણ પર ન રહેતાં સમસ્ત મહિલા શિક્ષણ પર આંખ માંડી એમણે 'મહિલા વિદ્યાલય'ની સ્થાપના કરી. નારીકલ્યાણના વ્રતધારી એ સાધુમૂર્તિ કર્વેનું કામ હવે જાણીતું થયું હતું. માનવતાના કલ્યાણ અર્થે પૈસા વેરતું 'વાડિયા ચૅરિટી ટ્રસ્ટ ફંડ' એમની વહારે આવ્યું ને મહિલા વિદ્યાલયની પ્રતિષ્ઠાનો પ્રકાશ મહારાષ્ટ્રની પણ બહાર પહોંચી ગયો.

૧૯૧૫ના ડિસેમ્બરમાં મુંબાઈમાં મળેલી અખિલ હિંદ સામાજિક પરિષદમાંથી કર્વેએ હવે 'મહિલા વિદ્યાપીઠ' સ્થાપવાનો ભવ્ય સૂર સંભળાવ્યો. અને અવિશ્રાંતપણે ભટકીભટકીને વાતાવરણ કેળવ્યા બાદ, ૩જી જૂન ૧૯૧૬ના રોજ એ સ્વપ્ન પણ મૂર્ત કર્યું. ૧૯૧૭માં આફ્રિકાવાસી વિઠ્ઠલ રઘોબાએ ૪૦,૦૦૦નું ટ્રસ્ટફંડ એ સંસ્થાને અર્પણ કર્યું. ઇ. ૧૯૧૮માં સર વિઠ્ઠલદાસ ઠાકરસી જગતપ્રવાસે નીકળ્યા એ વેળા લેડી ઠાકરસી સાથે કર્વે વિદ્યાલયની એક તેજસ્વી બાઈ સહચારી તરીકે ગએલી. એ સૌને જાપાનમાં એક સ્ત્રીવિદ્યાપીઠ જોઇને પ્રેરણા થઇ ને તેને પરિણામે શેઠે કરેલા સંકલ્પનું મૂર્ત રૂપ એ આવ્યું કે ૧૯૨૦ના જૂનમાં પંદર લાખ રૂપિયાની ઉદાર સખાવતથી એ વિદ્યાપીઠના પાયા પાકા થઈ ગયા. આજે તો એ વટવૃક્ષની વડવાઇઓ દેશવ્યાપી થઈ ગઈ છે.

સુખી સંયોગોમાં સહુ ય પ્રકટે જીવનકલા
તુફાની તરવોમાં સુભગ હસશે વીરવિરલા.

—રામપ્રસાદ શુક્લ—

ઇંગ્લૅંડની રૉયલ ઍકૅડેમીના પ્રદર્શનમાં નવા કલાકાર બર્ડનું એક ચિત્ર આવ્યું. ચિત્ર સારૂ હતું, પણ બધાં ચિત્રોની જગ્યા નક્કી થઈ ગઈ હતી, અને એ ચિત્ર માટે પ્રદર્શનમાં જગ્યા ન હતી. મહાન કલાકાર ટર્નર એ પ્રદર્શનની હૅંગિંગ કમિટી (ચિત્ર પસંદ કરીને તેને ઉચિત સ્થાન આપનાર સમિતિ)માં હતો. તેણે તરત પોતાનું એક અતિ પ્રિય ચિત્ર ઉતારીને તેની જગ્યાએ બર્ડનું ચિત્ર લટકાવી દીધું.

અનેકાર્થી શબ્દ : હેડ=ગુનેગારનો પગ જકડી તેને કેદ રાખવા માટે યોજેલું કાણાવાળું ભારે લાકડું; સગર્ભા સ્ત્રીને નિયમિત થતી અમુક શારીરિક હાજત-જેમકે ઊલટીની હેડ; તોફાની ગાયભેંસના ગળામાં, બરોબર પગ વચ્ચે રહે અને અથડાયા કરીને તેને નાસવા ન દે એવું બંધાતું લાંબું લાકડું કે ડેરો; વેચવાના બળદનો કાફલો; જેલ અથવા કેદ.

કહેવતોના અર્થ: 'રળિયા ગઢવી ઘેરના ઘેર, ભરકડા ભેર.'—લાભ ધારીને કરેલા કામમાં પણ સામું નુકશાન જ આવીને ઊભું રહે અને હતા ત્યાંના ત્યાં આવી રહીએ, એ સ્થિતિ માટે નિરાશાના ઉદ્‌ગાર દર્શાવતી આ કહેવત વિષે વાત એવી છે કે રળિયા ગઢવી નામનો એક ચારણ એટલો ગરીબ બની ગયો કે જારના ભરકડા સિવાય કશો ખોરાક જ તેને મળી શકતો નહિ. રોજ ભરકડું ખાવાની આ સ્થિતિથી કંટાળી તેણે વિચાર કર્યો કે દસબાર દિવસ બહારગામ જઇ આવું તો એટલું અનાજ બચશે, ને તેના બદલામાં અમે ધણીધણીઆણી એકાદ બે દિવસ તો કંસાર જેવું ગળપણ કે શાકપાંદડું પામીશું. પણ આ યોજના અમલમાં મૂકી, તે બારેક દિવસ બહારગામ ગાળી, ભાવતા ભોજનનાં સ્વપ્ન રચતો જેવો પોતાના ગામમાં પગ મૂકે છે તેવા પાદરમાં જ દસબાર મહેમાન આવી મળ્યા, અને તેમને પોતાને ઘેર લઇ જવા પડ્યા. આમ, બાર દિવસનું બચાવેલું અનાજ એક જ દિવસમાં ખતમ થઇ ગયું ને પાછું ભરકડું ખાવાનો વારો આવ્યો! બીજે દિવસે ગામમાં નીકળતાં કોઇએ તેને પૂછ્યું, 'કેમ રળિયા ગઢવી, ક્યાં ગયા હતા?' ગઢવીએ નિરાશા અને ચીડથી જવાબ દીધો: 'ઘેરના ઘેર, ભરકડા ભેર!'

જાપાનમાં મહોલ્લાનાં નામને બદલે સંખ્યાનો ક્રમ હોય છે.

ગણિતગમ્મત: પાસેપાસેના કોઇપણ બે અંક તમારા મિત્રને ધારવાના કહો અને પછી તેનો ગુણાકાર કરાવો. ધારો કે તેણે ૭ અને ૮ લીધા અને તેનો ગુણાકાર ૫૬ થયો. હવે તેને કહો કે એ બંને અંકને ત્રણ ત્રણ વખત ગણિતીરીતે એવી તરેહથી મૂકો કે બંનેનો જવાબ ૫૬ આવે. તેને ન ફાવે તો તમે આ રીતે ગોઠવી બતાવો. ૭×૭+૭=૫૬; ૮×૮−૮=૫૬. આ રીતે પાસેપાસેના કોઇપણ બે અંક લઇને તમે એકસરખા જવાબ લાવી શકશો. એમાં કૂંચી માત્ર એટલી જ છે કે નાના અંકના બે આંકડાનો ગુણાકાર કરીને ત્રીજો ઉમેરવો, ને મોટા અંકના બે આંકડાના ગુણાકારમાંથી ત્રીજો બાદ કરવો. (શિરાઝ ઈબ્રાહીમ બીવીજી-સિદ્ધપુર)

મૅક્સ શ્લિંગ નામના ન્યૂ યૉર્કના એક ફૂલના વેપારીએ 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'માં શૉર્ટહૅન્ડ (લઘુલિપિ)ની ભાષામાં જ એક જાહેરાત છપાવી. મોટામોટા શેઠિયાઓ અને ઉદ્યોગપતિઓએ, તેમાં શું હશે એવા કુતૂહલથી તેની કાપલીઓ કાપીને પોતાના શૉર્ટહૅન્ડ ટાઇપિસ્ટ સેક્રેટરીને તેનો અનુવાદ કરી લાવવા આપી. તેમાં સેક્રેટરી રમણીઓને ઉદ્દેશીને એવું જણાવ્યું હતું કે તમારા શેઠને જ્યારેજ્યારે શેઠાણીના ઉપયોગ માટે ફૂલ જોઇએ ત્યારે અમારી દુકાનની ભલામણ કરજો! પોતાની જાહેરખબર વિષે કુતૂહલ પ્રેરીને તેનો વધુમાં વધુ પ્રચાર કરવાની એક નવતર યુક્તિ!

લાપલૅન્ડનિવાસીઓ જ્યારે એકબીજાને મળે છે ત્યારે 'તમારા પગ કેમ છે?' એ રીતે તબિયતનો સવાલ પૂછે છે.



ઈ.સ. પૂર્વે ૯૫૫માં ચીનમાં લી-મિંગ નામનો એક સુબો થઈ ગયો તેની બંને આંખમાં બબ્બે ડોળા હતા!




સોનામહોરોનો આવડો મોટો ઢગલો હોય ત્યારે તેના બદલામાં બાજુએ બતાવ્યું છે તેટલું જ રેડિયમ મળે! (વિશેષ માહિતી માટે જુઓ, આ અંકમાંનું ચરિત્ર).

ચીની સ્ત્રીઓ એટલી વિનયશીલ હોય છે કે પોતાને ક્યાં દર્દ થાય છે એ, સાથે લાવેલી ઢીંગલીના તે અંગ દ્વારા દાક્તરને બતાવે છે!

બંને છેડેથી ગાંઠા વડે બંધ હોય એવી પહોળા વાંસની એક કાતળી સરસરીતે કાપીને તેની ઉપર એક રૂપિયો જઈ શકે તેટલો લાંબો કાપ પાડવાથી તે પૈસા સંઘરવાની પેટી (મની-બૉક્સ)નું કામ આપશે.

અલાબામા સ્ટેટ (યુ. સ્ટે.)ના તંદુરસ્તીખાતાએ કરેલા સંશોધન મુજબ, બાળકની જિંદગીનો સૌથી સલામત ગાળો ૫ થી ૯ની વયનો હોય છે.



રેલવે લાઇનની બાજુએ ઘણી વાર આ રીતના આંકડા લખેલા પથ્થરો ખોડેલા નજરે પડે છે, જેમાં દર ૧ માઇલને અંતરે એક એક પથ્થર અનુક્રમે ¼, ½, ¾ અને પછી સંપૂર્ણ આંક, એમ દર્શાવતો હોય છે. તમે ધારો તો એ પથ્થરોની મદદ વડે ટ્રેનમાં બેઠાં બેઠાં તેની સ્પીડ (વેગ) માપી શકો. એ બે પથ્થરોની વચ્ચે જેટલી સેકંડ વીતે તે વડે ૯૦૦ને ભાગી નાખો અને જે જવાબ આવે તે તમારી ગાડીનો વેગ. દાખલા તરીકે તમારી ગણત્રીમાં બે પથ્થર વચ્ચે ૨૫ સેકંડ થઈ, તો ૯૦૦÷૨૫=૩૬ માઇલ તમારી ટ્રેનનો વેગ. કેટલેક સ્થળે દર ૧ માઈલને બદલે દર ફર્લાંગે એક પથ્થર મૂકેલો હોય છે. ત્યાં ૯૦૦ને બદલે ૪૫૦ને તમારી સેકંડો વડે ભાગવા.

ઈંગ્લૅંડના પોએટ લૉરીએટ (રાજકવિ)નું પદ ત્રણ કવિઓએ નકારેલું: ગ્રે, સર વૉલ્ટર સ્કૉટ ને વર્ડ્ઝવર્થ. એમાંથી વર્ડ્ઝવર્થે પાછળથી એનો સ્વીકાર કરેલો. બધા જ રાજકવિઓને સુખદ જીવન પ્રાપ્ત નહોતું થયું. એમાંથી ૩ પદભ્રષ્ટ થએલા, ૨ જેલમાં પડેલા અને ૧ રાજકવિ તો દેવાને કારણે જેલમાં પડેલો તે ત્યાં જ મરી ગએલો!